# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08
કોરિયન એક્ટ્રેસનું ભેદી મોત, ઘરમાંથી 24 વર્ષની કિમનો...





પેજ-09
કાર્તિકે કહ્યું- ધોની T20 રનમાં આગળ જતો રહેશે


| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 32.00 | 21.00 |
| વડોદરા | 32.00 | 19.00 |
| સુરત | 34.00 | 21.00 |




પેજ 5 ભારતમાં બમ્પર ભરતી સાથે વિસ્તરણ કરશે ટેસ્લા



19 FEBRUARY-2025 WEDNESDAY





જર્મનીમાં સરકાર બનાવવાની રેસમાં AFD પાર્ટી સૌથી આગળ પેજ 10


| શેરબજાર | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 75967.39 | ▼ | 29.47 |
| નિફ્ટી | 22945.30 | ▼ | 14.20 |
| સોનું | 85,930.00 | ▲ | 875.00 |
| ચાંદી | 96,383.00 | ▲ | 803.00 |


વર્ષ-14 I અંક-092 I વિક્રમ સંવત-2081 I મહા વદ-07 I પાના-12 I કિંમત 3/- I અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# રાષ્ટ્રપતિ ભવનમાં કતારના અમીરનું સ્વાગત

## નવી દિલ્હીખાતે ભારત અને કતાર વચ્ચે 2 સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કરાયા

### PM મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત શરૂ



### કતાર સાથે ભારતનો વેપાર ખાધ $10.64 બિલિયન

ઓબ્ઝર્વેટરી ઓફ ઈકોનોમિક કોમ્પ્લેક્સિટી (OEC) અનુસાર, 2023-24માં ભારત અને કતાર વચ્ચેનો વેપાર $14.04 બિલિયન હતો. જોકે, કતાર અને ભારત વચ્ચેના વેપારમાં ભારતનો વેપાર ખાધ ખૂબ જ મોટી છે. કતાર ભારત પાસેથી 1.70 અબજ ડોલરનો માલ ખરીદે છે. તે જ સમયે, ભારત કતાર પાસેથી $12.34 ની કિંમતનો માલ ખરીદે છે. આવી સ્થિતિમાં, ભારતનો કતાર સાથે $10.64 બિલિયનનો વેપાર ખાધ છે. ભારત કતાર પાસેથી સૌથી વધુ પેટ્રોલિયમ ગેસ (9.71 અબજ ડોલર) ખરીદે છે, જ્યારે કતાર ભારત પાસેથી સૌથી વધુ ચોખા (1.33 હજાર કરોડ રૂપિયા) ખરીદે છે.

### કતાર ભારત માટે કેમ ખાસ છે?

નિષ્ણાતોના મતે, ટ્રમ્પ ફરીથી અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા પછી યુરોપથી મધ્ય પૂર્વ સુધી અનિશ્ચિતતાનું વાતાવરણ છે. ટ્રમ્પ ક્યારે અને શું નિર્ણય લેશે તે કોઈને ખબર નથી. ટ્રમ્પ પોતાના પાછલા કાર્યકાળ દરમિયાન ઈરાન પ્રત્યે ખૂબ જ કડક હતા. આ વખતે પણ તેઓ ઈરાન પર નવા પ્રતિબંધો લાદી શકે છે. આવી સ્થિતિમાં ભારત તેની ઊર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે કતારને એક સુરક્ષિત વિકલ્પ તરીકે જોઈ રહ્યું છે. કતાર ભારતનો સૌથી મોટો LNG સપ્લાયર છે. ભારતની LNG જરૂરિયાતનો 50% ભાગ કતારથી આવે છે. આ ઉપરાંત કતાર ભારતની LPG જરૂરિયાતના 30% પૂરા પાડે છે.

(એજન્સી) નવી દિલ્હી I તા. 18

મંગળવારે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પીએમ મોદીએ કતારના અમીર તમિમ બિન હમદ અલ-થાનીનું સ્વાગત કર્યું. આ દરમિયાન તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. કતાર અમીરે સરકારના વરિષ્ઠ અધિકારીઓ સાથે પણ મુલાકાત કરી. અમીર અલ-થાની અને પીએમ મોદી વચ્ચે દ્વિપક્ષીય વાતચીત શરૂ થઈ ગઈ છે. આ પછી તેઓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે પણ મુલાકાત કરશે. રાષ્ટ્રપતિ ભવનમાં કતારના અમીરના માનમાં સ્ટેટ ડિનરનું પણ આયોજન કરવામાં આવશે. અમીર અલ-થાની ગઈકાલે રાત્રે એટલે કે 17 ફેબ્રુઆરીના રોજ ભારત પહોંચ્યા. પીએમ મોદી પોતે પ્રોટોકોલ તોડીને દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર તેમનું સ્વાગત કરવા પહોંચ્યા. આ દરમિયાન વિદેશ મંત્રી એસ જયશંકર પણ હાજર હતા. કતારના અમીર 17 ફેબ્રુઆરીના રોજ ભારતની બે દિવસીય મુલાકાતે આવ્યા હતા. ભારત અને કતાર વચ્ચે 2 MOU પર હસ્તાક્ષર થયા તેમની મુલાકાતનો હેતુ દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાનો છે. વર્ષ 2024ના અંતમાં, વિદેશ મંત્રી એસ જયશંકર કતાર પહોંચ્યા હતા. અહીં તેઓ કતારના વડાપ્રધાન અને વિદેશ પ્રધાન મોહમ્મદ બિન અબ્દુલ રહેમાન અલ થાનીને મળ્યા હતા. એક વર્ષમાં આ તેમની કતારની ચોથી મુલાકાત હતી. સોમવારે દિલ્હીમાં ભારત અને કતાર વચ્ચે 2 સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

## સુપ્રીમ કોર્ટની કેન્દ્ર સરકારને ટકોર

# યુટ્યુબ પર અશ્લીલ વીડિયોઝ મુદ્દે એક્શન લે કેન્દ્ર સરકાર



(એજન્સી) નવી દિલ્હી I તા. 18

યુટ્યુબ શોમાં રણવીર અલ્હાબાદિયા દ્વારા કરવામાં આવેલી અભદ્ર ટિપ્પણી પર આજે(18 ફેબ્રુઆરી, 2025) સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. યુટ્યુબ પ્લેટફોર્મ પર ફેલાતી અશ્લીલતાને ધ્યાનમાં લેતાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને આ મામલે કડક વલણ અપનાવવા નિર્દેશ કર્યો છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્રને પૂછ્યું હતું કે, 'શું તે યુટ્યુબ પર ફેલાયેલા અશ્લીલ કન્ટેન્ટ અંગે કોઈ પગલું લેવા માગે છે?'

### સરકારે કંઈક કરવું જોઈએ: સુપ્રીમ કોર્ટ

જસ્ટિસ સૂર્યકાંતના નેતૃત્વવાળી બેન્ચે ડિજિટલ પ્લેટફોર્મના દુરુપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી. જસ્ટિસ સૂર્યકાંતે એડિશનલ સોલિસિટર જનરલ (ASG) ઐશ્વર્યા ભાટીને કહ્યું હતું, 'અમે ઈચ્છીએ છીએ કે તમે (સરકાર) કંઈક કરો. જો સરકાર કંઈક કરવા તૈયાર હશે તો અમને આનંદ થશે. નહિંતર, આ કહેવાતી YouTube ચેનલ અને યુટ્યૂબર્સ તેનો દુરુપયોગ કરતાં જ રહેશે.'

### અવગણના ન કરવી જોઈએ: સુપ્રીમ કોર્ટ

કોર્ટે એટર્ની જનરલ આર. વેંકટરમણી અને સોલિસિટર જનરલ તુષાર મહેતા પાસેથી પણ મદદ માગી છે કે, આપણે આ મુદ્દાના મહત્વ અને સંવેદનશીલતાને નજરઅંદાજ કરવો જોઈએ નહીં. કેન્દ્ર સરકારે આ મુદ્દાને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લઈ કાયદો ઘડવો જોઈએ. પાર્લામેન્ટરી સ્ટેન્ડિંગ કમિટી ઓન ઈન્ફોર્મેશન ટેક્નોલોજી કાયદાને મજબૂત કરવા માટે કેન્દ્રને પત્ર લખવાનું વિચારી રહી છે. જેથી સરકાર સુનિશ્ચિત કરી શકે કે, રણવીર અલ્હાબાદિયા જેવી અભદ્ર ટીપ્પણીઓ અન્ય કોઈ યુટ્યૂબર કરી શકે નહીં.

# જ્ઞાનેશ કુમાર બન્યા નવા મુખ્ય ચૂંટણી કમિશનર

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં લેવાયો નિર્ણય

(એજન્સી) નવી દિલ્હી I તા. 18



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી બેઠકમાં આગામી મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે જ્ઞાનેશ કુમારના નામને મંજૂરી આપવામાં આવી છે. તેમનો કાર્યકાળ 26 જાન્યુઆરી, 2029 સુધી રહેશે. તેઓ વર્તમાન સીઈસીની નિવૃત્તિ પછી ચાર્જ સંભાળશે. રાજીવ કુમાર 18 ફેબ્રુઆરીએ નિવૃત્ત થઈ રહ્યા છે. તે જ સમયે, વિવેક જોશીને ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ હરિયાણાના મુખ્ય સચિવ અને 1989 બેચના IAS અધિકારી છે. પીએમ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી હાજર રહ્યા હતા. આ પેનલની ભલામણ પર નવા સીઈસીની નિમણૂક કરવામાં આવી હતી.

### CECની નિમણૂક સામે રાહુલ ગાંધીએ કઈ બાબતે વાંધો ઊઠાવ્યો? વિપક્ષ નારાજ

દેશના આગામી મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર હશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતાવાળી પસંદગી સમિતિની બેઠકમાં સોમવારે તેમના નામ પર મોહર લાગી, જે બાદ રાષ્ટ્રપતિથી મંજૂરી મળ્યા બાદ કાયદા મંત્રાલયે તેમના નામની જાહેરાત કરી દીધી પરંતુ જ્ઞાનેશ કુમારને આગામી મુખ્ય ચૂંટણી કમિશ્નર બનાવવાની પ્રક્રિયાને લઈને કોંગ્રેસે સવાલ ઉઠાવ્યા છે. દરમિયાન એ જાણવું જરૂરી છે કે આખરે કોંગ્રેસ ચૂંટણી કમિશ્નરની નિમણૂક પર સવાલ કેમ ઉઠાવી રહી છે, કોંગ્રેસને પ્રક્રિયાથી શું વાંધો છે?...

### કોંગ્રેસે બંધારણને જોખમ ગણાવ્યું

કોંગ્રેસે પોતાના નિવેદનમાં કહ્યું- અમને એ વાતની આશા હતી કે પીએમ મોદીની અધ્યક્ષતા વાળી પસંદગી પેનલ વિપક્ષના નેતાની માગ/વાંધાને અવગણીને આગળ વધશે. કોંગ્રેસના રાજ્યસભા સાંસદ અભિષેક સિંઘવીએ કહ્યું, 'ભારતના ચીફ જસ્ટિસને હટાવીને કે બહાર રાખવાનો પ્રયત્ન કરીને, સરકારે એ સ્પષ્ટ કરી દીધું છે કે તે બંધારણીય સંસ્થાઓ પર પોતાનું નિયંત્રણ ઈચ્છે છે અને વિશ્વસનીયતા રહેવા દેવા ઈચ્છતાં નથી.' કેસી વેણુગોપાલે કહ્યું કે 'આ બંધારણની ભાવના વિરુદ્ધ છે.'

## ઓડિશાની કોલેજમાં નેપાળની વિદ્યાર્થિનીનો મૃતદેહ મળ્યો

કાઠમંડુ : ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં એક નેપાળી વિદ્યાર્થીનો મૃતદેહ મળી આવ્યો છે. તે કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડસ્ટ્રિયલ ટેકનોલોજી (KIIT) માં બી.ટેકના ત્રીજા વર્ષની વિદ્યાર્થિની હતી. પોલીસના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થી પ્રકૃતિ લમસાલે કથિત રીતે આત્મહત્યા કરી હતી. રવિવારે સાંજે હોસ્ટેલમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટના અંગે નેપાળી વિદ્યાર્થીઓએ કેમ્પસમાં યુનિવર્સિટી પ્રશાસન સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓનો આરોપ છે કે પ્રકૃતિના બેચનો એક ભારતીય વિદ્યાર્થી તેને હેરાન કરી રહ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે તે તેનો બોયફ્રેન્ડ હતો.

# મહાકુંભ હવે મૃત્યુ કુંભમાં ફેરવાયો

## મમતાએ ભાગદોડની ઘટનાઓ પર ચિંતા વ્યક્ત કરી, VIPને ખાસ સુવિધાઓ અને ગરીબોને માત્ર સમસ્યાઓ

(એજન્સી) કોલકાતા I તા. 18

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભ પર પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું, 'આ મહાકુંભ 'મૃત્યુકુંભ'માં ફેરવાઈ ગયો છે.' હું મહાકુંભ અને પવિત્ર ગંગા માતાનો આદર કરું છું. તેમણે કહ્યું હતું કે મહાકુંભ માટે કોઈ આયોજન કરવામાં આવ્યું નથી. ભાગદોડમાં ઘણા લોકો માર્યા ગયા હતા, પરંતુ તેમના વિશે કંઈ જાણી શકાયું નથી. ઘણા લોકો નથી મળતા. તેમણે કહ્યું હતું કે મહાકુંભમાં ધનિકો અને VIP લોકો માટે 1 લાખ રૂપિયા સુધીના તંબુ ઉપલબ્ધ છે. ગરીબો માટે કોઈ આયોજન નથી. મેળામાં નાસભાગની સ્થિતિ સામાન્ય બની ગઈ છે, પરંતુ એની વ્યવસ્થા કરવી જરૂરી છે. તમે (યુપી સરકારે) શું યોજના બનાવી છે? પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભને લઈને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ પર નિશાન સાધ્યું છે.



તાજેતરની નાસભાગની ઘટનાઓનો હવાલો આપતાં મમતાએ મહાકુંભને 'મૃત્યુ કુંભ' ગણાવ્યો. તેમણે કહ્યું કે વીઆઈપીને ખાસ સુવિધાઓ આપવામાં આવી રહી છે પરંતુ ગરીબોને તેનાથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. મમતા બેનર્જીએ કહ્યું, 'મહાકુંભ હવે મૃત્યુ કુંભમાં બદલાઈ ચૂક્યો છે.

### 'પોસ્ટમોર્ટમ કર્યા વિના જ મૃતદેહોને બંગાળ મોકલી દેવાયા'

મમતા બેનર્જીએ કહ્યું, 'તમારે આ પ્રકારના મોટા આયોજનનું પ્લાનિંગ કરવું જોઈતું હતું. નાસભાગની ઘટના બાદ કેટલા પંચ કુંભ મોકલવામાં આવ્યા. પોસ્ટમોર્ટમ કર્યા વિના જ મૃતદેહોને બંગાળ મોકલી દેવાયા. તે કહેશે કે લોકોના મૃત્યુ હાર્ટ એટેક આવવાથી થયા અને તેમને વળતર આપવામાં આવશે નહીં.'

### 'તમે દેશને વહેંચવા માટે ધર્મ વેચો છો'

તેમણે વધુમાં કહ્યું કે, 'તમે દેશને વહેંચવા માટે ધર્મ વેચો છો. અમે અહીં પોસ્ટમોર્ટમ કર્યાં કેમ કે તમે ડેથ સર્ટિફિકેટ કર્યાં વિના મૃતદેહો મોકલી દીધા. આ લોકોને વળતર કેવી રીતે મળે.' આ અગાઉ સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને ધારાસભ્ય શિવપાલ સિંહ યાદવે મહાકુંભને લઈને યુપી સરકાર પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું હતું કે, 'શાસ્ત્રોમાં ક્યાંય પણ 144 વર્ષ બાદ કુંભ આવવાનો ઉલ્લેખ નથી, જો છે તો આ લોકો જણાવે.'

## યોગી આદિત્યનાથ UP વિધાનસભામાં ભડક્યા

# બાળકોને ઉર્દૂ ભણાવીને શું મૌલવી બનાવવા છે?

(એજન્સી) લખનઉ I તા. 18

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં બજેટ સત્રના પ્રથમ દિવસે જ હોબાળો થયો હતો. જેમાં સમાજવાદી પાર્ટીના વિરોધનો મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સણસણતો જવાબ આપ્યો હતો. તેમણે સપા બેવડું વલણ ધરાવે છે. તે પોતાના બાળકોને અંગ્રેજી ભાષાની શાળાઓમાં ભણાવે છે, પરંતુ જ્યારે અન્ય બાળકોને આ સુવિધા મળી રહી હોય તો તેનો વિરોધ કરી તેમને ઉર્દૂ ભણાવવા પર જોર કરે છે અને મૌલવી બનાવે છે. યુપી વિધાનસભા બજેટ સેશનમાં સ્પીકર સતિશ મ્હાના માહિતી આપી રહ્યા હતા કે, વિધાનસભાની કાર્યવાહીને વિવિધ ભાષાઓમાં પ્રસારિત કરવામાં આવશે. જેમાં ભોજપુરી, બુંદેલખડી, અવધી સહિતની પ્રાદેશિક ભાષા ઉપરાંત અંગ્રેજી ભાષા સમાવિષ્ટ થશે. આ જાહેરાતનો સપાએ વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે, 'અન્ય પ્રાદેશિક ભાષા તો ઠીક છે, પરંતુ અંગ્રેજી ભાષાનો સમાવેશ કેમ કર્યો, ઉર્દૂનો કેમ નહીં, ઉર્દૂ ભાષામાં પણ વિધાનસભાની કાર્યવાહી સમજાવો.'



### આ લોકોની આ જ સમસ્યા છે: યોગી આદિત્યનાથ

CM યોગી આદિત્યનાથે સપાના વિરોધનો જવાબ આપ્યો હતો કે, 'આ લોકોની આ જ સમસ્યા છે, તમે રાજ્યના હિત માટે થતાં સારા કામોની પણ ટીકા જ કરશો. વિપક્ષનું આ પ્રકારનું વલણ નિંદાને પાત્ર છે. આ લોકો પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમની શાળામાં ભણાવશે, પરંતુ જો સરકાર આ જ સુવિધા અન્ય બાળકોને આપવા માગતી હોય તો તેમને ઉર્દૂ ભણવા મજબૂર કરશે અને તેઓ તેમને મૌલવી બનાવવા માગે છે.'

### ધારાસભ્ય પણ હેડફોનની મદદથી ભાષાંતર સાંભળી શકશે

મીડિયા રિપોર્ટ અનુસાર, વિધાનસભામાં ચાલતી કામગીરી તેમજ સ્પીકરની સ્પીચ અંગ્રેજી ઉપરાંત અન્ય કોઈ ભાષામાં હોય તો કોઈપણ ધારાસભ્ય પોતાના હેડફોનની મદદથી પ્રાદેશિક ભાષામાં ભાષાંતર સાંભળી શકશે. તદુપરાંત જો કોઈ સભ્ય ગૃહમાં બોલવા અથવા વિરોધ પ્રાદેશિક ભાષામાં કરવા માગતા હોય તો તેઓ પણ હેડફોનની મદદથી કરી શકશે. હેડફોનમાં પ્રાદેશિક ભાષાને હિન્દી તેમજ અન્ય પ્રાદેશિક ભાષામાં અનુભાવ કરવાની સુવિધા હશે.

# પંજાબના ગુરદાસપુરના ડેરા બાબા નાનકમાં વિસ્ફોટ

## આતંકવાદી હેપ્પી પાસિયાંએ જવાબદારી લીધી

### પહેલીવાર પોલીસકર્મીના ઘર પાસે બની ઘટના

(એજન્સી) ગુરદાસપુર I તા. 18

પંજાબના ગુરદાસપુરમાં ડેરા બાબા નાનકમાં વિસ્ફોટ થયો છે. આ વિસ્ફોટ એક પોલીસકર્મીના ઘરની નજીક કરવામાં આવ્યો હતો. રાયમલ ગામમાં થયેલા વિસ્ફોટની પુષ્ટિ કરતા, બટાલાના એસએસપી સુહેલ કાસિમ મીરે જણાવ્યું હતું કે તે ઓછી તીવ્રતાનો વિસ્ફોટ હતો. પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે.

આ વિસ્ફોટની જવાબદારી આતંકવાદી હેપ્પી પાસિયાંએ લીધી છે. જેમાં તેને શેરા માનનો ટેકો છે. ખાલિસ્તાની આતંકવાદી પાસિયાં હજુ પણ પંજાબમાં પોલીસ ચોકીઓ અને સ્ટેશનોને નિશાન બનાવી રહ્યો હતો. હવે પહેલીવાર કોઈ પોલીસકર્મીના ઘર પાસે વિસ્ફોટ થયો છે. આ પહેલા પંજાબમાં 11 વિસ્ફોટ થઈ ચૂક્યા છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે રાયમલ ગામમાં પોલીસકર્મી જતિન્દરના ઘરે વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. બટાલાના એસએસપી સુહેલ કાસિમ મીરે માહિતી આપી કે તે ઓછી તીવ્રતાનો વિસ્ફોટ હતો. તેને ગ્રેનેડ હુમલો કહેવું વહેલું ગણાશે. વિસ્ફોટની તપાસ ચાલી રહી છે.

## સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડએ NGTને સોંપ્યો રિપોર્ટ

# મહાકુંભમાં સ્નાન કરવા લાયક નથી સંગમનું પાણી

(એજન્સી) પ્રયાગરાજ I તા. 18

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં દરરોજ કરોડોની ભીડ પહોંચી રહી છે અને સંગમમાં સ્નાન કરી રહી છે. એવામાં સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB) દ્વારા તૈયાર કરવામાં આવેલા એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે સંગમનું પાણી સ્નાન માટે યોગ્ય નથી. તેમજ તેનું આચમન પણ લઈ શકાય એવું નથી. આ રિપોર્ટ નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ(NGT)ને સોંપવામાં આવ્યો છે. આ મામલે NGT દ્વારા કોર્ટમાં ઘણાં સમય પહેલા અરજી દાખલ કરવામાં આવી હતી. મહાકુંભ શરુ થાય તે પહેલાં જ સુનાવણી શરુ થઈ ગઈ હતી, એટલે જ હવે તમામ અહેવાલો છતાં કોઈ કાર્યવાહી ન થતાં રોષ જોવા મળી રહ્યો છે. હવે કોર્ટે UPPCB અને સભ્ય સચિવને આગામી સુનાવણીમાં હાજર રહેવા જણાવ્યું છે. સંગમના પાણીને લઈને ભૂતકાળમાં પણ વિવાદ થયો છે, વિપક્ષે પણ તેની ગુણવત્તા પર સવાલો ઉઠાવ્યા છે.



▪ **જાણો શા માટે સંગમનું પાણી સ્નાન કરવા યોગ્ય નથી...** CPCB રિપોર્ટ જણાવે છે કે ઘણી જગ્યાએ તપાસ કર્યા બાદ સામે આવ્યું છે કે પાણીમાં ફેકલ કોલિફોર્મ બેક્ટેરિયાનું ખૂબ જ ઊંચું પ્રમાણ જોવા મળ્યું છે. જેના કારણે નદીમાં પ્રદુષણ પણ વધ્યું છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે આ સમયગાળામાં કરોડો લોકો સ્નાન કરી રહ્યા હોવાના કારણે સંગમના પાણીમાં ફેકલ કોલિફોર્મની માત્રા ખૂબ જ વધી ગઈ છે. જેના કારણે હવે સંગમના પાણીની ગુણવત્તા સ્નાન માટેના પ્રાથમિક પાણીની ગુણવત્તાને અનુરૂપ નથી.

▪ **2019ના કુંભમાં પણ પાણીની ગુણવત્તા નબળી હતી...** આ પહેલીવાર નથી જ્યારે આવા મુદ્દા ઉઠાવવામાં આવ્યા હોય. વર્ષ 2019માં પ્રયાગરાજ કુંભ પર CPCBના અહેવાલમાં સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું હતું કે સ્નાનના મુખ્ય દિવસોમાં પણ પાણીની ગુણવત્તા નબળી હતી. 2019ના કુંભ મેળામાં 130.2 મિલિયન લોકોએ ભાગ લીધો હતો.

# અયોધ્યા રામમંદિર ઉપર ઉડી રહેલા ડ્રોનને તોડી પાડ્યું : ભીડ ઉપર ઉડતું હતું

## પોલીસને શંકા... નાસભાગ મચાવવાનું કાવતરું હોઈ શકે

(એજન્સી) અયોધ્યા I તા. 18

અયોધ્યાના રામમંદિર પરિસરમાં ભીડ વચ્ચે ઉડતું ડ્રોન તોડી પાડવામાં આવ્યું છે. સોમવારે સાંજે ડ્રોન ગેટ નંબર 3 પર ઉડતું પહોંચ્યું હતું. તે સમયે રામલલાના દર્શન માટે ભારે ભીડ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર એન્ટી-ડ્રોન સિસ્ટમે ડ્રોનને તોડી પાડ્યું. આ પછી સુરક્ષા કર્મચારીઓ સતર્ક થઈ ગયા. બોમ્બ સ્ક્વોડ ટીમને બોલાવવામાં આવી. ડ્રોનનું નિરીક્ષણ કરવામાં આવ્યું. ડ્રોન કેમેરા ઉડાડનાર વ્યક્તિની શોધ ચાલી રહી છે. અયોધ્યા પોલીસને શંકા છે કે આ ભાગદોડ મચાવવાનું કાવતરું હોઈ શકે છે. કારણ કે, રામમંદિર વિસ્તારમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ છે. મંદિર ઉપરથી વિમાનો પણ ઉડવાની મંજૂરી નથી.



▪ **પોલીસે પોતે FIR દાખલ કરી, કહ્યું- ભાગદોડ મચાવવાનું કાવતરું હોઈ શકે**

અયોધ્યામાં કટરા ચોકીના ઈન્ચાર્જ સુનિલ કુમારે આ મામલે રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી છે. આમાં તેમણે કહ્યું- 17 ફેબ્રુઆરીએ સાંજે 7 વાગ્યે રામમંદિર પરિસરમાં ડ્યુટી પોઈન્ટ, બેચિંગ પ્લાન્ટ પાસે કોઈ અજાણ્યા વ્યક્તિએ ડ્રોન કેમેરાને પ્રતિબંધિત વિસ્તારમાં ઉડાવીને જાણી જોઈને નીચે પાડી દીધું હતું.

# સુબિરના ખાંજુર્ના ગામે ગટરલાઈનના કામમાં હલકી કક્ષાના મટીરીયલનો ઉપયોગ , .?



સુશીલ પવાર । ડાંગ

સુબીર તાલુકાના ખાંજુર્ના ગામ ખાતે લાખો ના ખર્ચે ગટરલાઈનનું કામ કરવામાં આવી રહ્યું છે. પરંતુ આ વિકાસના કામમાં હલકી કક્ષાના મટીરીયલ નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે ત્યારે સરકારી નાણા નો દુરુપયોગ કરવામાં આવી રહ્યો હોય કે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. સુત્ર પાસેથી મળતી માહિતી અનુસાર,ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના ખાંજુર્ના ગામના મુખ્ય રસ્તે લાખો રૂપિયાના ખર્ચે ગટરલાઈનનું બાંધકામ થઈ રહ્યું છે. જોકે આ કામગીરીમાં હલકી કક્ષાના મટીરીયલનો ઉપયોગો કરવામાં આવી રહ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. તેમજ હલકી કક્ષાના મટીરીયલના ઉપયોગ કરવાથી તદ્દન તકલાદી કામ કરવામાં આવી રહ્યુ છે. જેના કારણે આ ગટરલાઈનનુ આયુષ્ય કેટલું રહેશે તે પ્રશ્ન સાથે લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે. અહીં હલકી કક્ષાના મટીરીયલ નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે ત્યારે પ્રશ્ન એ થાય છે કે અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવે છે કે નહીં ? કે પછી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર ની મિલીભગતમાં જ આ ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે ? હલકી કક્ષાના મટીરીયલ નો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે ત્યારે આ બાંધકામનું આયુષ્ય કેટલું ? લાંબા ગાળે આ ગટરલાઈનનું બાંધકામ લોક ઉપયોગી નીવડશે ખરું ? આવા અનેક સવાલ સાથે પંથકમાં ચર્ચાએ જોર પકડ્યું છે. ત્યારે જવાબદાર અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરીને કામની તપાસ સોંપવામાં આવે , અને બિલો અટકાવવામાં આવે વધુ માં યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે કે પછી ભીનુ સંકેલવા માટે પ્રયત્ન કરવામાં આવશે તે તો આવનાર સમયમાં જોવું જ રહ્યું. કારણ કામ તાલુકા ના પ્રમુખ કરી રહ્યા છે .

# ચાણસ્મા નગર પાલિકામાં ભગવો લહેરાયો : 15 સીટો પર સીટો ભાજપે કબ્જે કરી



નીતિન ઠાકર : ચાણસ્મા

ચાણસ્મા નગર પાલિકા ની ચૂંટણી બાદ મંગળવારે રૂપપુર આઈ ટી આઈ કોલેજ ખાતે મતગણતરી હાથ ધરાઈ હતી જેમાં છ વોર્ડ નાં 24 સભ્યો માટે 6ટેબલો પર મત ગણતરી હાથ ધરાઈ હતી જેમાં ભાજપ નાં 15 ઉમેદવારો વિજયી થયા હતાં જયારે કોંગ્રેસ નાં 5ઉમેદવારો તેમજ અપક્ષ નાં 4 ઉમેદવારો વિજયી થતા ઉમેદવારો નાં ટેકેદારો એ ગુલાલ ની છોળો ઉડાડી વિજ્યોત્સવ મનાવ્યો હતો ભાજપ નાં પૂર્વ શહેર ઉપ પ્રમુખ ને ભાજપે ટિકિટ નાં આપી તો અપક્ષ માં ઉમેદવારી કરી ભવ્ય વિજય મેળવ્યો. વોર્ડ 5 માં ચાણસ્મા નગર નાં શહેર ઉપ પ્રમુખે ટિકિટ માંગી હતી પરંતુ ભાજપ દ્વારા ટિકિટ નહીં મળતા પશાભાઈ પટેલે અપક્ષ માં ઉમેદવારી કરતા જલવંત વિજય પ્રાપ્ત કર્યો હતો.

# સુબીર તાલુકામાં મનરેગામાં કૌભાંડ ચરમ સીમાએ : 19 પંચાયતોમાં કામો ચાલુ છે પણ મજુર નથી, આને કહેવાય ડિજિટલ મનરેગા



સુશીલ પવાર । ડાંગ

સુધીર તાલુકામાં હાલ 19 ગ્રામ પંચાયતોમાં મનરેગા હેઠળ કામો ચાલુ છે પરંતુ ગ્રાઉન્ડ રિપોર્ટીંગ દરમિયાન એક પણ પંચાયતના એ કોઈ પણ કામ પર મજુર હાજર હતા નહિ શું આ ડિજિટલ મનરેગા છે? દેશના વડાપ્રધાન આપણા દેશને ડિજિટલ તરફ લઈ જઈએ રહ્યા છે તેનું ઉત્તમ ઉદાહરણ સુબીર તાલુકાના તમામ ગ્રામ પંચાયતોમાં જોવા મળશે ગ્રામ પંચાયતો પર ઓન લાઈન ઓન રેકોર્ડ 19 ગ્રામ પંચાયતમાં કામ ચાલુ છે પણ સ્થળ પર એક પણ મજૂર કામ પર નથી દેખાયા જે બાબતે તાલુકા પંચાયતના મનરેગા હેઠળ આવતા એપીઓ ને પૂછતા એમને ઉડાવ જવાબ આપતા જણાવ્યું હતું કે મને કોઈ ખબર નથી મજૂરો કેમ નથી એ બાબતે ગ્રામ રોજગાર સેવકને જાણકારી લઈને જણાવીશ અને પછી તમામ પ્રશ્નો પર ચુપ્પી સાધી લીધી હતી મનરેગા હેઠળ કોઈપણ સ્ટાફ આ બાબતે કોઈ જવાબ કે સ્પષ્ટીકરણ આપવા માટે તૈયાર ન હતું તાલુકા વિકાસ અધિકારીને પૂછતા એમણે ફરી પાછું એપીઓને એમના ચેમ્બરમાં બોલાવી એમણે પૂછ્યું કે કોઈ કામ પર મજુર હાજર નથી? ત્યાં પણ મનરેગા ના એપીઓ શ્રી ઉડાવ જવાબ આપતા બોલ્યા આ બાબતે ગ્રામરોજગાર સેવકને વધારે ખબર હશે મને કોઈ જાણ નથી તો તાલુકા વિકાસ અધિકારીએ એમણે તમામ રોજગાર સેવકને નોટિસ આપવા માટે જણાવ્યું. મજેદાર વાત એ છે કે આજ સુધીમાં સુધીર તાલુકામાં મનરેગા હેઠળ તમામ ગ્રામ પંચાયતોમાં છ કરોડ 83 લાખ રૂપિયાનું પેમેન્ટ થઈ ચૂક્યું છે જે રકમ પણ શંકા ના દાયરામાં હોય એવી લોક ચર્ચા થવા લાગી છે એ પેમેન્ટ કોના ખાતામાં ગઈ? ખિસ્સા માં એમાં પણ લાભાર્થીએ ખૂબ મજેદાર નિવેદન આપ્યા છે લાભાર્થીના જણાવ્યા અનુસાર જેમના પણ ખાતામાં પૈસા જાય છે એ ખાતેદારને પૈસા ઉપાડી આપવાના 200 રૂપિયા મળતા હોય છે અને બીજા પૈસા ઉપાડી જે કામ કરાવે છે તેમને પાછા આપી દેવાનો દબાણ આવે છે ત્યારબાદ એ પૈસામાં કોના કોના ભાગ હોય છે એ બહુ મોટો પ્રશ્ન છે? લાભાર્થીના જણાવ્યા અનુસાર દરેક કર્મચારીને ટકાવારી નક્કી થયેલ છે નીચેથી લઈને ઉપર સુધીની ટકાવારી ફિક્સ થઈ ગઈ છે અને કામો માત્ર બે થી ત્રણ દિવસમાં પૂરા કરી જેમાં જમીન જેવા કામો જેસીબી કે ટ્રેક્ટર વડે પૂરા કરાવી દેવા અને બાકીના પૈસા ઉપાડીને જે કામ કરાવતો હોય.

# છેલ્લા ત્રણ વર્ષમાં "માનવ કલ્યાણ યોજના" અંતર્ગત રાજ્યના કુલ ૧.૧૬ લાખ કરતાં વધુ કારીગરોને સાધન સહાય અપાઈ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજ્યના ઉદ્યમી અને મહેનતું કારીગરો આર્થિક રીતે વધુ પગભર થઈને પોતાનું અને પરિવારનું જીવન ઉજળું બનાવી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા "માનવ કલ્યાણ યોજના" થકી તેમને ઓજારો-સાધનો આપવામાં આવે છે. જેમના કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬ લાખ સુધીની હોય તેવા વ્યક્તિઓ-કારીગરોને આ યોજના અંતર્ગત સાધન સહાય આપવામાં આવે છે, જેથી આર્થિક રીતે પછાત વર્ગોના સમૂહને સ્વરોજગારથી પુરતી આવક ઉભી થાય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ કુટિર, ખાદી, ગ્રામોદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુત તથા રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વાર આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં ૩૫,૧૫૮ લાભાર્થીઓ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૩૫,૧૨૦ તથા વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૬,૦૦૦ મળીને કુલ ૧.૧૬ લાખ કરતાં વધુ લાભાર્થીઓને ટૂલકીટ સહાયનો લાભ આપવામાં આવ્યો છે. "માનવ કલ્યાણ યોજના"માં દૂધ-દહીં વેચનાર, ભરતકામ, બ્યૂટી પાર્લર, પાપડ બનાવટ, વાહન સર્વિસીંગ-રીપેરીંગ, પ્લમ્બર, સેન્ટિંગ કામ, ઈલેક્ટ્રીક એપ્લાયન્સિસ રીપેરીંગ, અથાણા બનાવટ અને પંચર કિટ જેવા ૧૦ ટ્રેડમાં નાના પ્રકારના વેપાર-ધંધા કરવા કારીગરોને વ્યવસાય માટે જરૂરી સાધન-ઓજાર સહાય આપવામાં આવે છે. ૧૮ વર્ષથી ૬૦ વર્ષની ઉંમર ધરાવતા લાભાર્થીઓ ઈ-કુટિર પોર્ટલ ઉપર https://e-kutir.gujarat.gov.in/ પર ઓનલાઈન અરજી કરવાથી આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજનાનો લાભ લેવા માટે અનુ. જાતિ પૈકી અતિ પછાત વર્ગની ૧૨ જાતિઓ માટે તેમજ સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ પૈકી અતિ પછાત તેમજ વિચરતી અને વિમુકત જાતિઓ તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે કોઈ આવક મર્યાદા લાગુ પડશે નહી. આજના ડિજિટલ યુગમાં લાભાર્થીઓને અરજી કરવામાં અનુકુળતા અને સરળતા રહે તે માટે ઈ-કુટીર પોર્ટલ પર "માનવ કલ્યાણ યોજના" ઓનલાઈન કરવામાં આવી છે. આ યોજના ઓનલાઈન થવાથી લાભાર્થીઓ આંગળીના ટેરવે ઘરે બેઠા બેઠા ઓનલાઈન અરજી કરીને યોજનાનો સરળતાથી લાભ લઇ શકે છે. 'માનવ કલ્યાણ યોજના' અંતગર્ત ઓનલાઈન ડ્રોમાં મંજૂર થયેલા લાભાર્થીઓના ઈ-વાઉચર જનરેટ કરવામાં આવે છે. લાભાર્થીઓ નિયુક્ત કરેલા પોતાના મનપસંદ વેન્ડર પાસેથી ઈ-વાઉચરનો ઉપયોગ કરીને મંજૂર થયેલ ટૂલકીટ ખરીદી શકે છે. રાજ્ય સરકારે નક્કી કરેલ રકમ-વાઉચર ઉપરાંત પોતાની મનપસંદ કીટ લેવા વધારાની રકમ આપીને પણ લાભાર્થીઓ આ ટૂલકીટ ખરીદી શકે છે, એમ કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# શ્રી કચ્છ અંધ અપંગ ઉત્કર્ષ મંડળ દ્વારા જિલ્લા કક્ષાની બ્લાઈન્ડ ઓપન ક્રિકેટ ટુર્નામેન્ટ તેમજ સંગીત લોકગીત સ્પર્ધા યોજાઈ ગઈ

## બે દિવસ ચાલેલા કાર્યક્રમને નિહાળવા મોટી સંખ્યામાં ગ્રમજનો સહિત આસપાસના પંથકના લોકો ઉમટ્યા



મહેશ એલ. સોની નખત્રાણા

ભુજ તાલુકાના સામત્રા ખાતે શ્રી અંધ અપંગ ઉત્કર્ષ મંડળ દ્વારા સતત ચોથા વર્ષે પણ બાઈન્ડ ઓપન ક્રિકેટ ટુર્નામેન્ટ તેમજ ગીત લોકગીત સ્પર્ધા યોજાઈ ગઈ હતી. સામત્રા ક્રિકેટ ગ્રાઉન્ડ પર મોટી સંખ્યામાં ઉપસ્થિત મહેમાનો તેમજ ગ્રામજનો ની હાજરીમાં ગામનાં સામાજિક તેમજ રાજકીય અગ્રણી શ્રી જયેશ ભાઈ ટી. સોની ના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. દિપ પ્રાગટય બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં કુલ ૧૨૦ જેટલા સિનિયર તેમજ જુનિયર સ્પર્ધકોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં સિનિયર કેટેગરી માં નવચેતન અંધ જન મંડળ તેમજ જિલ્લા ના અન્ય અંધજનો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં પ્રથમ અર્જુન મહેશ્વરી, દ્વિતીય મહેશ ચુડાસમા તેમજ ત્રીજા નંબરે હરિ સિંહ સોઢા વિજેતા રહ્યાં હતા. જુનિયર સ્પર્ધામાં પ્રથમ પ્રાચી આહિર, દ્વિતીય જીગર ગઢવી , તૃતિય વિર પ્રતાપ વિજેતા રહ્યાં હતા. નિર્ણાયકો આમદ સમા, નારણ મસાણીયા,મહમદ લુહાર રહ્યા હતા. સામાજિક અગ્રણી જયેશ ભાઈ ટી સોની તરફથી ચાંદીનાં મેડલ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનુ સંચાલન શ્રીમતી રમીલાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના બીજા દિવસે યોજાયેલ બ્લાઈન્ટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં અંજાર લાયન્સ ટીમ વીનર બની હતી જ્યારે ભુજ બ્લાસ્ટર ટીમ રનર્સ અપ અને વાગડ વોરિયર્સ ટીમ તૃતિય સ્થાને રહી હતી. મેન ઓફ ધ સિરીઝ દિલીપ ભાઈ ચૌહાણ . સામત્રાના આંગણે રમાયેલી આ ટુર્નામેન્ટમાં નિહાળવા સ્થાનિક મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહી રોમાંચની અનુભૂતિ કરી હતી. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓમાં જયેશ ભાઈ ટી.સોની (સામત્રા) ફાધર જ્યોર્જીયા કચ્છ વિકાસ ટ્રસ્ટ , પૃથ્વીરાજ સિંહ ( માનવ જ્યોત - ભુજ), રાજેશ ગઢવી ( કચ્છી સાહિત્યકાર), કિર્તનભાઈ ગોર (ભુજ), ઘનશ્યામ ભાઈ ઠક્કર ( ભુજ) ઉપસ્થિત રહ્યા હતા. ભુજની માનવ જ્યોત દ્વારા બે વિકલાંગ ભાઈઓને વ્હીલચેર મહાનુભાવો હસ્તે અર્પણ કરવામાં આવી હતી.

ભોજન ચા પાણી દાતા રમેશ કેસરા ભૂડીયા (ફોટડી), ડૉ. પ્રદિપ સેંઘાણી (ગઢશીશા) , કિર્તનભાઈ ગોર (ભુજ) ક્રિકેટ ટુર્નામેન્ટ ટ્રોફી, ગીત લોકગીત સ્પર્ધાના સિલ્વર મેડલ દાતા તરીકે જયેશ ભાઈ સોની (સામત્રા), મંડપ સર્વિસ દાતા, મહેન્દ્ર ભાઈ ગોરાણી શ્યામ સાઉન્ડ (દેશલપર), આમંત્રણ પત્રિકા - મોમેન્ટો દાતા પ્રકાશભાઈ ગાંધી (અભય ક્લર લેબ -ભુજ), આશ્વાશન ઈનામ કુ. કિર્તી, કાનજી મહેશ્વરી (સામત્રા) ,વ્હીલચેર દાતા: માનવ જ્યોત ભુજ, રોકડ ઈનામ દાતા પ્રકાશભાઈ સોની (દુબઈ), ભાવેશભાઈ સોની (માધાપર) જ્યારે મહેમાનો તેમજ કલાકારો ખેલાડીઓને રહેવા માટે ની વ્યવસ્થા બાબુભાઈ ચોપડા જિયાપર વાળા તરફથી કરવામાં આવી હતી. સામત્રા અંધ અપંગ ઉત્કર્ષ મંડળ ના પ્રમુખ શ્રી કાનજી ભાઈ મહેશ્વરી દ્વારા સમગ્રકાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે રમીલા બેન મહેશ્વરી દ્વાર કાર્યક્રમ સંચાલન કરવામાં આવ્યું હતું. ગામનાં અગ્રણી મુકેશ ભાઈ સાધુ, રમેશ ભાઈ ભુડિયા સહિત ગ્રામ જનો ઊપસ્થિત રહ્યા હતા. મહેશ્વરી યુવક મંડળ દ્વારા ખૂબ જ સારો સહયોગ પ્રાપ્ત થયો હતો. અંધ અપંગ ઉત્કર્ષ મંડળ ના પ્રમુખ શ્રી કાનજીભાઈ એ કાર્યક્રમની સફળતા બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. છેલ્લા દિવસના પૂર્ણાહુતિ કાર્યક્રમનુ સંચાલન શ્રી જયેશભાઈ સોનીએ કર્યુ હતું.

# ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન દ્વારા "ગ્રીન મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસમાં વ્યવસાયની તકો"ના વિષય પર સેમિનાર યોજાયો.

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગની સંસ્થા, ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન (સી.ઈ.ડી.) દ્વારા તા.૧૪/૦૨/૨૦૨૫ના રોજ અમદાવાદના નરોડા કેમ્પસ ખાતે 'ગ્રીન મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસમાં વ્યવસાયની તકો" વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. ભારત સરકારના નેટ ઝીરો અને ગ્રીન ઈનિશિયેટિવ/બિઝનેશના વિઝનને સાકાર કરવા અને તેને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ગુજરાત સરકાર દ્વારા ગ્રીન મેન્યુફેક્ચરિંગ પ્રેક્ટિસમાં વ્યવસાયની તકો અને ઉદ્યોગને ધ્યાને લઈ નાગરિકોને આ વિષય પર વિશેષ જાણકારી મળી રહે તેમજ આ ક્ષેત્રમાં ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન નાઈટ્રોજન, વિન્ડ એનર્જી અને સોલાર ઈલેક્ટ્રિક વ્હિકલ, બાયોગેસ, ઝીરો વોટર ડિસ્ચાર્જ, વોટર રિસાયકલીંગ વિગેરેમાં ગ્રીન મેન્યુફેક્ચરીંગ પ્રેક્ટિસિસ અંગેની તકો રહેલી છે તેની વિસ્તૃતમાં સમજ આપવામાં આવી હતી. આ પરિસંવાદમાં તજજ્ઞો ડો.શ્વેતલ શાહ, ડો. ભરત જૈન, અક્ષય પરમાર, સીઈડીના મેનેજર-પી&એ ઈન્ચાર્જ ધર્મેન્દ્ર પંડયા સહિત ૧૦૦થી વધુ ઉમેદવારો, ઉદ્યોગસાહસિકો, ઉદ્યોગપતિઓ અને ઉદ્યોગના નિષ્ણાતોની ઉપસ્થિતમાં ગ્રીન મેન્યુફેક્ચરીંગ પ્રેક્ટિસિસ અંગેની તકો પર ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત ઉપસ્થિતોને નિષ્ણાંતો દ્વારા સસ્ટેનેબલ ઔદ્યોગિક વિકાસના મહત્ત્વ અને તે અંગેની આર્થિક ક્ષમતા વિશે સમજણ પણ આપવામાં આવી હતી.

# ડિસ્ટ્રિક્ટ તથા તાલુકા કોર્ટમાં પડતર દાવાઓના ઝડપી નિકાલ માટે દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા વકીલોની પેનલ તૈયાર કરાશે

(માહિતી બ્યુરો,પાલનપુર)

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી હસ્તકના ડિસ્ટ્રિક્ટ કોર્ટ, તાલુકા કોર્ટમાં પડતર દાવાઓના ઝડપી નિકાલ કરવા માટે દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વકીલશ્રીઓની પેનલ તૈયાર કરાશે. જે અન્વયે સાત વર્ષથી ઓછી નહી તેટલી મુદત માટે જિલ્લા કક્ષાએ/હાઈકોર્ટ ખાતે વકીલાત કરતા ૬૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા સિનિયર પ્રતિષ્ઠિત વકીલોની પેનલ બનાવવામાં આવશે. સદર હું લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમુનામાં અરજી ફોર્મમાં અરજીઓ મંગાવવામાં આવી છે.આ જગ્યાઓ માટે ઉમેદવારી નોંધાવવા ઈચ્છતા હોય તે ઉમેદવારોએ નિયત નમુનાના અરજી ફોર્મમાં જરૂરી પ્રમાણત્રોની પ્રમાણિત નકલો સહીત તા.૨૫/૦૨/૨૦૨૫ સુધીમાં વહીવટદારશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજીને મોકલી આપવાની રહેશે. અરજી ફોર્મ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજીની વેબ સાઈટ http://www.ambajitemple.in ઉપર Latest News માંથી તા.૨૨/૦૨/૨૦૨૫ સુધી ડાઉનલોડ કરી શકાશે. નિયત સમયમર્યાદા બહાર મળેલ અને પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ જોડયા સિવાયની અરજીઓ તથા અધુરી વિગતવાળી અરજીઓ વિચારણામાં લેવામાં આવશે નહી. ઉમેદવારોએ આ બાબતે જયારે ઈન્ટરવ્યુમાં બોલાવવામાં આવે ત્યારે તેઓએ સ્વખર્ચે અસલ પ્રમાણપત્રો સાથે નિયત તારીખ, સમય અને સ્થળે હાજર રહેવાનું રહેશે તેમ વહીવટદાર અને નાયબ કલેક્ટરશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે. જે અન્વયે સાત વર્ષથી ઓછી નહી તેટલી મુદત માટે જિલ્લા કક્ષાએ/હાઈકોર્ટ ખાતે વકીલાત કરતા ૬૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા સિનિયર પ્રતિષ્ઠિત વકીલોની પેનલ બનાવવામાં આવશે.

# નાણાકીય વર્ષ 25ના ત્રીજા ક્વાર્ટરમાં માનક્સિયા કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝે ₹208 કરોડની કુલ આવક નોંધાવી

મુંબઈ : માનક્સિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (NSE: MANAKCOAT, BSE: 539046), કોટેડ મેટલ પ્રોડક્ટ્સના અગ્રણી ઉત્પાદક અને નિકાસકાર પૈકી એક છે. કોઇલ અને શીટ સ્વરૂપોમાં પ્રી-પેઇન્ટેડ ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ અને પ્લેન ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલમાં વિશેષતા ધરાવતી કંપનીએ નાણાકીય વર્ષ 25 ના Q3 અને 9M માટે તેના ઓડિટ વગરના નાણાકીય અહેવાલો આપ્યા છે. કામગીરી પર ટિપ્પણી કરતા માનક્સિયા કોટેડ મેટલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના પૂર્ણકાલીન ડિરેક્ટર શ્રી કરણ અગ્રવાલએ જણાવ્યું હતું કે, 'અમે અમારા Q3 FY25 ના પ્રદર્શનથી ખુશ છીએ, જે મજબૂત આવક વૃદ્ધિ, સુધારેલી નફાકારકતા અને વિસ્તરતા વૈશ્વિક હાજરીને પ્રતિબિંબિત કરે છે. આ વૃદ્ધિ સુધારેલી કાર્યકારી કાર્યક્ષમતા, વ્યૂહાત્મક પહેલ અને ઉચ્ચ-મૂલ્યવાળા ઉત્પાદનો પર સતત ધ્યાન કેન્દ્રિત કરવાથી પ્રેરિત થઈ છે.' પ્રી-પેઈન્ટેડ સ્ટીલ પર અમારું ભાર સફળતાનો મુખ્ય ચાલકબળ છે, જેમાં આવકમાં વધારો થઈ રહ્યો છે, જે મૂલ્યવર્ધિત ઓફરિંગ તરફના અમારા પરિવર્તનને મજબૂત બનાવે છે. આ સંક્રમણ ફક્ત અમારા માર્જિનને જ મજબૂત બનાવતું નથી પરંતુ બદલાતી ઉદ્યોગ માંગ સાથે પણ સુસંગત છે. વધુમાં, ગેલ્વેનાઈઝ્ડ અને પ્રી-પેઈન્ટેડ સ્ટીલ બંનેમાં મજબૂત ઉત્પાદન વૃદ્ધિ અમારી ઉત્પાદન શ્રેષ્ઠતા અને અમારા ઉત્પાદનોની વધતી જતી બજાર માંગને પ્રકાશિત કરે છે. નિકાસ એક નોંધપાત્ર વૃદ્ધિ ઉત્પ્રેરક બની રહી છે, આંતરરાષ્ટ્રીય વેચાણમાં નોંધપાત્ર વધારો સાથે, મુખ્ય વૈશ્વિક બજારોમાં અમારી સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. મજબૂત નિકાસ ઓર્ડર પાઈપલાઈન ગુણવત્તા અને વિશ્વસનીયતામાં અમારા નેતૃત્વને રેખાંકિત કરે છે. ભવિષ્યના વિસ્તરણને ટેકો આપવા માટે, અમે સફળતાપૂર્વક નવી શેર મૂડી મેળવી છે, જેનો ઉપયોગ ક્ષમતા વૃદ્ધિ, પ્રૌદ્યોગિકીય પ્રક્રિયા પદ્ધતિને ઊંચું અને હરિયાળી ઉર્જા અને ટકાઉપણું પહેલમાં રોકાણ માટે કરવામાં આવશે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

પંપ સ્ટેશન અને સેન્ટ્રલ લુબ્રિકેશન સાધનોનો પુરવઠો, સ્થાપન અને કમિશનિંગ

ઈ-ટેન્ડર સૂચના સંખ્યા : 10 2024-25 તારીખ 17.02.2025 કામનું નામ : CPOH/ADI ખાતેદરેક સહાય ઉપકરણો સાથે UNI-2S/3S મશીનો માટે ઓટો ગ્રીસિંગ સિસ્ટમ માટે પંપ સ્ટેશન અને સેન્ટ્રલ લુબ્રિકેશન સાધનોનો પુરવઠો, સ્થાપન અને કમિશનિંગ, ટેન્ડર સંખ્યા : CWMCPOHADI2024-25-10 જાહેર કરાયેલ NIT કિંમત : 464530.60/- EMD કિંમત રૂ. : 9300.00 /- ટેન્ડર બંધ થવાની તારીખ : 19/03/2025 @ 11:00કલાકે ટેન્ડર ખુલવાની તારીખ : 19/03/2025 @ 11:15 કલાકે IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ : 17.02.2025 325

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**શતાબ્દી અને તેના જેવા પ્રકારના કોચનું નવીનીકરણ**

ચીફ વર્કશોપ મેનેજર, કેરેજ રિપેર વર્કશોપ પશ્ચિમ રેલ્વે, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ,મુંબઈ -400013, ટેન્ડર સૂચના નંબર: WRPL - ME -EST-518009 -RT આમંત્રિત કરે છે. તારીખ: 17.02.2025.કાર્યનું નામ અને સ્થાન: 'લોઅર પરેલ વર્કશોપ ખાતે કાર્યક્ષેત્ર મુજબ શતાબ્દી અને તેના જેવા પ્રકારના કોચ (AC LHB ચેર કાર અને એક્ઝિક્યુટિવ ચેર કાર) નું નવીનીકરણ.' અંદાજિત કિંમત: રૂા. 8,98,52,848.04/-. ઈએમડી: રૂા. 5,99,300/-. ઈ-બિડ્સ ઓનલાઈન સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: 17.03.2025 સુધી, 11:00 કલાક. ઈ-બિડ્સ ઓનલાઈન ખોલવાની છેલ્લી તારીખ અને સમય: 17.03.2025 ના રોજ 11:30 કલાક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1095

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

SLRs & VPs કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLRs & VPs કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે.હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે.વિગતો નીચે મુજબ છે.

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનું લિઝીંગ — કેટલોગ સં : LEASE-2024-24

સ્થળ અને સંપત્તિની વિગત

SLR ના 04 ટન પાર્સલ સ્પેસ અને VPS ના 23 ટન પાર્સલ સ્પેસના લીઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી:-

| ક્ર. નં | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 19016 | F/I SLR | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| 2 | 19016 | R/I SLR | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |
| 3 | 19016 | VPU | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |

(1) ઈ-ઓક્શનની તારીખ 05.03.2025 ના રોજ 11:00 કલાકથી શરૂ થશે.
(2) હરાજીમાં ભાગ લેવા માટે IREPSઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી જરૂરી છે.
(3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો. 202

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**FEDERAL BANK**
YOUR PERFECT BANKING PARTNER

જી-૨ અને જી-૩ , ઈવેંટી,દેવ કોર્પોરેટ હોટેલ પાસે, ઓફ સી.જી. રોડ, અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૯

**ગોલ્ડ લોન - વેચાણ નોટીસ**

આથી જાહેર જનતાને અને ખાસ કરીને ખાતાધારકોને સૂચના આપવામાં આવે છે કે નીચે જણાવેલ ખાતા/ઓ માં ગીરવે રાખેલા સોનાના દાગીનાની ઈ-ઓક્શન ફેડરલ બેંક લિમિટેડ દ્વારા 07/03/2025 ના રોજ ઓનલાઈન પોર્ટલ દ્વારા હાથ ધરવામાં આવશે, https://gold.samil.in પર રસ ધરાવતા ખરીદદારો હરાજી પોર્ટલ પર લૉગ ઇન કરી શકે છે અથવા વધુ માહિતી માટે બેંકનો સંપર્ક કરી શકે છે. જો ઉપર દર્શાવેલ તારીખે કોઈપણ કારણોસર ઈ-ઓક્શન સાકાર ન થાય તો, ગીરવે મૂકેલા આભૂષણોની કોઈપણ અથવા તમામ વસ્તુઓના સંદર્ભમાં, બેંક આગળની કોઈપણ તારીખ/ઓ પર કોઈપણ વધુ સૂચના વિના વસ્તુઓનું ખાનગી વેચાણ હાથ ધરશે.

| શાખાનું નામ | લોન એકાઉન્ટ નંબર |
|---|---|
| અમદાવાદ | 11586400005687 |
| અમદાવાદ | 11586800017480 |
| અમદાવાદ | 11586800017456 |
| અમદાવાદ | 11586400006354 |
| અમદાવાદ | 11586800017498 |
| અમદાવાદ | 11586800017597 |
| અમદાવાદ | 11586800018926 |
| અમદાવાદ | 11586800017555 |
| અમદાવાદ | 11586800020369 |
| અમદાવાદ | 11586800017746 |

સ્થળ : અમદાવાદ
તારીખ : 18/02/2025

S/d- અધિકૃત અધિકારી
ધી ફેડરેલ બેન્ક લિમિટેડ લિ. વતી

# 'સ્વસ્થ ધરા, ખેત હરા': ગુજરાતના 2.15 કરોડ ખેડૂતોને મળ્યા સોઈલ હેલ્થ કાર્ડ, આ અનોખી યોજના અમલમાં મૂકનારું પ્રથમ રાજ્ય

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવાની દિશામાં સદૈવ અગ્રેસર રહેલું ગુજરાત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દ્રઢ નેતૃત્વ હેઠળ કૃષિ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. ખેડૂતોની આવક વધારીને તેમને સશક્ત બનાવવા માટે તેમજ કૃષિ પાકોની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકારે અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. 'સ્વસ્થ ધરા, ખેત હરા'ના મંત્ર સાથે લાગુ કરવામાં આવેલી સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના હેઠળ આજ સુધીમાં ગુજરાતના 2.15 કરોડ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.

### ગુજરાત સોઈલ હેલ્થ કાર્ડ જેવી નવતર યોજના અમલમાં મૂકનારું પ્રથમ રાજ્ય

રાજ્યનો સર્વાંગી કૃષિ વિકાસ ગુજરાત સરકારની પ્રાથમિકતા રહી છે અને એટલે જ ખેતીયોગ્ય જમીનની યોગ્ય રીતે જાળવણી કરવા અને તેને ઉજ્જડ બનતી અટકાવવા માટે એક નવતર અભિગમના ભાગરૂપે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2003-04માં 'સોઈલ હેલ્થ કાર્ડ યોજના' અમલમાં મૂકી હતી. જમીન તંદુરસ્તીની અગત્યતાને પારખીને આ પ્રકારની અનોખી યોજના અમલમાં મૂકવા વાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું હતું.ઉલ્લેખનીય છે કે, સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના અને તેના ફાયદાઓ વિશે જાગરૂકતા લાવવા માટે ભારત દર વર્ષે 19 ફેબ્રુઆરીએ સોઈલ હેલ્થ કાર્ડ દિવસની ઉજવણી કરે છે.

### શું છે સોઈલ હેલ્થ કાર્ડ?

સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ, ખેતીલાયક જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે નિર્ધારિત પદ્ધતિ અનુસાર ખેડૂતોના ખેતરમાંથી જમીનના નમૂનાઓ લેવામાં આવે છે અને પૃથ્થકરણ માટે તેમને જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. ત્યાં નમૂનાનું પૃથ્થકરણ કરીને, સોફ્ટવેર આધારિત સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનમાં રહેલા વિવિધ પોષક તત્ત્વોની માત્રા દર્શાવે છે, જેમાં હાલ કુલ 12 તત્વો (N, P, K, pH, EC, Fe, Cu, Zn, OC, S, B, Mn) નું પ્રમાણ દર્શાવવામાં આવે છે. જેને આધારે ખેડૂતોને કયા પ્રકારના ખાતર અને કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો, તેની વૈજ્ઞાનિક ભલામણ સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે મળી શકે છે. આ પ્રક્રિયાથી બિનજરૂરી કેમિકલયુક્ત ખાતરોના અતિશય ઉપયોગ ઘટે છે, જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં સહાય મળે છે.

### ગુજરાતમાં સોઈલ હેલ્થ કાર્ડ યોજનાનું વ્યાપક અમલીકરણ

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વર્ષ 2003-04માં લૉન્ચ થયેલી આ યોજનાનો ઉદ્દેશ ખેડૂતોને તેમની જમીનની સ્થિતિ અંગે વ્યાપક માહિતી પૂરી પાડીને તેમને સશક્ત કરવાનો હતો. યોજના લાગુ કર્યા પછી, SHC યોજનાનો પ્રથમ તબક્કો 2003-04થી 2010-11 દરમિયાન અને બીજો તબક્કો 2011-12થી 2015-16 દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં ગુજરાતના 43.03 લાખથી વધુ ખેડૂતોને અને દ્વિતીય તબક્કામાં આશરે 46.92 લાખથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે આપવામાં કરવામાં આવ્યા. ગુજરાતમાં મળેલી સફળતા બાદ વર્ષ 2015-16માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં "સોઈલ હેલ્થ કાર્ડ યોજના" અમલમાં મૂકી હતી.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ગુજરાતમાં કોંગ્રેસનો જડમૂળથી સફાયો... : બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો, 3થી વધુને ઇજા પહોંચી

# દેવગઢ બારીયા નગરપાલિકાની ચૂંટણી લોહીયાળ બની...



ગુજરાત | રાજ્યમાં પ્રથમ વખત 27 ટકા ઓબીસી અનામત સાથે યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં 66 નગરપાલિકાની સામાન્ય 2 નગરપાલિકાની મધ્યવર્તી તથા જુનાગઢ મહાનગર પાલિકાની ચૂંટણીનું મતગણતરી ચાલી રહી છે. આ ચૂંટણીમાં પણ ભાજપનો ભવ્ય વિજય થયો છે અને કોંગ્રેસની ફરી નામોશી થઈ છે.

જ્યારે બે મોટા અપસેટ થયા છે. જેમાં ચોરવાડ નગરપાલિકાના વોર્ડ નંબર-3માં કોંગ્રેસના ધારાસભ્ય વિમલ ચૂડસમાનો પરાજય થયો છે. જ્યારે જુનાગઢ મનપાની ચૂંટણીમાં 6 વાર ડે. મેયર રહેલા ગિરીશ કોટેચાના પુત્ર પાર્થ કોટેચાની હાર થઈ છે.

66 નગરપાલિકાની સામાન્ય અને 2 નગરપાલિકાની મધ્યવર્તી ચૂંટણીના પરિણામમાં ભાજપે 62 પર જ્યારે કોંગ્રેસે 1 પર કબ્જો કર્યો છે. જ્યારે બાકીની 5 પર અન્ય પક્ષો કિંગમેકરની ભૂમિકામાં છે. આમ કોંગ્રેસે દિલ્હી વિધાનસભા ચૂંટણી તથા છત્તીસગઢની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરાજય બાદ ગુજરાતમાં પણ કારમી હારનો સામનો કરવો પડ્યો છે. 66 નગરપાલિકામાં 61.65 ટકા મતદાન થયું હતું . જે 2018ની સરખામણીમાં 3.35 ટકા ઓછું છે. એકંદરે વર્ષ 2018માં 75 નગપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં 65 ટકા મતદાન થયું હતું. નગરપાલિકાની 1844 બેઠકમાંથી 167 બેઠક બિન હરીફ થતા 66 પાલિકાઓની 1677 બેઠક માટે 4374 ઉમેદવારો માટે મતદાન થયું હતું. 66 પાલિકાની 167 બિન હરિફમાંથી ભાજપની 162, કોંગ્રેસની 1 અને અન્ય 4 સીટ બિન હરીફ થઈ છે. આ ચૂંટણીમાં સૌથી વધુ ચર્ચા કુતિયાણા નગરપાલિકાને લઈ કાંધલ જાડેજાની તથા જેતપુર નગરપાલિકાને લઈ જયેશ રાદડિયાની રહી છે. આમ તેમના રાજકીય વર્ચસ્વની પણ પરીક્ષા છે.

### દેવગઢ બારીયામાં ચૂંટણી લોહીયાળ બની, બે જૂથ વચ્ચે પથ્થરમારો

દેવગઢ બારીયા નગર પાલિકાની ચૂંટણી લોહીયાળ બની છે. ચૂંટણી પરિણામ જાહેર થતા કાપડી વિસ્તારમાં કેટલાક શખ્સોએ પથ્થરમારો કર્યો હતો. જેને પગલે એક જ કોમના બે જૂથ વચ્ચે બબાલ થઈ હતી. આ પથ્થરમારામાં 3થી વધુ લોકોને ઈજા થતા કાપડી વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાયો હતો.

### ડાકોર નગરપાલિકામાં અપક્ષોએ ભાજપને હંફાવ્યો

ડાકોર નગરપાલિકામાં 28 સીટમાંથી 14 ભાજપ અને 14 અપક્ષને મળતા ટાઇ પડી છે.

### જિલ્લા વાઇઝ નગરપાલિકાનું રિઝલ્ટ

| જિલ્લો | કુલ સીટ | જીતેલા ઉમેદવાર | બિનહરીફ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|---|---|---|
| તાપી | 28 | 23 | 5(ભાજપ) | 21 | 2 | - |
| જામનગર | 84 | 79 | 1(ભાજપ) | 67 | 10 | 2 |
| સુરેન્દ્રનગર | 28 | 28 | | 25 | | 3 |
| અમદાવાદ | 84 | 83 | 1(ભાજપ) | 58 | 23 | 2 |
| વડોદરા | 28 | 28 | | 19 | | 9 |
| ખેડા | 136 | 121 | 14(ભાજપ),1(અન્ય) | 62 | 2 | 57 |
| સાબરકાંઠા | 76 | 76 | | 58 | 14 | 4 |
| દેવભૂમિ દ્વારકા | 80 | 63 | 17(ભાજપ) | 32 | 18 | 13 |
| આણંદ | 72 | 66 | 6(ભાજપ) | 43 | 6 | 17 |
| પાટણ | 76 | 75 | 1(ભાજપ) | 53 | 18 | 4 |
| ગીર સોમનાથ | 28 | 24 | 4(ભાજપ) | 24 | | |
| મહિસાગર | 80 | 71 | 8(ભાજપ) 1(કોંગ્રેસ) | 39 | 26 | 6 |
| પોરબંદર | 52 | 52 | | 18 | | 34 |
| બોટાદ | 28 | 24 | 4(ભાજપ) | 14 | 10 | |
| છોટાઉદેપુર | 28 | 28 | | 8 | 1 | 19 |
| નવસારી | 36 | 33 | 3(ભાજપ) | 26 | 2 | 5 |
| કચ્છ | 56 | 38 | 18(ભાજપ) | 31 | 7 | |
| મહેસાણા | 52 | 45 | 7(ભાજપ) | 32 | 9 | 4 |
| અમરેલી | 104 | 88 | 16(ભાજપ) | 82 | 5 | 1 |
| રાજકોટ | 168 | 161 | 7(ભાજપ) | 113 | 33 | 15 |
| મોરબી | 28 | 28 | | 27 | 1 | |
| પંચમહાલ | 64 | 36 | 25(ભાજપ), 3 (અન્ય) | 26 | | 10 |
| ભાવનગર | 92 | 92 | | 60 | 26 | 6 |
| દાહોદ | 52 | 24 | | 13 | 3 | 8 |
| જુનાગઢ | 160 | 143 | 17(ભાજપ) | 109 | 28 | 6 |
| વલસાડ | 96 | 88 | 8(ભાજપ) | 75 | 6 | 7 |
| ગાંધીનગર | 28 | 28 | - | 27 | 1 | - |

- માંગરોળમાં ભાજપ-કોંગ્રેસને 15-15 સીટ મળી, બસપાનો 4 પર વિજય થતાં હવે કિંગમેકરની ભૂમિકામાં આવી છે. જ્યારે આપ અને અન્યને 1-1 સીટ મળી છે.
- જુનાગઢના વોર્ડ નંબર આઠમાં કોંગ્રેસની જીત થતા વિજય સરઘસ કાઢ્યું હતું. જો કે આ સરઘસ પર હુમલો થયો હતો, જેને પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને પેટ્રોલિંગ હાથ ધર્યું હતું.
- હળવદ નગરપાલિકાની ચૂંટણીની મોડેલ સ્કૂલ ખાતે ચાલી રહેલી મતણગતરી સમયે બોલાચાલી થતા ભાજપ કોંગ્રેસ આમને સામને આવી ગયા હતા. પોલીસે વચ્ચે પડી મામલો થાળે પાડ્યો હતો.
- કુતિયાણા નગરપાલિકાની 24 સીટમાંથી સમાજવાદી પાર્ટીને 14 સીટ મળતા કાંધલ જાડેજાનો દબદબો યથાવત રહ્યો છે. જ્યારે ભાજપને 10 સીટ મળતા ઢેલી બહેનને મોટો ફટકો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઢેલીબેન 1995થી કુતિયાણા નગરપાલિકાના પ્રમુખ હતા. આમ તેમના એક ચક્રી શાસનનો અંત આવ્યો છે.

**▪ ઉજવણીમાં લોરેન્સનાં પોસ્ટર્સ !**

1. મહેમદાબાદની સ્કૂલમાં જીતની વિવાદિત ઉજવણી. લોરેન્સ બિશ્નોઈનાં પોસ્ટર્સ સાથે ઉજવણી કરવામાં આવી, જોકે આ ઘટનામાં પોલીસે એક્શનમાં આવી 1-2 લોકોની અટકાયત કરી છે

**▪ જીતનો નહિ, હારનો જશ્ન !**

2. ભાજપના જૂનાગઢના સાંસદ રાજેશ ચૂડાસમાએ ડાન્સ કર્યો. ચોરવાડ નપામાં ધારાસભ્ય વિમલ ચૂડાસમાની હાર થતાં રાજેશ ચૂડાસમાએ જશ્ન મનાવ્યો.

**▪ મહિલા ઉમેદવાર ભાવુક થઈ ગયાં**

3. નવસારી વોર્ડ 8નાં ઉમેદવાર શર્મિલા દેસાઈની જીત થતાં તેઓ ભાવુક થઈ ગયા. દીકરા અને કાર્યકર્તાઓને ભેટીને તેઓ રડી પડ્યાં.

**▪ મેયરના દીકરાની કારમી હાર**

4. જૂનાગઢના પૂર્વ મેયર ગિરીશ કોટેચાના દીકરાની હાર થઈ. પિતાએ દોષનો ટોપલો ઢોળતાં કહ્યું કે વોર્ડ ફેરવાઈ જતાં તેમને ધાર્યું પરિણામ ન મળ્યું.

**▪ મનશા પૂરી થતાં પક્ષપલટો કર્યો**

5.કોંગ્રેસમાંથી ઊભા રહેલા મહીપતસિંહ બસિયાએ પાર્થ કોટેચાને હરાવવાની પોતાની મનશા પૂરી થતાં ભાજપનો ખેસ ધારણ કરી લીધો.

**▪ મોમેન્ટ હૈં ભાઈ મોમેન્ટ !**

6. મહીસાગરમાં પણ જીતનો અનોખો જશ્ન જોવા મળ્યો. જીતેલા ઉમેદવારે જેસીબી પર ચઢીને જીતની ઉજવણી કરી.

**જીત જાહેર થતાં નોટો ઉડાવી**

7.ખેડાના ચકલાસી નપામાં ભાજપના વિજેતા ઉમેદવારોએ પૈસાનો વરસાદ કર્યો.

# રાજકોટની ગાયનેક હોસ્પિટલના વીડિયો કેવી રીતે વાઇરલ થયા...?

રાજકોટ | રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલમાં સારવાર માટે આવતી સગર્ભાઓ તથા અન્ય મહિલા દર્દીઓની શારીરિક તપાસના વીડિયો છૂપી રીતે શૂટ કરીને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દેવાતાં ખળબળાટ મચી જવા પામ્યો છે. આ સમગ્ર મામલે સાયબર ક્રાઈમની તપાસમાં આ ચેનલ અને ગ્રુપ અન્ય રાજ્યમાંથી ચાલતા હોવાનું જાણવા મળતાં હાલ અન્ય રાજ્યમાં આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. આ આખું ઓપરેશન કઇ રીતે શરૂ થયું અને કઈ રીતે મહિલાઓના વીડિયો ત્યાં સુધી પહોંચ્યા એ દિશામાં અમદાવાદ સાયબર ક્રાઇમ તપાસ કરી રહી છે.



બીજી તરફ ઘટનાના સતત બીજા દિવસે પણ આજે રાજકોટની પાયલ મેટરનિટી હોસ્પિટલમાં તબીબી સેવા રાબેતા મુજબ ચાલી રહી છે અને દર્દીઓ સારવાર કરાવવા આવી રહ્યાં છે.

### થોડા સમય પહેલાં CCTVમાં ક્ષતિ સર્જાઇ હતી

હોસ્પિટલનાં સંચાલિકા પ્રતીક્ષા દેસાઈએ મહિલાઓના ચેકઅપના વીડિયો વાઈરલ થવા અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે દોઢથી બે મહિના પહેલાં હોસ્પિટલના સીસીટીવી કેમેરામાં ટેક્નિકલ ક્ષતિ સર્જાઇ હતી. એ બાદ પાસવર્ડ રિસેટ કરવામાં આવ્યા હતા, આ સમયે અમારા કેમેરાનો કન્ટ્રોલ હેક થયો હોય એવી શંકા છે. હોસ્પિટલના સીસીટીવી કેમેરાના પાસવર્ડ ત્રણ ડિરેક્ટર પાસે જ હોય છે. ગઈકાલે ઘટના બની પછી બીજું કાંઈ રેકોર્ડ ન થાય એ માટે એડમિન સ્ટાફે આ કેમેરો દૂર કરી દીધો હતો. અમે તપાસમાં પોલીસને પૂરો સહયોગ આપીશું. જો હોસ્પિટલની પણ કોઈ વ્યક્તિની સંડોવણી હશે તો અમે કાર્યવાહી કરીશું. છેલ્લાં 6 વર્ષથી આ સ્થળ પર અમારી હોસ્પિટલ કાર્યરત છે. બેડ ઉપર જે કેમેરો લગાડવામાં આવ્યો છે એનું ફુટેજ કોઇ જગ્યાએ ડિસ્પ્લે થતું ન હોવાનો હોસ્પિટલનો દાવો છે.

# માંગરોળમાં યુવતીનું છરીથી ગળું કપાતાં મોત નિપજ્યું

સુરત | સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના વાંકલ નજીકથી પ્રેમીયુગલ ગળા કપાયેલી હાલતમાં મળી આવ્યા બાદ યુવતીનું મોત નિપજ્યું છે. જ્યારે યુવકને ગંભીર હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો છે. યુવકના ગળા પર ગંભીર ઘા થયો હોવાના કારણે તે હાલ બોલી પણ શકતો નથી. યુવક અને યુવતી સવારના સમયે એક્ટિવા પર સાથે ગયા હતા ત્યારબાદ કોઈ કારણોસર બંને લોહીલુહાણ હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાસ્થળ પરથી એક છરી અને બ્લેડ મળી આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં જ પ્રેમી યુવકે જ પ્રેમિકાની હત્યા નિપજાવી પોતે પણ આત્મહત્યાનો પ્રયાસ કર્યાની આશંકા વ્યકત કરવામાં આવી છે. આ સમગ્ર ઘટનાની તપાસ હાલ માંગરોળ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે. ઘટનાસ્થળેથી જે ચપ્પુ મળ્યું છે તે વળી ગયું છે. જેથી પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે, કદાચ સુરેશે તેજસ્વીની હત્યા કરી હોય શકે. કારણ કે, તેજસ્વીના મૃતદેહની તપાસ કરતા, તેના ગળાના ભાગે હોલ હોવાનું પણ દેખાઈ આવ્યું છે.

AXIS BANK

મહત્વની જાહેરાત

**અમે સ્થળાંતર કરી રહ્યા છીએ**

એક્સિસ બેંકની શાપર વેરાવળ શાખા
સ્થળાંતર થઈ રહી છે નવી જગ્યાએ
તા. ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૫થી.

**હાલનું સરનમું:**

**એક્સિસ બેંક લિ. - શાપર વેરાવળ શાખા**
**ગ્રાઉન્ડ ફ્લોર, શેડ નં ૧ આરએસ નં ૨૦૫ એ ગામ શાપર**
**વેરાવળ તાલુકો, કોટડા સાંગાણી, રાજકોટ - ૩૬૦૦૨૪.**

**નવું સરનામું:**

**એક્સિસ બેંક લિ. - શાપર વેરાવળ શાખા**
**ગ્રાઉન્ડ ફ્લોર, ગોડાઉન નંબર ૫ અને ૬, આર.એસ. નં ૨૦૫/એ વેરાવળ**
**મેઈન રોડ, ગામ વેરાવળ શાપર, તાલુકો, કોટડા સાંગાણી,**
**રાજકોટ - ૩૬૦૦૨૪.**

અમે તમારું સ્વાગત કરવા આતુર છીએ.

## જામનગરમાં યુવતીનો બે વખત આત્મહત્યાનો પ્રયાસ...

# રણમલ તળાવમાં ઝંપલાવ્યું, ટિકિટ બારીની મહિલા કર્મચારી અને ફાયર બ્રિગેડની ટીમે જીવ બચાવ્યો

(એજન્સી) જામનગર | તા. 18

જામનગરના રણમલ તળાવમાં એક 35 વર્ષીય યુવતીએ બે વખત આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સમયસર મદદ મળતાં તેનો જીવ બચી ગયો છે. ખોજાનાકા વિસ્તારની રહેવાસી યુવતીએ સવારે 9:50 કલાકે લાખોટા તળાવના આઠ નંબરના ગેટમાંથી પ્રવેશીને તળાવમાં ઝંપલાવ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ ટિકિટ બારી પર ફરજ બજાવતા દિવ્યા નંદાએ તરવાની આવડત હોવાથી તરત જ તળાવમાં કૂદીને યુવતીને બચાવી લીધી હતી. દરમિયાન કોઈ વ્યક્તિએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે યુવતીએ ફરીથી તળાવમાં ઝંપલાવ્યું હતું. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને બીજી વખત પણ યુવતીને બચાવી લીધી હતી.



યુવતીને સીટી એ-ડિવિઝન પોલીસને સોંપવામાં આવી હતી. ફાયર બ્રિગેડ અને મહાનગરપાલિકાની ટીમે યુવતીને આત્મહત્યાના કારણ અંગે પૂછપરછ કરી હતી, પરંતુ તેણે કોઈ કારણ જણાવ્યું ન હતું. પોલીસે યુવતીને પ્રાથમિક સારવાર અપાવી છે અને વધુ તપાસ હાથ ધરી છે. મહાનગરપાલિકાની ટિકિટ કાઉન્ટરની મહિલા કર્મચારી અને ફાયર બ્રિગેડની ટીમની સમયસૂચકતાને કારણે એક જીવ બચી શક્યો છે.

# દાહોદમાં એક જ રાત્રે એક સ્થળેથી બે બાઇકની ચોરી

દાહોદ | દાહોદ શહેરમાં વાહન ચોરીની ઘટનાઓએ ચિંતાજનક વળાંક લીધો છે. તાજેતરમાં એક જ રાત્રે એક જ સ્થળેથી બે મોટરસાઇકલની ચોરી થવાની ઘટનાએ વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. ગત તા.16મી ફેબ્રુઆરીએ દાહોદના ગોધરા રોડ પર આવેલા ચામુંડા કોમ્પ્લેક્સ પાસે શૈલેષભાઈ કરણસિંહ સપુનીયા અને શાહનવાજ અખ્તરભાઈ પટેલે પોતાની મોટરસાઇકલ લોક કરીને પાર્ક કરી હતી. રાત્રિ દરમિયાન અજાણ્યા તસ્કરોએ બંને વાહનોના લોક તોડી ચોરી કરી લીધી હતી. આ ઘટના એવા સમયે બની છે જ્યારે દાહોદ જિલ્લામાં ઘરફોડ ચોરીઓની સાથે હવે વાહન ચોરીની ઘટનાઓ પણ વધી રહી છે, જેણે સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ઊભો કર્યો છે. ઘટનાની જાણ થતાં જ શૈલેષભાઈએ દાહોદ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો દાખલ કરી આરોપીઓને પકડવા માટે તપાસ શરૂ કરી છે.



# મંદિરોમાં ચોરી અને લૂંટ ચલાવતો મીણા ગેંગનો સાગરિત ઝડપાયો : વિવિધ શહેરોમાં સાઇટો પર મજૂરીનું કામ લેતા અને ત્યાં રહી મંદિરોની રેકી કરી ગુનાને અંજામ આપતા

(એજન્સી) સુરત | તા. 18

શહેર અને અન્ય રાજ્યોમાં મંદિરોમાં ચોરી અને લૂંટ ચલાવતો મીણા ગેંગ ઘણાં સમયથી પોલીસના રડારમાં હતી. આ ગેંગના કેટલાક સાગરીતો અગાઉ જ પકડાઈ ચૂક્યા હતા, પરંતુ વોન્ટેડ આરોપી લક્ષ્મણ મીણા હજુ ફરાર રહ્યો હતો. સુરત ક્રાઇમ બ્રાંચ દ્વારા અમદાવાદના નરોડા વિસ્તારમાંથી તેને ઝડપી લેવામાં આવ્યો છે. મીણા ગેંગના સભ્યો વિવિધ શહેરોમાં નવી સાઇટો પર મજૂરીનું કામ લેતા અને ત્યાં રહી મંદિરોની રેકી કરતા. રાત્રિના સમયે તેઓ મંદિરોમાં તસ્કરી કરીને મૂર્તિઓ, દાનપેટી અને કિંમતી સામગ્રીઓ ચોરી લેતા. આ ગેંગ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ગુજરાતમાં એક સાથે અનેક ગુનાઓમાં સંડોવાઈ છે.

તા. 06/02/2025 ના રોજ સુરત ક્રાઇમ બ્રાંચે વેસુ પો.સ્ટે. વિસ્તારમાં થયેલી મંદિરોની ચોરીના ગુનાઓમાં મીણા ગેંગના બે સભ્યો મેંદીયા ઉર્ફે મહેન્દ્ર ધર્મા મીણા (ઉ.વ. 19) ભાણીયા ઉર્ફે રાજુ ધર્મા મીણાને ઝડપી લીધા હતા. તેમની પૂછપરછ દરમિયાન રોહીત અને લક્ષ્મણ મીણા પણ ગેંગના સાગરીત હોવાનું બહાર આવ્યું. ક્રાઈમ બ્રાંચની ટીમને બાતમી મળી કે લક્ષ્મણ મીણા હાલ અમદાવાદના નરોડા વિસ્તારના હંસપુર ગામ નજીક નવી બાંધકામ સાઈટ પર મજૂરી કરી રહ્યો છે. પોલીસની ટીમ તરત અમદાવાદ પહોંચી, ત્યાં ખાનગી વોચ ગોઠવી લક્ષ્મણ મીણાને પકડી પાડ્યો.આરોપી લક્ષ્મણ મીણા વેસુ, સુરત - મંદિરોમાં ચોરી મધ્યપ્રદેશ, જીરન - મંદિરોમાં ચોરી ઉદયપુર, રાજસ્થાન - લૂંટ, પ્રતાપગઢ, રાજસ્થાન - લૂંટ ગુનાઓમાં વોન્ટેડ હતો. આ ગેંગ વિવિધ રાજ્યોના મંદિરોને ટાર્ગેટ કરતી અને રાત્રિના સમયે ધર્મસ્થળોમાં ચોરી અને લૂંટ ચલાવતી. તેઓ મુખ્યત્વે દાનપેટી, દાગીના, મૂર્તિઓ અને મંદિરમાં રહેલી કિંમતી વસ્તુઓની તસ્કરી કરતા. આરોપી લક્ષ્મણ મીણાને વેસુ પોલીસ સ્ટેશનના કબ્જે સોંપવામાં આવી રહ્યો છે.

### સવારના સમયે મોટી દુર્ઘટના સર્જાઈ

# શહેરમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર ટ્રક પલટી જતાં 2 યુવાનના કરૂણ મોત

ભાવનગર : ભાવનગરના ઘોઘાસર્કલ નજીક આવેલા લીમડિયું વિસ્તારમાં ચાલતી કન્સ્ટ્રક્શન સાઈટ પર આર.એમ.સી. ટ્રક પલ્ટી જતાં સર્જાયેલા અકસ્માતમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર કામ કરી રહેલા બે વ્યક્તિ દબાયા હોવાની માહિતી ફાયર બ્રિગેડને મળતા ફાયર બ્રિગેડ સ્ટાફ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને હાઈડ્રોલિક ટૂલ્સ વડે ટ્રક તળે દબાયેલા વ્યકિતને બહાર કાઢવાનો પ્રયાસ હાથ ધરાયો હતો. પરંતુ મિક્સર લોડ કરેલું હોવાને કારણે ટ્રક તળે દબાયેલા વ્યક્તિઓ ને બહાર કાઢી શકાયા નહોતા. દરમિયાનમાં ત્રણ ક્રેન દોરડા અને એરબેગની મદદ વડે મિક્સર તળે દબાયેલા બે વ્યકિતને બહાર કાઢી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ઈજાગ્રસ્ત બન્ને યુવકોના મોત નિપજ્યા હતા.આ ઘટના સર્જાતા લોકોના ટોળે-ટોળા ઉમટયા હતા જેને વિખેરવા પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડયો હતો.આ દુર્ઘટનાની વિગત એવા પ્રકારની છે કે, ભાવનગર શહેરના ઘોઘાસર્કલ પાસે ઘોઘારોડ પોલીસ મથકની સામે લીંબડિયું વિસ્તારમાં આવેલી ઘનશ્યામસિંહ ગોહિલની નીલછાંવ નામની કન્સ્ટ્રક્શન સાઈટ ચાલી રહી હતી. આ સાઈટ પર સ્લેબ ભરવા માટેનું મટીરિયલ મંગાવવામાં આવ્યું હતું. દરમિયાનમાં વિપુલભાઈની માલિકીનો આરએમસીનો ટ્રક નંબર જીજે-૦૩-બીઝેડ-૩૬૩૩ લોડ કરી ડ્રાઈવર અનિલભાઈ પટેલ કન્સ્ટ્રક્શન સાઈટ પર આવ્યા ત્યારે લોડ કરેલું મિક્ષ્ચર મશીન પલટી મારી ગયું હતુ. મિક્સરની નીચે સાઈટ પર કામ કરી રહેલા લોકો દબાયા હોવાની જાણ ફાયર વિભાગને કરવામાં આવતા ભાવનગર ફાયર વિભાગનો સ્ટાફ, ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસ કાફલો સ્થળ પર પહોચ્યો હતો અને મિક્ષ્ચર તળે દબાયેલા વ્યક્તિઓને બહાર કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જેમાં પ્રથમ ફાયર સ્ટાફે હાઈડ્રોલિક ટુલ્સ વડે મિક્સરને ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ મિક્સચરમાં સિમેન્ટ કોંક્રેટનો માલ ભરેલો હોવાને કારણે મિક્ચર હલી શક્યું ન હતું.

### દોઢ કલાકની જહેમત બાદ ટ્રક નીચે દબાયેલા બન્નેને બહાર કઢાયા

ફાયર બ્રિગેડના મોટા કાફલા સાથે દોઢ કલાકની જહેમત બાદ ત્રણ ક્રેન દોરડા અને એર બેગની મદદ વડે મિક્સર તળે દબાયેલા બંને વ્યક્તિઓને બહાર કાઢી હોસ્પિટલે ખસેડ્યા હતા, જ્યાં બન્નેના મોત નીપજ્યા હતા.

# મલાઇ પનીરનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર, ઉત્પાદક-વેપારીને રૂા. 1.65 લાખનો દંડ

## મ્યુનિ. ફૂડ વિભાગે ગત માસમાં લીધેલા તલના લાડુ, ચીકીના 15 નમૂના પાસ

(એજન્સી) ભાવનગર । તા. 18

ભાવનગર મહાપાલિકાના ફૂડ વિભાગે અગાઉ લીધેલો મલાઇ પનીરનો નમૂનો સબસ્ટાન્ડર્ડ થતાં કોટ કોર્ટે ઉત્પાદકને પેનલ્ટી ફટકારી છે. ઉપરાંત, ગૃહઉદ્યોગમાંથી લીધેલો સીંગતેલનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર કરાયો છે. જયારે ગત જાન્યુઆરી માસમાં લીધેલા તલના લાડુ, ચીકીના ૧૫ નમૂના પાસ થઈ ગયા છે. આ ઉપરાંત મહાપાલિકાના ફૂડ વિભાગે ચાલુ માસમાં ખાદ્યપદાર્થના 6 નમૂના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યાં છે. ખાદ્યપદાર્થમાં ભેળસેળ અટકાવવા માટે શહેર કક્ષાએ ભાવનગર મહાપાલિકાનો ફૂડ વિભાગ સમયાંતરે નમૂના લઈ તપાસ




માટે લેબોરેટરીમાં મોકલતું હોય છે. અને રિપોર્ટના આધારે કાર્યવાહી કરતું હોય છે. મહાપાલિકાના ફૂડ વિભાગે ગત તા. ૫ મે,૨૦૨૩ના રોજ શહેરના દાણાપીઠમાં મહેંદી ચોકમાં આવેલ મયુર એજન્સીમાંથી ગોપી બ્રાન્ડનો મલાઈ પનીરનો ૧ કિલો પેકિંગનો નમૂનો લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યો હતો જે સબસ્ટાન્ડર્ડ જાહેર થયો હતો. ત્યારબાદ આ કેસ એડજ. કોર્ટમાં ચાલી જતા કોર્ટે ઉત્પાદક કાન્તિલાલ મણીલાલ અને મયુર એજન્સીને કુલ રૂા.૧.૬૫ લાખની પેનલ્ટી ફટકારી હતી. જયારે ગત તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૪માં આંનદનગરમાં આવેલ માહિ ગૃહ ઉદ્યોગમાંથી ફૂડ વિભાગની ટીમે સીંગતેલનો લુઝ નમૂનો લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યો હતો અને આ સીંગતેલનો નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયો છે તેથી પેઢીને જવાબ રજૂ કરવા ૩૦ દિવસનો સમય આપ્યો હોવાનું મહાપાલિકાના ફૂડ વિભાગે જણાવ્યું હતું.

તલાના લાડુ અને ચીકીના ૧૫ નમૂના લઈ તપાસ માટે લેબોરેટરીમાં મોકલ્યા હતા પરંતુ આ નમૂનાઓ પાસ થઈ ગયા હતાં.

### દંડ લઈ સંતોષ માનતુ સરકારી તંત્ર, કડક નિયમ બનાવવા જરૂરી

રાજ્ય સરકારના ફૂડ વિભાગ દ્વારા ખાદ્યપદાર્થમાં ભેળસેળ અટકાવવા માટે તપાસ કરી નમૂના લેવામાં આવતા હોય છે અને આ નમૂનોઓ તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવતા હોય છે. આ નમૂનોઓમાં ભેળસેળ જણાય તો ઉત્પાદક પેઢી અને છુટક વેપારી પેઢીને દંડ ફટકારવામાં આવતો હોય છે. વેપારીઓ પેનલ્ટી ભરી દેતા હોય છે અને સરકારી તંત્ર દંડ લઈ સંતોષ માને છે પરંતુ ખાદ્યપદાર્થમાં ભેળસેળ અટકાવવા માટે કડક નિયમ બનાવવા જોઈએ તેમ લોકમુખે ચર્ચાય રહ્યુ છે.

### નડિયાદમાં 10 લાખ ફાળવવા છતાં મરીડા દરવાજાનું સમારકામ ન થયું



નડિયાદ : નડિયાદ શહેરમાં આવેલો ઐતિહાસિક મરીડા દરવાજો જર્જરિત બનતા રિનોવેશન માટે રૂા. ૧૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. છતાં દરવાજાનું સમારકામ શરૂ નહીં કરાતા ગ્રાન્ટના રૂપિયા ચાઉં થઈ ગયા હોવાના આક્ષેપ સાથે વહેલી તકે પડવાના વાંકે ઉભેલા મરીડા દરવાજાનું રિનોવેશન કરવા માંગણી ઉઠી છે.નડિયાદ શહેરમાં નવ દરવાજા, નવ તળાવો અને નવ ભાગોળો આવેલી છે. નડિયાદ શહેરમાં આવેલા મરીડા દરવાજાની હેરિટેજ ઈમારતની જાળવણી રાખવામાં સ્થાનિક સત્તાધીશો નિષ્ફળ પુરવાર થયા છે.

# ગ્રુપલોનના કૌભાંડમાં ઝડપાયેલા 6 શખ્સોના 3 દિવસના રિમાન્ડ મંજૂર

(એજન્સી) આણંદ । તા. 18

આણંદ જિલ્લાના પેટલાદ ખાતે આવેલી નેબફિન્સ પ્રાઈવેટ લિ. કંપની ખાતે મહિલાઓને આત્મનિર્ભર કરવા સારું ગુરપલોન આપી એક યુવતી સહિત છ શખ્સોએ રૂ. ૮૪ લાખનું ગુરપલોન કૌભાંડ આચર્યુ હતું. જેમાં આણંદ એલસીબીએ કૌભાંડ સંદર્ભે તમામ ૬ શખ્સોને ઝડપી લઈ વધુ તપાસ અર્થે તેઓના ૩ દિવસના રિમાન્ડ મેળવી વધુ પૂછપરછ હાથ ધરી છે.આણંદના પેટલાદમાં આવેલી નેબફિન્સ પ્રાઈવેટ લિ. કંપનીની શાખાના બ્રાન્ચ મેનેજર સહિત કર્મચારીઓએ ખાનગી માણસો સાથે મળી ખોટી રીતે લોન લેવા ગ્રાહકોના ડોક્યૂમેન્ટ જાણ બહાર મેળવી એકબીજાની મદદગારીથી ગેરરીતિ આચરી હોવાનું કંપનીના મેનેજમેન્ટના ધ્યાને આવ્યું હતું. જેથી કંપની દ્વારા તપાસ કરતા કર્મચારીઓએ ભેગા મળી કંપનીમાં ૨૧૧ લોન એકાઉન્ટ ખોટી રીતે ઓપન કરી મળતિયાઓના નામ બેનિફિશયરી તરીકે બેંક પાસબુકમાં ખોટી રીતે એડિટ કરી ખોટા ડોક્યૂમેન્ટનો ખરા તરીકે ઉપયોગ કરી અલગ અલગ વ્યક્તિઓના નામે લોન લઈ રૂા. ૮૪ લાખની ગેરકાયદે લોન લીધાનું ખૂલ્યું હતું. જે અંગે બેંક ડેપ્યૂટી મેનેજર ઉદયન શિવપ્રકાશ ભૂમિહારે છ શખ્સો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.




### દ્વારકાથી 1212 માં દેવદિવાળીએ રણછોડજી આવેલા

# ડાકોરના ઠાકોર 1772 ની મહા વદ-પાંચમે ઠાકોરજી સિંહાસને ઉપર બિરાજ્યા હતા

(એજન્સી) ડાકોર । તા. 18

ડાકોરના ઠાકોરને ૨૫૪ વર્ષ પહેલા ઈ.સ.૧૭૭૨માં મહા વદ પાંચમના દિવસે મંદિરના સિંહાસન ઉપર બીરાજમાન કરવામાં આવ્યા હતા. સોમવારે મંદિરમાં પાટોત્સવ ઉજવાયો હતો. સાંજે શુદ્ધ ઘીથી દીપમાળા કરવામાં આવતા મંદિર રોશનીથી ઝળહળી ઉઠયું હતું. તેમજ ભાવિક ભક્તોના 'જય રણછોડ'ના નાદથી મંદિર પરિસર ગૂંજી ઉઠયું હતું. સંવત ૧૨૧૨ની દેવ દિવાળીના દિવસે રણછોડરાય દ્વારકાથી ડાકોરમાં પધાર્યા હતા. તે સમયે ઠાકોરજી ગોમતી ઉપર બિરાજ્યા હતા. બાદમાં બોડાણાના ભોંયરામાં અને પછીથી ઈ.સ.૧૭૨૫માં લક્ષ્મીજીના મંદિરનું નિર્માણ કરવામાં આવતા ઠાકોરજી તે મંદિરમાં બિરાજ્યા હતા. આ અરસામાં ગુજરાતમાં મરાઠા શાસનની શરૂઆત હતી. પીલાજીરાવ ગાયકવાડ ઉપર મોગલ બાદશાહે ડાકોરમાં ખૂની હુમલો કરવ્યો હતો અને સાવલીમાં તેમનું નિધન થયું હતું. બાદમાં ધર્મપ્રેમી પેશ્વા અને ગાયકવાડ દ્વારા રણછોડરાયજીને ડાકોર અને કંજરી ગામ ભેંટ આપીને તેની વંશપરંપરાગત વહીવટ કરવાની સનદ તાંબેવકરને આપવામાં આવી હતી. પ્રથમ સરદાર ગોપાલ રાવ તાંબેવેકર દ્વારા ડાકોરમાં વર્તમાન મંદિરનું એક લાખના ખર્ચે બાંધકામ કરવામાં આવ્યું હતું. ઈ.સ.૧૭૭૨માં મહા વદ પાંચમના દિવસે મંદિરમાં પાટ પર રણછોડરાયજીને પધરાવવામાં આવ્યા હતા. સોમવારે મંદિરનો ૨૫૪મોં પાટોત્સવ યોજાયો હતો. રણછોડરાયજીને મંગળા આરતી બાદ ઋતુ અનુકૂળ વિશેષ વસ્ત્ર, શૃંગાર કરીને ભોગ ધરાવવામાં આવ્યો હતો. તેમજ શૃંગાર આરતીમાં અબીલ-ગુલાલ અર્પણ કરી હોળીખેલ ખેલાયો હતો. શૃંગાર આરતી સમયે તિલક અને રાજભોગમાં કંસાર અને બાદમાં મહાભોગ અર્પણ કરાયો હતો. તેમજ સાંજે શુદ્ધ ઘીથી દીપ મહોત્સવ ઉજવાયો હતો.



# નડિયાદમાં પત્ની સાથે આડાસંબંધનો વહેમ રાખી પતિએ મિત્રની હત્યા કરી

### બોલાચાલી કરીને માથામાં લાકડાનો ડંડો ફટકારી મોતને ઘાટ ઉતાર્યો

નડિયાદ : નડિયાદ પશ્ચિમમાં જય અંબે સોસાયટીમાં રહેતા અને ટ્રેક્ટરની ડીલરશીપનો ધંધો કરતા ધર્મેશભાઈ હસમુખભાઈ દરજીને ગત તા.૧૫ ફેબુરઆરીની રાત્રે તેનો મિત્ર મેહુલ ભાનુભાઈ સુથાર ગાડીમાં બોલાવી ગયો હતો. લસુન્દ્રા હાઈવે ઉપર તેણે ગાડી ઉભી રાખતા બંને નીચે ઉતર્યા હતા. જ્યાં મેહુલે પોતાની પત્ની સાથે આડા સંબંધ હોવા બાબતે ધર્મેશ સાથે બોલાચાલી કરી હતી. બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા મેહુલે ધર્મેશભાઈના માથામાં પાવડાના લાકડાનો ડંડો મારી તેમની હત્યા કરી હતી. બાદમાં પુરાવાનો નાશ કરવા ધર્મેશભાઈની લાશને કેનાલમાં ફેંકી દીધી હતી. જોકે, સોમવારે લસુન્દ્રા કેનાલ નજીકથી બિનવારસી કાર મળી આવતા કઠલાલ પોલીસે તપાસ હાથ ધરી હતી. કારમાંથી ધર્મેશનો મોબાઈલ અને લાકડાનો ડંડો મળી આવ્યા હતા. જેથી પોલીસે એફએસએલની ટીમ અને ડોગ સ્ક્વોડની મદદથી તપાસ હાથ ધરી હતી. તેમજ મેહુલની પૂછપરછ કરતા તેણે પોતાની પત્ની સાથે ધર્મેશને પ્રેમ સંબંધ હોવાનો વહેમ રાખીને હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. આ અંગે ધર્મેશના પત્ની નેહલબેન દરજીની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે મેહુલ સુથાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### જાણ થયા બાદ યુવકે આપેલી ધમકીથી ભાઈ ડરી ગયો હતો

# કુટુંબની મહિલા સાથે અનૈતિક સંબંધની જાણ થતાં કૌટુંબિક ભાઈએ કઠણાના યુવકની હત્યા કરી હતી

(એજન્સી) આણંદ। તા. 18

બોરસદ તાલુકાના ચુવા ગામની પાલિયાટ સીમમાં આવેલા ખેતરમાં બોરસદ તાલુકાના કઠાણા ગામના યુવકની ગળું કાપીને કરાયેલી ઘાટકી હત્યાનો ભેદ ઉકેલાયો છે. કુટુંબની મહિલા સાથે અનૈતિક સંબંધોના કારણે કઠાણા ગામના જ કૌટુંબિક ભાઈએ દારૂ પીવડાવી છરી વડે ગળા તથા પેટના ભાગે ઘા કરી યુવકની ક્રૂરતાથી હત્યા કરી નાખી હોવાનું ખૂલ્યું છે. ત્યારે પોલીસે કૌટુંબિક ભાઈની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.બોરસદ તાલુકાના ચુવા ગામની પાલિયાટ સીમ વિસ્તારમાં ગત તા. ૧૪મીએ આવેલા નીલગીરીવાળા ખેતરમાંથી એક અજાણ્યા યુવકનું ગળું કાપી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. મૃતકના શરીરે તિક્ષ્ણ હથિયારના સંખ્યાબંધ ઘા પણ ઝીંક્યા હતા. આ અંગે બોરસદ ગ્રામ્ય પોલીસે હત્યાનો ગુનો નોંધી લાશને પીએમ માટે મોકલી આપી હતી. પોલીસની અલગ અલગ ટીમો દ્વારા તપાસ શરૂ કરાઈ હતી. દરમિયાન ઓળખ માટે સોશિયલ મીડિયામાં પ્રસિદ્ધ ફોટાના માધ્યમથી મૃતક બોરસદ તાલુકાના કઠાણા ગામનો અજય રમણભાઈ પઢિયાર હોવાનું જાણવા મળ્યું હતું. જેથી આણંદ એલસીબી સહિતની પોલીસની ટીમો હત્યાના આ બનાવ સંદર્ભે માહિતી એકત્ર કરવા કામે લાગી હતી. જેમાં તા. ૧૩મી ફેબુરઆરીએ અજય પઢિયાર ઘરેથી ક્યાં ક્યાં ગયો તે બાબતે ૧૦૦થી વધુ સીસીટીવી ચકાસતા સમગ્ર દિવસ દરમિયાન અજય સાથે એક વ્યક્તિની હાજરી જણાઈ હતી. મૃતકની સાથે જોવા મળેલા યુવકની તપાસ કરતા તે અજય પઢિયારનો કૌટુંબિક ભાઈ ઈશ્વર ચંદુભાઈ પઢિયાર હોવાનું અને બંને વચ્ચે થોડા સમય પૂર્વે ઝઘડો થયો હોવાનું જાણવા મળ્યું હતું.બોરસદ તાલુકાના વ્હેરા ગામની વાણિયાકુવા ચોકડી ખાતેથી ઈશ્વર પઢિયારને એલસીબીએ આજે ઝડપી પાડયો હતો. બાદમાં તેની પૂછપરછમાં તે ભાંગી પડયો હતો અને તેણે જ આ હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું.

### બ્યુટીફીકેશન માટે 1.92 કરોડની મંજૂરી

# ઉનાળા પહેલાં જ આણંદનું લોટેશ્વર તળાવ સૂકાયું, વનસ્પતિ ઉગી નીકળી

(એજન્સી) આણંદ । તા. 18

આણંદના લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે પાલિકા દ્વારા નવેમ્બર મહિનામાં રૂ.૧.૯૨ કરોડના કામની મંજૂરી આપવામાં આવી હતી. જોકે, તળાવમાંથી વરસાદી પાણી સુકાઈ જતાં ઉનાળા પહેલા જ તળાવ સુકુભઠ્ઠ થયું છે. નવું પાણી ભરવા માટે બોરની વ્યવસ્થા ન હોવાથી તળાવ સુકાઈ જતાં તેમાં જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે. ત્યારે તળાવમાં સત્વરે ચોખ્ખુ પાણી ભરવામાં આવે તેવી માંગ ઉઠી છે. આણંદ નગરપાલિકા દ્વારા તા.૨૭ નવેમ્બરના રોજ યોજવામાં આવેલી સામાન્ય સભામાં લોટેશ્વર તળાવના બ્યુટીફીકેશન માટે રૂ.૧.૯૨ કરોડ તથા તળાવમાં ૬ મીની હાઈમાસ્ટ પોલ નાખવા માટે રૂ.૧૫ લાખના કામોને મંજૂરી આપવામાં આવી હતી. ત્યારબાદ નગરપાલિકા મહાનગરપાલિકામાં પરિવર્તિત થઈ ગઈ હતી. જોકે, ઉનાળાની



શરૂઆત પહેલા જ લોટેશ્વર તળાવમાં પાણી સુકાઈ જતાં તળિયું દેખાઈ રહ્યું છે. તેમજ તળાવમાં જંગલી વનસ્પતિ અને ઘાસ ઉગી નીકળ્યા છે. દર વર્ષે તળાવના બ્યુટીફીકેશનના નામે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને નેતાઓ ખાતમુહૂર્ત પણ કરે છે પરંતુ તળાવમાં પાણી ભરવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી ઉનાળાની શરૂઆતથી જ તળાવ સુકાઈ જતું હોવાના આક્ષેપ શહેરીજનોએ લગાવ્યાં હતાં. તળાવમાં વરસાદી પાણી સુકાઈ ગયા બાદ ચોખ્ખુ પાણી ભરી, સહેલગાહનું સ્થળ બનાવવા તથા બોટિંગની સુવિધાઓ શરૂ કરવા શહેરીજનોએ માંગ કરી છે. આ અંગે મનપાના મુખ્ય ઈજનેર પીનલ સાંગાણીએ જણાવ્યું હતું

### ટુવ્હીલર, ફોરવ્હીલર અને રિક્ષાના આડેધડ પાર્કિંગ

# આણંદ શહેરમાં દબાણોના કારણે ટ્રાફિકની સમસ્યા કાયમી બની

(એજન્સી) આણંદ । તા. 18

આણંદના વિવિધ વિસ્તારોમાં રસ્તા પર આડેધડ પાર્કિંગ, લારી, ગલ્લાં અને પાથરણાવાળાઓના દબાણો તથા પુલ બનાવવાની કામગીરીના કારણે ટ્રાફિકની સમસ્યા વકરી છે. ટૂંકી ગલી, બસ સ્ટેન્ડ, રણછોડરાય માર્કેટ સહિતના સ્થળેથી મનપાએ દબાણો દૂર કર્યાં બાદ સ્થિતિ જૈસે થે છે. ત્યારે મનપા દ્વારા કાયમી દબાણો દૂર કરવા સંદર્ભે આયોજન કરવામાં આવી રહ્યું હોવાની હૈયાધારણા આપી હતી. આણંદ મહાનગરપાલિકા દ્વારા થોડા દિવસ પૂર્વે શહેરના વિવિધ વિસ્તારોમાંથી દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ મનપાની તકેદારીના અભાવે ફરીથી વિવિધ વિસ્તારોમાં દબાણો જૈસે થે બન્યા છે. શહેરના અમૂલ ડેરી રોડ ઉપર આવેલા મેમુ ફાટકનો પુલ બની રહ્યો હોવાથી બંને સાઈડ પતરા લગાવવામાં આવ્યા છે. પરિણામે ટ્રાફિક સર્જાય છે. ઉપરાંત મોટી શાકમાર્કેટની બંને બાજૂ ફળ અને શાકભાજીની લારીઓ ઉભી રહેતી હોવાથી ફળ-શાકભાજી ખરીદવા આવતા ગ્રાહકો પોતાના બાઈક અને કાર રસ્તા પર આડેધડ પાર્ક કરતા હોવાથી રસ્તા ખૂબ સાંકડા થઈ જાય છે. રેલવે સ્ટેશન તથા ગોદી પાસે રિક્ષાના આડેધડ પાર્કિંગના કારણે ટ્રાફિકની



સમસ્યા વકરી છે. જ્યારે આણંદ ટાઉન પોલીસ સ્ટેશનની સામે પણ ટુ-વ્હીલર, ફોર-વ્હીલર અને લારીઓના કારણે સતત ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. ઉપરાંત વહીવટી તંત્ર માટે માથાના દુ:ખાવા સમાન બનેલી ટૂંકી ગલીમાંથી મનપાએ દબાણ દૂર કર્યા હતા પરંતુ તકેદારીના અભાવે ફરી લારી-પાથરણાવાળાઓ ઉભા રહેવા લાગ્યાં છે. રણછોડરાય માર્કેટમાં પણ તેવી જ સ્થિતિ ઉદભવી છે. બસ સ્ટેન્ડ વિસ્તારમાં દબાણોના કારણે આખો દિવસ ચક્કાજામની સ્થિતિ સર્જાયેલી રહે છે. જેથી વાહનચાલકો તો ઠીક પરંતુ રાહદારીઓને પણ ચાલવામાં હાલાકી વેઠવી પડી રહી છે. આ અંગે આણંદ મનપાના ડેપ્યુટી કમિશનર નિલાક્ષ મકવાણાએ જણાવ્યું હતું કે, બસ સ્ટેન્ડ, ટૂંકી ગલી, મોટી શાકમાર્કેટ, રેલવે સ્ટેશન વિસ્તારમાંથી કાયમી દબાણો દૂર કરવા સંદર્ભે આયોજન કરવામાં આવી રહ્યું છે. ઝડપથી તમામ દબાણો દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

### છોટાઉદેપુરના રંગપુર નાકા રોડ પરથી

# ડાંગરના કટ્ટાની આડમાં ટ્રકમાં લઇ જવાતો 13.77 લાખનો દારૂ ઝડપાયો

(એજન્સી) છોટાઉદેપુર । તા. 18

છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તારના રંગપુર નાકા રોડ ઉપર રોડ ઉપરથી ટાટા ટ્રકમાંથી ડાંગરના કટ્ટાની આડમાં કુલ .રૂ.૧૩,૭૭,૭૫૦ નો વિદેશી દારૂ લઈ જવાતો હતો.જે એલ સી બી પોલીસે ઝડપી પાડયો હતો. છોટાઉદેપુરમાં દારૂ બંધીના કાયદાનું પાલન થાય તે માટે કાર્યવાહી કરવા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા એલ સી બીને સૂચના આપી હતી. એલ સી બી પી આઈ સ્ટાફ સાથે છોટાઉદેપુર પોલીસ સ્ટેશન વિસ્તાર પેટ્રોલીંગમાં હતા.

તે સમયે બાતમીના આધારે એક ટ્રકમાં ડાંગરના કટ્ટાની આડમાં વિદેશી દારૂ ભરેલો હતો.જે ટ્રક સુરખેડા ગામ બાજુથી રંગપુર નાકા થઈ બોડેલી તરફ જનાર હતી.તે સમયે રંગપુર નાકા પાસે રોડ ઉપર વોચ ગોઠવી હતી.થોડી વારમાં નાની ટ્રક આવતા તેના ચાલકને ઉભી રાખવાનો ઈશારો કરતા ચાલક પોતાની ટ્રક રોડની સાઇડમાં ઉભી રાખી ચાલક નાસવા જતાં તેને પકડી પાડયો હતો. પકડાયેલા શખ્સને ટ્રક નજીક લાવી ગાડીના ચાલકનુ નામ-ઠામ પુછતા તેણે પોતાનું નામ ઈમરાનભાઇ ગુલામભાઇ મેઘરાજીયા હોવાનુ જણાવ્યુ હતુ. તેમજ ગાડીની પાછળના ભાગે જોતા તેમાં ડાંગરના કટ્ટા ભરેલ મળી



આવેલો અને જે ડાંગરના કટ્ટા હટાવી જોતા તે ડાંગરના કટ્ટાની આડમાં વિદેશી દારુ ભરેલી પેટીઓ મળી આવેલી હતી.તેમાં તપાસતા વિદેશી દારુ ભરેલા પ્લાસ્ટીકના ક્વાટરીયા તથા બીયરના ટીનની પેટીઓ નંગ-૨૩૧ કુલ બોટલો નંગ-૧૦,૨૫૦ રૂ.૧૩,૭૭,૭૫૦ વિદેશી દારુ તથા દારની હેરાફેરીમાં ઉપયોગ લીધેલી નાની ટ્રક ,ગાડી રૂ.૫૩૦૭ ની રૂ.૭ લાખ તથા મોબાઈલ નંગ-૧ રૂ.૨,૦૦૦ તથા ડાંગરના કટ્ટા નંગ-૨૨ રૂ.૩૩૦૦ મળી કુલ રૂ.૨૦,૮૩,૦૫૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

### વસોના પલાણા ગામનો તલાટી 5 હજારની લાંચ લેતા ઝડપાયો

નડિયાદ : પલાણા ગામે આવેલી ફરિયાદીના કૌટુમ્બિક ભાઈઓના નામની જમીનોની વારસાઈ કરાવવા માટે તથા જમીનો પર જે ઘરનું ગેરકાયદેસર બાંધકામ થયું હતું તે ઘરોના નંબરો સહિતની તા.૬ ફેબુરઆરી, ૨૦૨૫ના રોજ આપેલી અરજી સંદર્ભે જરૂરી પુરાવાના દસ્તાવેજો આપવા માટે પલાણા ગામના તલાટી નરેન્દ્રસિંહ ઘનશ્યામસિંહ વાઘેલાએ રૂ.૧૦ હજારની લાંચ માંગી હતી. જેમાંથી રૂ. ૫ હજાર ફરિયાદી પાસેથી ઓનલાઈન ટ્રાન્સફર કરી મેળવ્યા હતા. જ્યારે બાકીના રૂ. પાંચ હજાર માટે તા.૧૭ ફેબુરઆરીના રોજ નડિયાદ નજીક ડભાણ ચોકડી પાસે તુલસી ફૂડ કોર્ટ ખાતે તલાટીએ ફોન કરીને આપી જવાનું જણાવ્યું હતું. જોકે, ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી એસીબીનો સંપર્ક કરી ફરિયાદ આપી હતી. જેથી નડિયાદ એસીબી પીઆઈએ સોમવારે છટકું ગોઠવી તલાટી નરેન્દ્રસિંહને ફરિયાદી સાથે લાંચ હેતુલક્ષી વાતચીત કરી, લાંચના રૂ. પાંચ હજાર સ્વીકારતા એસીબીએ રંગે હાથ ઝડપી પાડયા હતા. એસીબીએ તલાટી વિરૂદ્ધ ગુનો નોંધી, અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. દિવસ ની શરૂઆત માંજ તમને કોઈ આર્થિક હાનિ થયી શકે છે જેથી આખું દિવસ ખરાબ થયી શકે છે. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો.

**વૃષભ (બ,વ,ઉ)**
ઉચ્ચ કેલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. તમારા મહેમાનો સાથે અનાડી જેવું વર્તન ન કરતા. તમારૂં વર્તન ન માત્ર તમારા પરિવારને નારાજ કરશે બલ્કે સંબંધોમાં પણ તિરાડ પાડી શકે છે.

**મિથુન (ક,છ,ઘ)**
સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. પારિવારિક સમસ્યાઓને ઉચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ. વધુ મોડું કર્યા વિના તમારે એ વિશે ચર્ચા કરવી જોઈએ .

**કર્ક (ડ,હ)**
ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારા આશ્ચર્ય વચ્ચે તમારો ભાઈ તમારી મદદ આવશે. તમારે સહકાર આપી એકબીજાના સહયોગમાં કામ કરી એકમેકને ખુશ કરવાના રહેશે.

**સિંહ (મ,ટ)**
ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં-અન્યથા તમે ઘરે ખાલી ખિસ્સે પહોંચો એવી શક્યતા છે.

**કન્યા (પ,ઠ,ણ)**
આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે. તમે જે કંઈ કરશો તેમાં તમે શ્રેષ્ઠ હશો-તમે કેટલા સક્ષમ છો.

**તુલા (ર,ત)**
છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે- તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે.

**વૃશ્ચિક (ન,ય)**
બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખો ધન ચોરી થવા ની શક્યતા છે.

**ધન (ભ,ધ,ફ)**
તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારી અનુકંપા તથા સમજદારીનું વળતર તમને મળશે.

**મકર (ખ,જ)**
તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો.

**કુંભ (ગ,શ,સ)**
આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. આજે તમારે અન્યોની જરૂરિયાતો પર ધ્યાન આપવાની જરૂર પડશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો.

# ભારતમાં બમ્પર ભરતી સાથે વિસ્તરણ કરશે ટેસ્લા

(એજન્સી) મુંબઈ તા 18

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન ઈલોન મસ્ક સાથેની બેઠક ફળી છે. વિશ્વની ટોચની બીજા ક્રમની ઈવી કંપની ટેસ્લાના માલિક મસ્કે ભારત માટે વિસ્તરણ યોજના રજૂ કરતાં મોટી સંખ્યામાં ભરતી કરવાની જાહેરાત કરી છે. કંપનીએ તેના લિંક્ડઈન પેજ પર વિવિધ 13 કેટેગરી માટે 2000થી વધુ ભરતી કરવાની જાહેરાત કરી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં જ અમેરિકામાં ટેસ્લાના માલિક ઈલોન મસ્કને મળ્યા હતા. તેમજ તેમણે પણ ટેસ્લા ભવિષ્યમાં ભારતમાં મોટાપાયે રોકાણ કરે તેવી સંભાવનાઓ દર્શાવી હતી. વડાપ્રધાન મોદીએ ઈલોન મસ્ક સાથેની બેઠક અંગે માહિતી આપતાં જણાવ્યું હતું.



## ટેસ્લાએ રિસ્ટોર બ્રાન્ડ શરૂ કરી

ટેસ્લા પાવર ઈન્ડિયાએ હાલમાં જ જૂની બેટરીઓની જાળવણી અને સમારકામ કરી વેચવા પોતાની બેટરી બ્રાન્ડ રિસ્ટોર લોન્ચ કરી હતી. જે હેઠળ તે 2026 સુધીમાં દેશભરમાં રિસ્ટોર બ્રાન્ડના 5000 સ્ટોર શરૂ કરશે. ટેસ્લા પાવર ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર કવિન્દર ખુરાનાએ જણાવ્યું હતું કે, ભારતમાં બિઝનેસ વિસ્તરિત કરવાના ભાગરૂપે અમે ઈનોવેશન મારફત ટકાઉ લક્ષ્યો મેળવવા પ્રતિભાશાળી વ્યક્તિઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકાનો ઉપયોગ કરવા માગીએ છીએ. અમારી ટીમમાં નવી પ્રતિભાઓનું સ્વાગત કરતાં આ મિશનને વેગ આપવા સક્ષમ છીએ.

**દિલ્હી-મુંબઈમાં વધુ વેકેન્સી |** મીડિયા રિપોર્ટ અનુસાર, ટેસ્લા દ્વારા ઓફર કરવામાં આવેલી 2000 નોકરીઓમાં ઓછામાં ઓછી પાંચ નોકરી દિલ્હી અને મુંબઈમાં છે. મુંબઈમાં કસ્ટમર એન્ગેજમેન્ટ મેનેજર, ડિલિવરી ઓપરેશન્સ સ્પેશયાલિસ્ટ જેવા પદ માટે વેકેન્સી છે.

**ઈમ્પોર્ટ ટેરિફના કારણે ટેસ્લાને ભારતમાં અડચણો |** ભારત દ્વારા ઈ કારની આયાત પર ઊંચા ટેરિફના કારણે ટેસ્લા ઓટો સેગમેન્ટમાં ભારતમાં પ્રવેશી શકી નથી. જો કે, પોલીસીમાં મોટા ફેરફારોના કારણે ભારતમાં આગામી સમયમાં ટેસ્લા ઈવી સેગમેન્ટમાં મજબૂત ગ્રોથ નોંધાવે તેવી શક્યતા જોવા મળી છે. ભારતે મોંઘીદાટ કારની આયાત માટે પોતાની બેઝિક કસ્ટમ ડ્યૂટી 100 ટકાથી ઘટાડી 70 ટકા કરી છે. જેના લીધે સ્થાનિક બજારોમાં ઈવી કંપનીઓ 41.5 અબજ રૂપિયાનું રોકાણ કરવા તૈયાર છે.

# FlyDubaiની ભારતીય બજારમાં એન્ટ્રીની તૈયારી, Go Firstને ખરીદવાનો પ્લાન




(એજન્સી) મુંબઈ તા 18

લો-કોસ્ટ એરલાઈન કેરિયર ફ્લાયદુબઈ, બિઝી બી એરવેઝ સાથે ભાગીદારી દ્વારા ભારતમાં એરલાઈન કારોબાર શરૂ કરવાની શક્યતા શોધી રહી છે. બિઝી બી એરવેઝ નાદાર ગો ફર્સ્ટને ખરીદવા માટે લેણદારો સાથે વાટાઘાટો કરી રહી છે. મીડિયા રિપોર્ટ અનુસાર, બિઝી બી ગો ફર્સ્ટના ટ્રેડમાર્ક, ફ્લાઈંગ લાઈસન્સ અને એરપોર્ટ સ્લોટ્સ મેળવવા માટે ગો ફર્સ્ટની કમિટી ઓફ ક્રેડિટર્સ સાથે વાતચીત કરી રહી છે. બિઝી બીએ અગાઉ માર્ચ, ૨૦૨૪માં પણ ૧૧,૦૦૦ કરોડના નાદારીનો કેસ લડી રહેલી ગો ફર્સ્ટ માટે બિડ પણ મૂકી હતી અને હવે ફરી એકવાર રસ દાખવ્યો છે. એક બેકિંગ સિનિયર અધિકારીના જણાવ્યા અનુસાર બોલી લગાવનારની નજર ગો ફર્સ્ટની એસેટ કરતાં બ્રાન્ડ પર વધુ છે. ટ્રેડમાર્ક અને લાઈસન્સ માટે જ લગભગ રૂ. ૧૦૦૦ કરોડની ઓફર થઈ ચૂકી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર દુબઈ એવિએશન કોર્પોરેશનની પેટાકંપની ફ્લાયદુબઈ ભારતમાં એક નવી ડોમેસ્ટિક એરલાઈન શરૂ કરવા માટે બિઝી બી સાથે ગો ફર્સ્ટ બ્રાન્ડને ખરીદવા વાતચીત કરી રહી છે. કોર્પોરેટ બાબતોના મંત્રાલયના ડેટા અનુસાર, ફ્લાયદુબઈના દક્ષિણપૂર્વ એશિયાના કોમર્શિયલ ઓપરેશન્સ માટે ડિરેક્ટર પ્રાણ સથાદાસન દ્વારા એપ્રિલ ૨૦૧૭માં બિઝી બી શરૂ કરવામાં આવી હતી. તે દુબઈ સરકારની મુખ્ય રોકાણ શાખા, ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ દુબઈ (આઈસીડી)ની માલિકીની છે. જો આ સોદો પૂર્ણ થશે તો એતિહાદ બાદ વધુ એક દુબઈની મોટી એરલાઈન્સ ભારતીય એવિયેશન સેક્ટરમાં પ્રત્યક્ષ ઉતરશે.જોકે હાલ ચર્ચા હેઠળના સોદાની કાયદાકીય આંટીઘૂંટી પર નજર કરીએ તો ફ્લાયદુબઈ ભારતમાં એરલાઈન બિઝનેસ શરૂ કરી શકે છે. શિડયુલ્ડ એર ટ્રાન્સપોર્ટ સર્વિસીસ અને સ્થાનિક શિડયુલ્ડ પેસેન્જર એરલાઈન્સમાં ૧૦૦ ટકા એફડીઆઈને મંજૂરી છે. તેમાં ૪૦ ટકા રોકાણ ઓટોમેટિક રૂટ દ્વારા આવી શકે છે પરંતુ ૪૯ ટકાથી વધુ રોકાણ માટે સરકારની મંજૂરી લેવી પડશે. જોકે એનઆરઆઈના કિસ્સામાં ઓટોમેટિક રૂટ દ્વારા ૧૦૦ ટકા એફડીઆઈને પૂર્વમંજૂરી છે.ગોફર્સ્ટે મે, ૨૦૨૩માં નાદારી માટે અરજી કરી પરંતુ કોઈ ખરીદાર ન મળતા એનસીએલટીએ જાન્યુઆરી, ૨૦૨૫માં તેના લિક્વિડેશનનો આદેશ આપ્યો હતો.જોક બિઝી બીએ એપેલેટ ટ્રિબ્યુનલ પાસેથી પરવાનગી માંગી છે. અગાઉ ઈઝમાય ટ્રિપના પૂર્વ સીઈઓ નિશાંત પિટ્ટીએ પણ ગો ફર્સ્ટને ફરી રનવે પર દોડતી કરવા રૂ. ૧૬૦૦ કરોડનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો.

### ચાંદીનો આધાર ભાવ વધારીને 42 ડોલર પ્રતિ કિલો કરાયો

# ભારતે સોના અને ચાંદીની મૂળ આયાત કિંમતમાં 41 જેટલા ડોલરનો વધારો કર્યો

(એજન્સી) મુંબઈ તા 18

ભારત સરકારે સોનાની બેઝિક ઈમ્પોર્ટ પ્રાઈસમાં પ્રતિ ૧૦ ગ્રામ ૪૧ ડોલરનો વધારો કર્યો છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સ દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન અનુસાર સોનાનો મૂળ આયાત ભાવ હવે વધીને ૯૩૮ ડોલર પ્રતિ ૧૦ ગ્રામ થઈ ગયો છે. આ ઉપરાંત ચાંદીનો બેઝિક ભાવ વધારીને ૪૨ ડોલર પ્રતિ કિલો કરવામાં આવ્યો છે.



ફેરફાર વૈશ્વિક સ્તરે ભાવમાં થઈ રહેલ વધારાને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે. અમેરિકા અને ચીન વચ્ચે વધતા વેપાર તણાવને કારણે સોનાને સુરક્ષિત રોકાણ સ્થળ તરીકે ગણવામાં આવી રહ્યું છે. તેથી જ સોનાની માંગમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. વૈશ્વિક સ્તરે વધતી જતી આર્થિક અનિશ્ચિતતા અને ભૂ-રાજકીય જોખમોને કારણે, ગ્લોબલી પણ સોનાના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે.

બેઝ પ્રાઈસનો ઊંચી રાખવાનો અર્થ એ છે કે આયાત ડ્યુટી બજારના વલણો સાથે સુસંગત રહે. ઈમ્પોર્ટ ડ્યુટી જે-તે કોમોડિટીની બેઝ પ્રાઈસને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. ચાંદીના બજાર ભાવમાં વધારો થયો છે અને તેના કારણે આયાત ભાવમાં પણ ફેરફાર કરવો જરૂરી છે. આયાત ભાવમાં તાજેતરમાં થયેલા વધારાથી સ્થાનિક સોનાના ભાવ પર પણ અસર પડશે. વાસ્તવમાં, વેપારીઓ નવી બેઝ પ્રાઈસ અનુસાર કિંમતોમાં ફેરફાર કરે છે.

## AVP ઈન્ફ્રાકોનને તમિલનાડુમાં ₹ 87 કરોડના માળખાગત વિકાસ માટે LOA મળ્યો


(એજન્સી) ચેન્નાઈ | તા 18

અગ્રણી માળખાકીય સુવિધાઓ ડેવલપમેન્ટ કંપનીઓમાંની એક, AVP ઈન્ફ્રાકોન લિમિટેડ (NSE - AVPINFRA), ને તમિલનાડુમાં તિરુકોઈલુર-આસનુર રોડને પહોળો કરવા અને મજબૂત બનાવવા માટે તિરુવન્નામલાઈ સર્કલના સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર હાઈવે કન્સ્ટ્રક્શન એન્ડ મેન્ટેનન્સ તરફથી સ્વીકૃતિ પત્ર (LOA) મળ્યો છે. આશરે 86.54 કરોડના મૂલ્યના આ પરિયોજનામાં રસ્તાને બે લેનથી ચાર લેન સુધી પહોળો કરવાનો સમાવેશ થાય છે અને તેમાં જંકશન અપગ્રેડ, પૂલનું પહોળુંકરણ અને પુનર્નિર્માણ, નાના પુલોનું બાંધકામ અને સેન્ટર મધ્યક, પાણી-નિકાલ દિવાલ અને ફરસબંધી જેવા નોંધપાત્ર માળખાકીય સુધારાઓનો સમાવેશ થાય છે. આ ઓર્ડર પ્રદેશમાં પરિવહન જાળગૂંથણી વધારવા માટેની એક વ્યાપક પહેલનો એક ભાગ છે અને 18 મહિનામાં પૂર્ણ થવાની અપેક્ષા છે. AVP ઈન્ફ્રાકોન આ પરિવર્તનશીલ પરિયોજના ભાગ બનવાનો ગર્વ અનુભવે છે, જે ભારતના માળખાગત વિકાસમાં મુખ્ય ખેલાડી તરીકે તેની સ્થિતિને મજબૂત બનાવે છે અને રાષ્ટ્રના ચાલુ વિકાસ અને પ્રગતિમાં યોગદાન આપે છે. નવા ઓર્ડર પર ટિપ્પણી કરતા, AVP ઈન્ફ્રાકોન લિમિટેડના એમડી શ્રી પ્રસન્ના ધનદયુથપાણીએ જણાવ્યું હતું કે, 'આ મહત્વપૂર્ણ ઓર્ડર અમારી સફરમાં એક મહત્વપૂર્ણ ક્ષણ છે, જે માળખાગત ક્ષેત્રમાં અમારા પદચિહ્નને વધુ મજબૂત બનાવે છે. તાજેતરના સમયમાં, આ એક મુખ્ય ઓર્ડર છે જે અમે પ્રાપ્ત કર્યો છે. આ પરિયોજના ફક્ત દેશના રસ્તાઓને વધારવા માટેની અમારી પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે, પરંતુ મોટા પાયે, ઉચ્ચ-અસરકારક પરિયોજનાને સફળતાપૂર્વક ચલાવવાની અમારી ક્ષમતાને પણ પ્રતિબિંબિત કરે છે.

# ઘટાડા સાથે બંધ થયુ શેરબજાર, સેન્સેક્સ 75,901 અંકે બંધ થયુ

(એજન્સી) મુંબઈ તા 18

મંગળવારે શેરબજાર લાલ નિશાનમાં બંધ થયુ છે. બપોરે 3.30 કલાકે શેરબજાર ઘટાડા સાથે બંધ થયુ. સેન્સેક્સની વાત કરીએ તો, સેન્સેક્સ 95.52 પોઈન્ટના ઘટાડા સાથે 75,901 અંકે બંધ થયુ હતું. જ્યારે નિફ્ટી 36.75 પોઈન્ટના ઘટાડા સાથે 22,922.75 અંકે બંધ થયો. સેન્સેક્સ વીકલી એક્સપાયરીના દિવસે બજારમાં રિકવરી જોવા મળી અને બજાર નીચલા સ્તરથી સુધારા સાથે બંધ થયું. FMCG, ઓટો અને બેંકિંગ શેરમાં દબાણ જોવા મળ્યું. જ્યારે આઈટી, એનર્જી, પીએસઈ સૂચકાંકો વધારા સાથે બંધ થયા હતા. મિડકેપ, સ્મોલકેપ સૂચકાંકો તળિયેથી રિકવર થયા



પછી બંધ થયા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.2 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.8 ટકા ઘટીને બંધ થયો. ટ્રેન્ટ, ઈન્ડસઈન્ડ બેંક, એચયુએલ, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, એમ એન્ડ એમ નિફ્ટીમાં ટોચના ઘટાડા કરનારા હતા. જ્યારે ટેક મહિન્દ્રા, વિપ્રો, એપોલો હોસ્પિટલ્સ, પાવર ગ્રીડ અને HDFC બેંક નિફ્ટીમાં ટોચના ફાયદાકારક રહ્યા.

### ઘરઆંગણે સ્ટીલ સસ્તુ થવાના કિસ્સામાં વપરાશકારોને લાભની અપેક્ષા

# ટ્રેડ વોરને પરિણામે દેશનો સ્ટીલ ઉદ્યોગ જોખમમાં મુકાશે

(એજન્સી) મુંબઈ તા 18

અમેરિકા દ્વારા સ્ટીલ તથા એલ્યુમિનિયમ પ્રોડકટસ પર વધારાના ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની કરાયેલી જાહેરાતથી દેશમાં સ્ટીલ ઉદ્યોગના ચાલી રહેલા ક્ષમતા વિસ્તરણ અથવા નવા પ્રોજેકટસ સામે પડકારો ઊભા થયા છે. એક અંદાજ પ્રમાણે ડિસેમ્બરના અંત સુધીમાં કુલ ૩૫૦ જેટલા પ્રોજેકટસ અમલીકરણ હેઠળ જે પાછળ રૂપિયા ૮.૬૦ ટ્રિલિયનનો મૂડી ખર્ચ અંદાજાયો છે. સ્ટીલ તથા એલ્યુમિનિયમની આયાત પર અમેરિકામાં ૨૫ ટકા વધારાની ટેરિફ વસૂલવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત કરવામાં આવી છે ત્યારે આ જાહેરાતને પગલે



ભારતમાં સસ્તા સ્ટીલનો પૂરવઠો ખાસ કરીને ચીન ખાતેથી સ્ટીલનું ડમ્પિંગ વધી જવાની સ્ટીલ ઉદ્યોગને ચિંતા સતાવી રહી છે. સ્ટીલની આયાતમાં વધારાથી ઘરઆંગણેના સ્ટીલ ઉદ્યોગોમાં માલભરાવો થવાની અને વિસ્તરણ કાર્યક્રમો ઘોંચમાં પડવાની શકયતા જોવાઈ રહી છે. દેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી માળખાકીય ક્ષેત્રના વિકાસને લઈને સ્ટીલની માગમાં નોંધપાત્ર વધારો થયો છે જેને પહોંચી વળવા સ્ટીલ ઉત્પાદકોએ ક્ષમતાના વિસ્તરણ માટે કાર્યક્રમો હાથ ધર્યા છે એમ સ્ટીલ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું. એલ્યુમિનિયમની સરખામણીએ સ્ટીલ ઉત્પાદકો પર ઊંચા ટેરિફની વધુ અસર જોવા મળશે કારણ કે ભારતમાં અગાઉથી જ સ્ટીલની માગ કરતા પૂરવઠો વધુ જોવા મળી રહ્યો છે. સ્ટીલના ભાવમાં કોઈપણ ઘટાડાથી સ્ટીલ ઉત્પાદકોના માર્જિન પર દબાણ આવશે પરંતુ સ્ટીલના વપરાશકારોને આ ઘટાડોનો લાભ થશે તેવી ગણતરી મૂકવામાં આવી રહી છે. દેશમાં બાંધકામ, ઓટો, માળખાકીય, રેલવે પ્રોજેકટસ વગેરેમાં સ્ટીલનો મોટો વપરાશ થાય છે.

## એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટે પશુ વિકાસ દિવસ દરમિયાન વિવિધ સ્થળોએ સૌથી મોટા પશુ કલ્યાણ શિક્ષણનો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ રચ્યો

(એજન્સી) અમદાવાદ | તા 18

એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટે ભારતના 6 સ્થળોએ 517 સહભાગીઓ સાથે 'લાર્જેસ્ટ કેટલ વેલફેર લેસન (મલ્ટીપલ વેન્યુ)'નો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ સર્જીને ઈતિહાસ રચ્યો છે. આ સિમાચિહ્ન કંપનીની પશુ વિકાસ દિવસ (પીવીડી)ની 7મી આવૃત્તિના ભાગરૂપે પૂર્ણ કરવામાં આવ્યું હતું, જે દેશભરમાં સૌથી મોટી એક દિવસીય પશુ સંભાળ શિબિરો છે. આ શિબિરો એક સાથે 16 રાજ્યોમાં 500 સ્થળોએ યોજવામાં આવી હતી, જેનો આશરે 1,90,000 લાભાર્થીઓ (1,50,000 પશુઓ અને 40,000 પશુ માલિકો)એ લાભ લીધો હતો. ભારતમાં, લગભગ 65-70% ગ્રામીણ વસ્તી તેમની આજીવિકા માટે કૃષિ અથવા કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓ પર આધાર રાખે છે. તેથી, પશુઓ અને પશુધન તેમની આજીવિકા રળવાની પ્રવૃત્તિઓ અને નાણાકીય સુખાકારીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. આ અતૂટ બંધનને ધ્યાનમાં રાખીને એસએમએફજી ઈન્ડિયા ક્રેડિટે 'મેરા પશુ મેરા પરિવાર' થીમ હેઠળ પશુ વિકાસ દિવસની 7મી આવૃત્તિની ઉજવણી કરી હતી, જે આ ગ્રામીણ પરિવારોના જીવનમાં પશુધનના મહત્વને દર્શાવે છે. વાર્ષિક પીવીડી (PVD) કાર્યક્રમમાં 6,000થી વધુ કર્મચારીઓની સક્રિય ભાગીદારી પણ જોવા મળી હતી, જેણે ગ્રામીણ કલ્યાણ માટે કંપનીની પ્રતિબદ્ધતાને બળવત્તર બનાવી હતી.

# રૂપિયામાં બેતરફી ઉછળકુદ

## ડોલર તૂટયા પછી ફરી વધી રૂ.86.89 બોલાયો

(એજન્સી) મુંબઈ તા 18

મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં બેતરફી ઉછળકુદ જોવા મળી હતી. ડોલરના ભાવ આરંભમાં ઝછડપી નીચા ઉતર્યા પછી ફરી ઉંચકાયા હતા. શેરબજાર આજે દિવસ દરમિયાન બપોર સુધથી ઘટયા પછી ફરી ઉંચકાતાં તેની અસર કરન્સી બજાર પર દેખાઈ હતી. રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૬.૮૪ વાળા આજે સવારે રૂ.૮૬.૬૯ ખુલ્યા પછી નીચામાં ભાવ રૂ.૮૬.૬૮ થયા પછી ભાવ ફરી ઉછળી ઉંચામાં રૂ.૮૬.૮૯ થઈ છેલ્લે બંધ ભાવ રૂ.૮૬.૮૭ રહ્યા હતા. રૂપિયો ઉંચકાયા પછી ફરી તૂટયો હતો. જોપાનના જીડીપીના ડેટા સારા આવ્યા હતા તથા વિશ્વ બજારમાં ડોલર સામે જાપાનીઘ યેનના ભાવ વધ્યા હતા. મુંબઈ બજારમાં ગયા સપ્તાહમાં ડોલર સામે રૂપિયો ઝડપી ઉંચકાતાં વિતેલું સપ્તાહ રૂપિયા માટે પાછલા ૧૯ મહિનાનું શ્રેષ્ઠ સપ્તાહ બન્યું હતું. દરમિયાન, વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વ કિ ઈન્ડેક્સ આજે ૦.૧૫ ટકા વધ્યો હતો. આ ઈન્ડેક્સ નીચામાં૧૦૬.૬૨ તથા ઉંચામાં ૧૦૬.૯૦ થઈ ૧૦૬.૮૭ રહ્યાના



**જાપાનના જીડીપીના ડેટા સારા આવતાં યેનના ભાવ ઉંચકાયાં : બ્રિટીશ પાઉન્ડ તથા યુરોમાં સામસામા રાહ: ડોલર ઈન્ડેક્સ વધ્યો**

સમાચાર હતા. મુંબઈ બજારમાં રૂપિયા સામે બ્રિટીશ પાઉન્ડનાભાવ ૯ પૈસા વધી ઉંચામાં ભાવ રૂ.૧૦૯.૪૯ થઈ છેલ્લે બંધ ભાવ ૧૦૯.૩૯ રહ્યા હતા. જો કે યુરોપીયન કરન્સી યુરોના ભાવ બેતરફી વધઘટ વચ્ચે ફરતા રહ્યા હતા. યુરોના ભાવ રૂ.૯૧ વાળા ઉંચામાં રૂ.૯૧.૧૪ તથા નીચામાં રૂ.૯૦.૯૪ થઈ છેલ્લે રૂ.૯૦.૯૯ રહ્યા હતા. રૂપિયા સામે જાપાનની કરન્સી આજે ૦.૬૭ ટકા ઉછળી હતી. જ્યારે ચીનની કરન્સી ૦.૦૩ ટકા નજીવી પ્લસમાં રહ્યાના નિર્દેશો હતા. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પની ટેરીફ વિષયક નીતિઓ તથા રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ સમાપ્તી વિષયક પ્રગતી કેવી રહે છે તેના પર કરન્સી બજારના ખેલાડીઓની નજર રહી હતી. વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવ વધ્યા પછી ફરી ઘટતાં તેની અસર મુંબઈ કરન્સી બજારમાં રૂપિયાના ભાવ પર જોવા મળી હતી.

# બેંક ડિપોઝીટરો માટેના વીમા કવચની મર્યાદા વધારવાની વિચારણા ચાલે છે

(એજન્સી) મુંબઈ તા 18

બેન્કોમાં ખાતેદારોની થાપણ સામેના વીમા કવચની મર્યાદા વધારવાની દરખાસ્ત વિચારણા હેઠળ છે. આ મુદ્દે સરકાર એક વખત નિર્ણય કરશે ત્યારબાદ નાણાં મંત્રાલય તે મતલબનું નોટિફિકેશન જાહેર કરશે એમ નાણાંકીય સેવા બાબતોના સચિવ એમ નાગારજુએ જણાવ્યું હતું. આ દરખાસ્ત પર કયારે નિર્ણય લેવાશે તેની કોઈ સમયમર્યાદા નિશ્ચિત કરાઈ નથી એવી પણ તેમણે એક પત્રકાર પરિષદને સંબોધતા સ્પષ્ટતા કરી હતી. ગયા સપ્તાહે મુંબઈસ્થિત ન્યુ ઈન્ડિયા સહકારી બેન્કનું પ્રકરણ પ્રકાશમાં આવ્યા બાદ થાપણ સામે વીમા કવચની મર્યાદાનો મુદ્દો ઊભો થયો છે. ૧૩ ફેબુરઆરીએ એક




નિર્ણય મારફત રિઝર્વ બેન્કે ન્યુ ઈન્ડિયા સહકારી બેન્ક પર વિવિધ અંકૂશો મૂકી દીધા છે.ડિપોઝિટ ઈન્સ્યૂરન્સ એન્ડ ક્રેડિટ ગેરન્ટી કોર્પોરેશને બેન્કમાં થાપણદારોની પડેલી રકમ સામે દાવાની પતાવટની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. થાપણદારોએ તેમના દાવા ૩૦મી માર્ચ સુધીમાં રજૂ કરી દેવાના રહેશે અને દાવા ૧૪મી મે સુધીમા ચૂકવી દેવાશે એમ રિઝર્વ બેન્કના સુત્રોએ અગાઉ જણાવ્યું હતું. હાલમાં બેન્ક થાપણદારોને રૂપિયા પાંચ લાખ સુધીનું વીમા કવચ મળે છે. પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેન્કની કટોકટી બાદ બેન્ક થાપણ સામેનું વીમા કવચની રકમ રૂપિયા એક લાખ પરથી વધારી રૂપિયા પાંચ લાખ કરવામાં આવી છે. નાણાં વર્ષ ૨૦૨૪માં કોર્પોરેશને કુલ રૂપિયા ૧૪૩૨ કરોડના દાવાની પતાવટ કરી હતી જેમાંના મોટાભાગના સહકારી બેન્કોને લગતા હતા. ૩૧મી માર્ચ, ૨૦૨૪ સુધીમાં કોર્પોરેશન સમક્ષ ૧૯૯૭ બેન્કોએ વીમા આવરણ મેળવ્યા હતા. આ બેન્કોમાં ૧૪૦ કમર્સિઅલ અને ૧૮૫૭ સહકારી બેન્કો હતી.

## જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ અનુરાગ મેહરોત્રાને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમ્યાં

ગુરુગ્રામ : જેએસડબ્લ્યુ એમજી મોટર ઈન્ડિયાએ આજે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે શ્રી અનુરાગ મેહરોત્રાની નિમણૂક કરવાની જાહેરાત કરી હતી. ત્રણ દાયકાનો વ્યાવસાયિક અનુભવ ધરાવતા શ્રી અનુરાગ ઑટોમોટિવ સેક્ટરના સેલ્સ, માર્કેટિંગ, સ્ટ્રેટેજી અને બિઝનેસ ડેવલપમેન્ટ જેવા કાર્યક્ષેત્રોમાં ઘણી અગ્રણી ભૂમિકાઓ ભજવી ચૂક્યાં છે. તેમના બહોળા અનુભવમાં અગ્રણી રાષ્ટ્રીય અને વૈશ્વિક કંપનીઓમાં ટોચના પદોનો સમાવેશ થાય છે. તેમની અગાઉની ભૂમિકાઓમાં ટાટા મોટર્સ કૉમર્શિયલ વ્હિકલ્સ ખાતે સ્ટ્રેટેજી અને ઈન્ટરનેશનલ બિઝનેસના વાઈસ પ્રેસિડેન્ટ તથા ફોર્ડ ઈન્ડિયામાં પ્રેસિડેન્ટ અને મેનેજિંગ ડિરેક્ટર જેવા પદોનો સમાવેશ થાય છે. ગુરુગ્રામમાં સ્થાયી થયેલા શ્રી અનુરાગ વ્યૂહાત્મક વિકાસની વિવિધ પહેલને આગળ વધારશે અને કંપનીના ચાર બ્રાન્ડ સ્તંભોને મજબૂત બનાવશે, જે છે: વૈવિધ્યતા, અનુભવ, નવીનીકરણ અને સમુદાય.



## એક્ટિવ ક્લોથિંગે નાણાકીય વર્ષ 25 ના ત્રીજા ક્વાર્ટરમાં 223% PAT વૃદ્ધિ સાથે મજબૂત Q3 રિપોર્ટ્સ આપ્યા છે

મોહાલી : એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડ, (BSE - 541144), ભારતના અગ્રણી 'ડિઝાઈન-ટુ-શેલ્ફ' પ્લેટફોર્મ પૈકીનું એક, જે વૈશ્વિક ફેશન બ્રાન્ડ્સ માટે ફ્લેટ-નિટેડ સ્વેટર, જેકેટ્સ અને ગોળાકાર-નિટેડ વસ્ત્રોમાં વિશેષતા ધરાવે છે, તેણે તેના ઓડિટ વગરનું Q3 અને 9M FY25 પરિણામો જાહેર કર્યા છે. નાણાકીય કામગીરી પર ટિપ્પણી કરતા એક્ટિવ ક્લોથિંગ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજેશ મહેરાએ જણાવ્યું હતું કે, "અમને નાણાકીય વર્ષ 25 ના ત્રીજા અને 9મા ક્વાર્ટરમાં મજબૂત નાણાકીય કામગીરી નોંધાવતા આનંદ થાય છે, જેમાં અમારા Q3 PAT માં 223% નો વધારો થયો છે અને અમારી 9M FY25 ની આવક પહેલાથી જ FY24 ના સંપૂર્ણ વર્ષના આવકને વટાવી ગઈ છે.

આ વૃદ્ધિ નવીનતા, કાર્યક્ષમતા અને અગ્રણી વૈશ્વિક ફેશન બ્રાન્ડ્સ સાથેના સંબંધોને મજબૂત બનાવવા પર અમારા સતત ધ્યાનને પ્રતિબિંબિત કરે છે. AI-સંચાલિત ડિઝાઈન, સ્માર્ટ મેન્યુફેક્ચરિંગ અને ડેટા-બેક્ડ માર્કેટિંગનો ઉપયોગ કરીને, અમે અમારા કાર્યોને શ્રેષ્ઠ કરી રહ્યા છીએ અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં અમારી હાજરીને વિસ્તૃત કરી રહ્યા છીએ. પર્યાવરણને અનુકૂળ સામગ્રી અને અદ્યતન ઉત્પાદન તકનીકો પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા વિકસિત ઉદ્યોગ વલણો સાથે સુસંગત છે, જે ખાતરી કરે છે કે અમે સ્પર્ધાત્મક પ્રાકૃતિક-દશ્યમાં આગળ રહીએ. અમને અમારા વિકાસના માર્ગ પર વિશ્વાસ છે અને આગામી ક્વાર્ટરમાં ટકાઉ મૂલ્ય પ્રદાન કરવા માટે આતુર છીએ.



**આજકાલ ફ્રિજ લગભગ દરેક ઘરમાં જોવા મળે છે. કેટલાક લોકો ફ્રિજને હોલમાં રાખે છે તો કેટલાક તેને રસોડામાં રાખે છે. તેમજ રસોડામાં કે હોલમાં ફ્રિજ રાખવા માટે કેટલી જગ્યા છે તે પણ જોવું જરૂરી છે. તમે જોયું હશે કે દરેક વ્યક્તિ ફ્રિજને દિવાલની ખૂબ જ નજીક રાખે છે. જોકે, ઘણા લોકોને ખબર નથી હોતી કે ફ્રિજ અને દિવાલ વચ્ચે કેટલું અંતર રાખવું જોઈએ. આ બાબતે માહિતી ન હોવાથી અથવા તો બેદરકારીના કારણે લોકોને ભારે નુકસાન થઈ શકે છે. જો જાણો આ નુકસાનથી બચવા શું કરવું જોઈએ.**

# ઘરમાં ફ્રીજને દીવાલને અડાવીને મૂકતા હોવ તો ચેતી જજો, આટલું અંતર રાખવું હિતાવહ

**ફ્રિજ ઓછું ઠંડુ થાય |** ફ્રિજને દિવાલની નજીક રાખવાથી ફ્રિજની પાછળની હવાની ગતિમાં અવરોધ આવે છે. જેથી ફ્રિજની કોઈલમાંથી બહાર નીકળતી ગરમ હવા તેની ફ્રિજની આસપાસ જ રહે છે. જેના કારણે ઘણી વખત ફ્રિજની અંદરનું તાપમાન પણ વધી જતું હોય છે. જેથી ફ્રિજ તેની કેપેસિટી કરતા ઓછું ઠંડુ થાય છે.

**કમ્પ્રેસર પરનો ભાર વધે |** ફ્રિજની અંદરના તાપમાન વધી જવાના કારણે, કોમ્પ્રેસર પરનો ભાર વધે છે. આથી ફ્રિજની અંદર રહેલું કમ્પ્રેસર ઠંડક વધારવા માટે સતત કામ કરતું રહે છે. જેના કારણે રેફ્રિજરેટર કમ્પ્રેસર પર ભાર વધે છે. જેથી ઈલેક્ટ્રિસીટી બિલ પણ વધુ આવે છે.

**રૂમની દિવાલને પણ નુકસાન પહોંચાડે |** જો ફ્રિજ દિવાલની નજીક રાખવામાં આવે છે તો ફ્રિજની ગરમ હવા દિવાલને નુકસાન પહોંચાડે છે. ઘણી વખત એવું પણ જોવા મળે છે કે ફ્રિજની પાછળની દિવાલ કાળી પડી ગઈ હોય. જે ફ્રિજની ગરમીના કારણે થાય છે. જો તામ્ર ઘરની દિવાલ પણ કાળી પડી ગઈ હોય તો આજે જ તેમની વચ્ચેનું અંતર વધારવું જોઈએ.

**હીટર કે ગેસની નજીક ન રાખવું જોઈએ |** તમારે ફ્રિજને સીધા હીટર અથવા અન્ય ગરમ સ્ત્રોતની નજીક પણ ન રાખવું જોઈએ. કારણ કે જો ફ્રિજ આવી કોઈ જગ્યા પર હશે તો તેના તાપમાનમાં મોટો તફાવત આવશે.

**ફ્રિજને દિવાલથી કેટલું દૂર રાખવું જોઈએ? |** ફ્રિજને દિવાલથી 6-10 ઈંચના અંતરે રાખવું જોઈએ. વાસ્તવમાં, કોઈપણ ફ્રિજને અંદરથી ઠંડુ રાખવા માટે સખત મહેનત કરવી પડે છે. આ ઠંડકની પ્રક્રિયા દરમિયાન, ગ્રીલની અંદરથી ગરમી છોડવામાં આવે છે. આ જ કારણ છે કે ફ્રિજને દિવાલથી ખૂબ નજીક ન રાખવું જોઈએ.



# પેટ દર્દમાં દવા નહીં રસોઈની આ વસ્તુનું કરો સેવન

**હીંગનો ઉપયોગ અનેક વાર ઘરેલૂ ઉપાયમાં કરવામાં આવે છે. તેમાં એન્ટીબાયોટિક, એન્ટીવાયરલ અને એન્ટીબેક્ટેરિયલ ક્ષમતા હોય છે. પેટ ફૂલવું, શ્વાસની સમસ્યાની સારવાર માટે પુરુષોની સાથે સાથે મહિલાઓને પણ તેનો ઉપયોગ કરવાનું સૂચન કરાય છે. જો તમેને પણ પેટમાં દુ:ખવાની, ગેસની કે અપચાની સમસ્યા છે તો તમે તેમાં હીંગનો ખાસ ઉપાય કરી શકો છો. જાણો કઈ રીતે કરી શકાશે તેનો ઉપયોગ.**



**ગરમ પાણીમાં ઓગાળીને |** જો તમારા પેટમાં દર્દ છે તો તમે હીંગને પાણીમાં પલાળી લો અને પછી તેને ઉપયોગમાં લો, તેનાથી મેટાબોલિઝમ ઝડપી બને છે અને સાથે ડાઈજેશન પણ સારું રહે છે.

**ભોજનમાં કરો હીંગનો પ્રયોગ |** જો તમે ભોજનમાં હીંગનો પ્રયોગ કરો છો તો તે તમારી રસોઈનો સ્વાદ વધારે છે. આ સાથે ગેસ સંબંધી સમસ્યાઓને રોકવામાં મદદ કરે છે. જો તમે એક ચપટી હીંગ અપચાની સમસ્યાને દૂર કરવામાં મદદ કરે છે. ભારતમાં લોકો તમામ દાળ અને બીન્સમાં ઉપયોગમાં લે છે. કેમકે આ પ્રોટીન અને યૂરિક એસિડથી ભરપૂર હોય છે અને તેનાથી પાચન ક્ષમતા સરળ બને છે.

**આદુ અને હીંગનું સેવન |** જો તમે હીંગની સાથે આદુનું સેવન કરો છો તો તમારા પેટમાં વધારાની ફેટ ઓછી કરવામાં મદદ કરે છે. તેનાથી અપચાની સમસ્યાને દૂર કરે છે. આદુ અને હીંગ બંને એક સાથે પેટમાં સારી રીતે કામ કરે છે. આદુ પાચનનું કામ કરે છે અને હીંગ ખાવાનું પચાવવામાં મદદ કરે છે.

**હીંગની ચા |** જો તમે હીંગની ચાનું સેવન કરો છો તો તમે એસિડિટી કે પેટ ફૂલવાની સમસ્યાથી રાહત મેળવી શકો છો. આ માટે એક કપ ગરમ પાણીમાં આદુ પાવડર, સેંધા મીઠું અને એક ચપટી હીંગ મિક્સ કરી લો. તેની ચા બનાવી લો. તમે એસિડિટી અને પેટ ફૂલવાથી રાહત મેળવી શકશો.

**હીંગથી કરો માલિશ |** જો તમને હીંગનો સ્વાદ પસંદ નથી તો તમે પેટમાં દર્દ હોય તે સમસ્યામાં નાભિ પર હીંગ અને સરસિયાના તેલની માલિશ કરો. તેનાથી પેટના દર્દમાં રાહત મેળવી શકશો. પેટના ગેસને દૂર કરવામાં પણ તે મદદ કરશે.

# બાળકને આવી ગયા છે ચશ્મા?

## તો રોજ ખવડાવો આ વસ્તુઓ, ઉતરી જશે આંખના નંબર



ઘણા બાળકોને નાની ઉંમરમાં ચશ્મા આવી જાય છે. કારણ કે તેમની આંખો નબળી થઈ ગઈ હોય છે. આંખ નબળી પડી જાય તો ચશ્મા વિના કોઈપણ વસ્તુ સ્પષ્ટ રીતે જોઈ શકાતી નથી. તેથી ફરજિયાત બાળકને નાની ઉંમરથી જ ચશ્મા પહેરાવવા પડે છે. જો તમે તમારા બાળકને આવેલા ચશ્મા ઉતારવા માંગો છો તો તેને કેટલીક વસ્તુઓ ખવડાવવાની આજથી જ શરૂઆત કરી દો. બાળકોની આંખ જો નાની ઉંમરમાં નબળી પડી જાય તો તેને નાનપણથી જ ચશ્મા પહેરવા પડે છે. આવી સ્થિતિ ન સર્જાય તે માટે બાળકને ગાજર ખવડાવવા જોઈએ. ગાજરમાં વિટામિન એ હોય છે જે આંખ માટે ફાયદાકારક છે. ગાજર ખાવાથી આંખની નબળાઈ દૂર થાય છે. સંતરામાં વિટામીન સી ભરપૂર માત્રામાં હોય છે અને તેનું સેવન કરવાથી પણ આંખ સારી થાય છે. બાળકોના ચશ્માના નંબર ઉતારવા માટે સંતરા મદદરૂપ છે. સંતરા ખાવાથી ઈમ્યુનિટી પણ મજબૂત થાય છે. પપૈયું પણ આંખ માટે ફાયદાકારક છે સાથે જ તે પેટ સંબંધિત બીમારી પણ દૂર કરે છે. બાળકને તમે રોજ પપૈયું ખવડાવી શકો છો. બીન્સ સહિતના લીલા શાકભાજી ખાવાથી પણ આંખને ફાયદો થાય છે. આવા શાકભાજીમાં ઝીંકની માત્રા સારી એવી હોય છે જે આંખને જરૂરી પોષણ પણ પૂરું પાડે છે. બ્રોકલી ખાવાથી પણ બાળકોને ફાયદો થાય છે. બ્રોકલી પોષક તત્વથી ભરપૂર હોય છે. તેને ખાવાથી આંખ સહિત સ્વાસ્થ્યને પણ ફાયદો થાય છે.

# દીપક કે ફાનસનું મહત્વ

ફાનસ કે દીપકનો ઉદભવ ક્યારે અને કોણે કર્યો હશે? શું ભારતમાં ફાનસ કે દીપકનું ચલણ યુગોથી હતું? વગેરે વગેરે અનેક પ્રશ્નો થવા એ સ્વભાવિક છે.પ્રાચીન ભારત માં દીપક નું ચલણ વધારે હતું મધ્ય કાલીન યુગ થી ફાનસ નો ઉપયોગ ભારત માં વધ્યો હતો. વિદેશીઓના ભારત પર આક્રમણ બાદ પ્રવેશ સાથે ફાનસ ભારતમાં પ્રવેશ્યા હતા.ધાર્મિક ગ્રંથમાં માટી ના કાણા વાળા પાત્ર અંદર દીપક મૂકીને પ્રગટાવવા માં આવતો એને ગરબો અથવા તો ટમ ટમિયુ નામે ઉલ્લેખ છે.પ્રાચીન સમયમાં ભારત માં માટી માંથી બનતા પાત્રનો ઉપયોગ વધારે થતો હતો. મોટાભાગે ઘરની અંદર અને બહાર માટી ના દીપક પ્રગટાવવા નો રિવાજ હતો.ફાનસ એ ફારસી શબ્દ છે એનો ગુજરાતી અર્થ લાલ ટેન, હરી કેન વગેરે થાય છે. ઈતિહાસ અનુસાર ભારત માં ફાનસ નો ઉદભવ વિદેશીઓના કારણે થયો છે એવો ઉલ્લેખ વધારે મળે. અંગ્રેજ,પોર્ટુગીઝ, ફ્રેન્ચ અને મુગલ સામ્રાજ્ય દરમિયાન મશાલ,ફાનસ વગેરે નો ઉપયોગ થતો હતો. નવ દાયકા પહેલાં નરસૈંયાના સમય માં સમગ્ર સૌરાષ્ટ્ર માં ઠેર ઠેર ફાનસ નો પ્રકાશ છવાઈ ને રહેતો હતો..

પ્રાચીન કાળમાં ઘરે ઘરે સંધ્યા બાદ દીપ પ્રગટ્યા કરવાનો નિયમ હતો એનું મુખ્ય કારણ અંધારા ના લીધે ભોજન બનાવવાની સમસ્યા થતી હતી.આ ઉપરાંત રાત્રિના સમયે જંગલી પશુઓ,જીવ જંતુઓનો ભય વધારે રહેતો હતો..હિંદુ ધર્મ ગ્રંથ ભાગવતજી અને રામાયણ માં "દીપક એટલે દીવા નો વધારે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રાચીન સમય માં વહેલી સવારે અને સંધ્યા સમયે ઘર ના ગોખલા અને પાણિયારે દીપ પ્રગટાવી ને મુકવાનો રિવાજ હતો. પુરાણ અનુસાર સંધ્યા સમય ને દિવસનો સૌથી ભારે સમય માન્યો છે. દિવસના અજવાળાની સમાપ્તી અને રાત્રિના અંધકાર ની શરૂઆત વચ્ચેનો કાળ એટલે સંધ્યા કાળ. સંધ્યાકાળ માં ભોજન કે અન્ય કાર્યો ન કરવાની બુઝુર્ગો સલાહ આપતા હતા. સંધ્યા સમયે માત્ર ને માત્ર પ્રભુ ભજન અને પ્રભુ સ્મરણ કરવાનું કહેતા હતા.સંધ્યા સમયે નિંદ્રા કરવાથી રોગ કે પીડા આવી શકે છે.પ્રાચીન સમયમાં શુદ્ધ આચાર વિચાર ના લીધે ત્યારે "હોસ્પીટલ અને ડોકટર" બન્ને ના નામ પર લાલ ચોકડી હતી. શુદ્ધ આચાર,વિચાર અને ભોજનના લીધે ગંભીર રોગનું નામોનિશાન નહતું.

પુરાણ અનુસાર સંધ્યા સમય એ દુષ્ટ દૂરા આત્મા નું અદશ્ય વર્ચસ્વ વાતાવરણ માં વધારે રહેતું હોય છે. મૃત્યુ બાદ પણ માણસની ભૂખ, તરસ અને શારિરિક ઈચ્છાઓ મરતી નથી.મૃત્યુ બાદ જીવ નું તાત્કાલિક જન્મવું અશક્ય છે,પુનર્જન્મ માટે જીવને લાંબા સમય સુધી રાહ જોવી પડતી હોય છે. ભૂખ તરસ થી પીડાતા દુસ્ટ





આત્માઓ કે ભૂત પ્રેત પોતાની ઈચ્છાઓની પૂર્તિ માટે સંધ્યા સમયે શરીર કે ઘર શોધતા હોય છે.પ્રેત આત્માઓને અંધારું વધારે ગમે અને અજવાળાથી ભય લાગતો હોય છે.પરિવાર ની સુખ,શાંતિ અને સમૃદ્ધિ પર અન્ય ની બુરી દ્રષ્ટિ કે પ્રેત આત્માઓની નજર ન જાય એટલે ઘરની બહાર સંધ્યા સમયે દીપ મૂકવાનો રિવાજ હતો. જેમ સંધ્યા સમયે પરિવાર ની સુખાકારી અને સમૃદ્ધિ માટે દીપક મૂકવાનો રિવાજ હતો એજ રીતે પ્રાત: કાળ માં પરિવાર ની સ્ત્રીઓ સ્નાન વગેરે બાદ ખુદને સજાવીને ઘરના આંગણે રંગોળી કરીને મધ્યે ઘી નો દીવો વાસ્તુ દેવ ને પ્રસન્ન કરવા માટે કરતી હતી. દીપકનું મહત્વ યુગો ના યુગો સુધી ને વર્તમાન સમયમાં પણ છે. મોટાભાગ ના ઘર માં સંધ્યા સમયે આરતી માટે દીપ પ્રગટાવવા માં આવે છે. ભારતમાં અસંખ્ય વિદેશી લોકોના આક્રમણ ના લીધે કાળે ક્રમ એ ઘર ના દરવાજા બહાર નિયમિત દીપક મૂકવાની પ્રથા ઓછી થતી ગઈ. દિવાળી ના ઉતમ પર્વ માં ઘરને રોશની કે દીપક થી શણગારવાની પ્રથા વર્તમાન સમયમાં પણ અવિરત ચાલુ છે.

ભારતીય સંસ્કૃતિ માં વિદેશી રાજ ની એન્ટ્રી થતાંજ દીપકનું સ્થાન "ફાનસ" એ લઈ લીધું હતું. મધ્ય યુગ ની શરૂઆત માં રાત્રે પેટ્રોલિંગ કરતા પોલીસ પોતાની સાથે ફાનસ લઈને ફરતા હતા.ફાનસના ઉપયોગ ની પ્રથા ઓછામાં ઓછી ૧૮મી સદી સુધી ચાલુ રહી હતી. ૧૭૬૪ માર્ચ અને ૧૭૬૪



\- રુપાલી દવે

ઓક્ટોબર માં બ્રિટિશ મૂળ ના કેનેડિયન જ્યોર્જ ઓલ્સોપેન અંધારા માં પોતાની સાથે ફાનસ ન લઈ જતા એને ધરપકડ બાદ સજા થઈ હતી. ટ્રાફિક નિયમન માટે પણ ફાનસ નો ઉપયોગ ટ્રેન રોકવા અને અન્ય ટ્રાફિક નું નિયમન માટે પણ ઉપયોગમાં લેવાતું હતું. મધ્ય યુગ માં નૌકાદળ ની કામગીરી માટે જહાજો ફાનસ ના માધ્યમ થી સિગ્નલ ની આપ લે કરતા હતા.

ફાનસ ની સાથે ઘણી ધાર્મિક માન્યતા અને દંતકથાઓ જોડાયેલી છે. ઈસ ૨૦૬ બીસી થી ૨૨૦ સી ઈ માં ફાનસ ઉત્સવ ની શરૂઆત હાન રાજવંશી ઓ એ કરી હતી. સમગ્ર ચીન અને અન્ય એશિયન દેશોમાં ખાસ તહેવાર ની વિધિ અંતર્ગત ફાનસ પ્રગટાવવામાં આવતું હોય છે.આ પાછળ ની દંતકથા: કેજેડ નામના રાજા એ ગુસ્સા માં પોતાના હંસ ના વધ બદલ સમગ્ર નગર ને બાળવા માંગતો હતો. સમગ્ર નગર ને બાળવા માટે સિક્રેટ યોજના બનાવી, રાજાની સિક્રેટ યોજના પરી એ ઊંધી પાડી દીધી. પરી એ લોકોને રાજા એની યોજના નો અમલ કરે એ પહેલા ફાનસ પ્રગટાવવાની સલાહ આપી ને અદશ્ય બની ગઈ. ફાનસ ના લીધે રાજાની યોજના ઊંધી પડી ગઈ હતી.ફાનસ ની રોશની માં જગ મગતું શહેર દૂર થી જોઈને સમ્રાટ ને થયું કે પોતે યોજના અમલ કરે એ પહેલાં જ નગર બળી રહ્યું છે પરંતુ નગર તો બચી ગયું હતું. આ કારણોસર લોકો રંગબેરંગી ફાનસ લઈને આ ઘટના ની ઉજવણી કરતા હોય છે.

રાજા અકબર ના સમય માં ફાનસ વિશેની એક પ્રચલિત ઘટના બની હતી. અકબર એના પ્રધાન બીરબલ સાથે નગર ચર્યા કરવા નિત્ય નીકળતા હતા. એક રાત્રિએ રાજા અકબર બીરબલ વેશ પલટો કરીને નગર ચર્યા કરવા નીકળ્યા ત્યારે એક વિચિત્ર દ્રુશ્ય જોતાજ બન્ને ને આશ્ચર્ય સાથે હસવું પણ આવ્યું. રસ્તા પર એક આંધળા એ ખંભે માટી નો પાણી ભરેલો ઘડો એક હાથ થી પકડ્યો હતો ને એના બીજા હાથ માં એણે ફાનસ પકડાયું હતું. રાજા અકબર એની નજીક જઈને ખડખડાટ હસવા લાગ્યો ને આંધળા ને બોલ્યો કે આ માણસ કેટલો બધો મૂર્ખ છે અંધ હોવા છતાંય અજવાળું પકડી ને ચાલી રહ્યો છે.અંધ ને અંધારા કે અજવાળા થી શું ફર્ક પડવાનો? આંધળા એ ગુસ્સા મા જવાબ આપ્યો કે હું અંધ છું એ તમને ફાનસ નું અજવાળું હતું એટલે દેખાયું નહિતર અંધારા માં તમે બન્ને અંધ સાથે ટકરાઈ ગયા હોત તો..બીરબલ એ રાજા અકબર ને અંધ ના પ્રત્યુતર થી ખુશ થઈ ને કહ્યું કે રાજા,ફાનસ ના પ્રકાશ એ આંખ વગર ના જ્ઞાન ચક્ષુ માં પણ અજવાળું પાથરી ને આંખ વાળા ને માર્ગ ચીંધવા નું કાર્ય કર્યું હોય એવું નથી લાગતું....


આધુનિક યુગમાં વીજળી પૂરવઠા ના લીધે દેશ દુનિયા માંથી ફાનસ અને દીપક તહેવારો પૂરતા જ દેખાય છે. પરંતુ વર્તમાન સમયમાં પણ રોગ,દોષ,પીડા અને અદશ્ય શક્તિઓ થી બચવાનો એક માત્ર ઉપાય "ઘર આંગણે દીપક કે ફાનસ પ્રગટાવો" આવશ્યક સમજો.

## 'લોકપ્રિય હોવાનો અર્થ એ નથી કે તમે કંઈપણ પર કોમેન્ટ કરો', રણવીર અલ્લાહાબાદિયાને સુપ્રીમની ફટકાર: ધરપકડ પર સ્ટે મૂક્યો...

# 'જેના મગજમાં ગંદકી ભરી છે એવી વ્યક્તિની કેમ દયા ખાઇએ?'

(એજન્સી) મુંબઈ | તા.18

યુટ્યૂબર રણવીર અલ્લાહાબાદિયાએ 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં માતા-પિતા વિશે ખરાબ કોમેન્ટ કરી ત્યારથી તે મુશ્કેલીમાં મુકાયો છે. તેની સામે ઘણા રાજ્યોમાં કેસ નોંધાયા છે. આ કેસો રદ્દ કરાવવા માટે, યુટ્યૂબરે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ અંગે કોર્ટમાં આજે સુનાવણી થઈ હતી. સુપ્રીમ કોર્ટના ભારે ઠપકા બાદ, યુટ્યૂબરને ધરપકડમાંથી શરતી રાહત આપવામાં આવી છે.
રણવીરને સુપ્રીમ કોર્ટે ફટકાર લગાવી સુપ્રીમ કોર્ટે યુટ્યૂબરને તેની અભદ્ર કોમેન્ટ્સ બદલ ઠપકો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે, 'તેમના મગજમાં જ ગંદવાડ છે. આવા વ્યક્તિની અમે શા માટે દયા ખાઈએ? લોકપ્રિય હોવાનો અર્થ એ નથી કે તમે કંઈપણ કોમેન્ટ કરો. તમે લોકોનાં માતા-પિતાનું અપમાન કરી રહ્યાં છો.
એવું લાગે છે કે તમારા મનમાં કોઈ ખૂણે ગંદકી ભરેલી છે. જે વિકૃત માનસિકતાનું પ્રદર્શન કરવામાં આવ્યું છે, તેનાથી આખો સમાજ શરમ અનુભવશે.' કોર્ટે રણવીરને આદેશ આપ્યો છે કે તે પરવાનગી વિના દેશની બહાર જઈ શકશે નહીં. યુટ્યૂબરને પોલીસ સ્ટેશનમાં પોતાનો પાસપોર્ટ જમા કરાવવાનું કહેવામાં આવ્યું છે. રણવીરના વકીલ અભિનવ ચંદ્રચુડે કોર્ટને જણાવ્યું હતું કે યુટ્યૂબરને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. તેની જીભ કાપવા બદલ 5 લાખ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. આના પર કોર્ટે વકીલને અટકાવીને કહ્યું- શું તમે તેમના દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલી ભાષાનો બચાવ કરી રહ્યા છો?
રણવીરના નિવેદન પર સુપ્રીમ કોર્ટની નારાજગી કોર્ટે તેને ઠપકો આપ્યો અને કહ્યું, તમે તેનો બચાવ કરી રહ્યા છો કે તે અશ્લીલતા નથી. તો અશ્લીલતાનાં ધોરણો શું છે, અમને કહો. તો પછી શું તમે આ પ્રકારની માનસિકતા ક્યાંય બતાવી શકો છો? શું જજમેન્ટ તમને કંઈપણ કરવાનો પરવાનો આપે છે? જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું- રણવીર કહી શકે છે કે આટલી બધી FIRના કારણે તે પોતાનો બચાવ કરવાનો અધિકાર ગુમાવી રહ્યો છે, અમે તેના પર વિચાર કરી શકીએ છીએ. શું બંને FIRનું કન્ટેન્ટ સમાન છે? જ્યારે વકીલ સંમત થયા, ત્યારે કોર્ટે કહ્યું - આનો અર્થ એ છે કે તમે FIR વાંચી નથી.
રણવીરના વકીલ ડૉ. અભિનવ ચંદ્રચુડે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર અને આસામમાં તેમની વિરુદ્ધ FIR નોંધવામાં આવી છે. અભિનવે કહ્યું કે તેનો હેતુ રમૂજ હતો અને કોઈની ગરિમા કે લાગણીઓને ઠેસ પહોંચાડવાનો નહોતો. જસ્ટિસ સૂર્યકાંતે તેમને ઠપકો આપ્યો અને પૂછ્યું, શું તમને કલાના નામે લાઈસન્સ મળી ગયું છે? તમારી ભાષા અપમાનજનક અને વાંધાજનક હતી. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે હાલમાં તેમની સામે બે FIR છે. અભિનવે કહ્યું કે ત્રીજી FIR પણ નોંધવામાં આવી રહી છે.
કોર્ટમાં થયેલી દલીલો જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, કોઈ એવું વિચારતો હોય કે હું આટલો લોકપ્રિય થઈ ગયો છું, એટલે હવે કંઈપણ બોલી શકું છું અને આખા સમાજને હળવાશથી લઈ શકું છું આ કેટલું યોગ્ય? તમે દુનિયાની કોઈ પણ વ્યક્તિ બતાવી દો જેને આવી ભાષા પસંદ હોય. એડવોકેટ અભિનવ ચંદ્રચુડે નુપૂર શર્માના કેસનો ઉલ્લેખ કર્યો. કહ્યું - તેના કહેવા મુજબ, રણવીરને પણ ધમકીઓ મળી રહી છે. તેના સાથીદારને એસિડ એટેકની ધમકી આપવામાં આવી છે. એડવોકેટ અભિનવ ચંદ્રચુડ કહ્યું કે, એક જ કોમેન્ટ માટે અલગ અલગ FIR દાખલ કરવી એ કાનૂની પ્રક્રિયાનો દુરુપયોગ છે. જસ્ટિસ સૂર્યકાંત- જ્યાં સુધી રણવીરને મળી રહેલી ધમકીઓનો સવાલ છે, કાયદો તેનું કામ કરશે. રાજ્ય સરકાર તેમની સામે કાર્યવાહી કરશે.



### શું છે આખો મામલો?

'બિયર બાઈસેપ્સ' તરીકે જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને પોડકાસ્ટર રણવીર અલ્લાહબાદિયા તાજેતરમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં દેખાયો હતો. આ શો તેના વિવાદાસ્પદ અને બોલ્ડ કોમેડી કન્ટેન્ટ માટે જાણીતો છે, પરંતુ આ વખતે શોમાં કંઈક એવું બન્યું, જેનાથી સોશિયલ મીડિયા પર લોકો ગુસ્સે થયા. રણવીરે શોમાં એક કન્ટેસ્ટન્ટને વાંધાજનક પ્રશ્નો પૂછ્યા હતા. રણવીરે એક સ્પર્ધકને એવો ગંદો સવાલ પૂછી નાખ્યો, જેનો અર્થ એવો થતો હતો કે 'શું તમે તમારાં માતા-પિતા સાથે અંગત પળો માણશો?' આ અને આ સિવાય પણ શોમાં ભરપૂર ગંદી કમેન્ટ્સ હતી. એને લીધે ખાસ કરીને યંગસ્ટર્સમાં આ સુપરહિટ શો અત્યારે વિવાદમાં આવ્યો છે. આ શો સામે હવે મુંબઈ હાઈકોર્ટના એડવોકેટ આશિષ રાય અને પંકજ રાયે મહિલા આયોગને પણ ફરિયાદ મોકલી હતી.


ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું કે તમે જે શબ્દો પસંદ કર્યા છે તે માતાપિતા અને બહેનોને શરમાવશે. આ એક વિકૃત માનસિકતા છે. તમે અને તમારા લોકોએ વિકૃતિ બતાવી છે! આપણી પાસે એક ન્યાયિક વ્યવસ્થા છે જે કાયદાના આધારે ચાલે છે. જો ધમકીઓ આપવામાં આવી રહી છે તો કાયદો તેનું કામ કરશે. અભિનવે કહ્યું કે રણવીરની માતા ડોક્ટર છે પણ લોકો તેના ક્લિનિકમાં પહોંચીને તેની સાથે દુર્વ્યવહાર કરી રહ્યા છે. કોર્ટે કહ્યું કે આ શરમજનક છે. તમે પણ તો માતા-પિતા વિશે પણ કંઈક શરમજનક કહ્યું છે. જસ્ટિસ એમ કોટેશ્વર સિંહે કહ્યું કે મને ખાતરી છે.

# કોરિયન એક્ટ્રેસનું ભેદી મોત


## ઘરમાંથી 24 વર્ષની કિમનો મૃતદેહ મળ્યો; છેલ્લે 'બ્લડહાઉન્ડ્સ'માં જોવા મળી હતી...

(એજન્સી) મુંબઈ | તા.18

સાઉથ કોરિયન એક્ટ્રેસ કિમ સે-રોનનું નિધન થયું છે. 24 વર્ષીય એક્ટ્રેસ 16 ફેબ્રુઆરી, રવિવારના રોજ સિઓંગસુ-ડોંગ સ્થિત તેનાં ઘરે મૃત હાલતમાં મળી આવી હતી. જોકે, તેનાં મૃત્યુનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.
કોરિયાના એક અહેવાલ મુજબ, કિમ સે-રોન રવિવારે એક મિત્રને મળવાની હતી. જ્યારે તેનો મિત્ર તેનાં એપાર્ટમેન્ટમાં પહોંચ્યો, ત્યારે તેને કિમનો મૃતદેહ મળ્યો. આ પછી, આ મામલાની માહિતી તાત્કાલિક પોલીસને આપવામાં આવી.
પોલીસ અધિકારી કહે છે કે હજુ સુધી કોઈ ગેરરીતિના સંકેત નથી, પરંતુ કેસની દરેક ખૂણાથી તપાસ કરવામાં આવી રહી છે. 2009માં તેની શરૂઆત થઈ કિમ સે-રોને 2009 માં 'અ બ્રાન્ડ ન્યૂ લાઈફ' થી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે 'ધ મેન ફ્રોમ નોવ્હેર' (2010) માં એક દમદાર અભિનય આપ્યો. તે 'ધ નેબર્સ' (2012), 'હાય!' જેવી ફિલ્મોમાં દેખાય છે. તે 'સ્કૂલ-લવ ઓન' (2014), 'સિક્રેટ હીલર' (2016) અને તાજેતરમાં નેટફ્લિક્સની 'બ્લડહાઉન્ડ્સ' (2023)માં જોવા મળી હતી.



ડ્રિંક એન્ડ ડ્રાઈવ કેસમાં ફસાઈ હતી કિમ વર્ષ 2022માં, કિમ પણ એક વિવાદમાં ફસાઈ હતી. તેણે સિઓલમાં એક હાઈ-પ્રોફાઈલ ડ્રિંક એન્ડ ડ્રાઈવ કેસમાં સંડોવાયેલી હતી, જેના કારણે તેણીને 20 મિલિયન વોન ($13,850) નો દંડ ફટકારવામાં આવ્યો હતો. જોકે, બાદમાં કિમે જાહેરમાં માફી માગી અને એક્ટિંગ કારકિર્દીમાંથી પણ વિરામ લીધો.




# 'સનમ તેરી કસમ 2'ને લઈ વિવાદ: કોપીરાઈટ માટે ડિરેક્ટર અને પ્રોડ્યુસર સામસામે, દીપક મુકુટે કહ્યું- મારા વગર ફિલ્મ બનશે જ નહીં

(એજન્સી) મુંબઈ | તા.18

2016માં રિલીઝ થયેલી ફિલ્મ 'સનમ તેરી કસમ' ફરીથી રિલીઝ થયા પછી બોક્સ ઓફિસ પર સારું કલેક્શન કરી રહી છે. એવામાં ફિલ્મની સિક્વલ વિવાદમાં આવી છે. થોડા સમય પહેલા, 'સનમ તેરી કસમ'ના ડિરેક્ટર રાધિકા રાવ અને વિનય સપ્રુએ એક ઈન્ટરવ્યૂમાં 'સનમ તેરી કસમ 2' બનાવવાની જાહેરાત કરી હતી. હવે ફિલ્મના પ્રોડ્યૂસર દીપક મુકુટે આ અંગે નારાજગી વ્યક્ત કરી છે, કારણ કે તે 2024માં સિક્વલની જાહેરાત કરી ચૂક્યા છે. તે કહે છે કે પ્રોડ્યૂસર હોવાને કારણે તેની પાસે ફિલ્મના અધિકારો છે અને તેના વિના ફિલ્મ બની શકશે નહીં.
'સનમ તેરી કસમ'ના પ્રોડ્યૂસર દીપક મુકુટે સિક્વલ વિવાદ પર બોલિવૂડ હંગામા સાથે વાત કરતા કહ્યું કે, હું 'સનમ તેરી કસમ' ફિલ્મનો પ્રોડ્યૂસર છું અને ફિલ્મનો IP મારી પાસે છે. તો મારી પાસે આ ફિલ્મની સિક્વલ, પ્રિકવલ અથવા રિમેક બનાવવાના પણ અધિકારો છે. મેં સપ્ટેમ્બર 2024 માં હર્ષવર્ધન સાથે તેની સિક્વલની જાહેરાત કરી હતી. જ્યાં સુધી ડિરેક્ટર (વિનય સપ્રુ અને રાધિકા રાવ) ની વાત છે, મેં તેમની સાથે કોઈ ચર્ચા કરી નથી. તે મને મળ્યો નહીં કે આ વિશે વાત પણ કરી નહીં. મેં હજુ સુધી ફિલ્મનો ડિરેક્ટર નક્કી કર્યો નથી. દીપક મુકુટે આગળ કહ્યું, તેનું કામ છે કે તે મારી સાથે વાત કરે, નહિ કે બીજું કંઈ કરવાનું, ખાસ કરીને જ્યારે તે સિક્વલ બનાવવા વિશે ઈન્ટરવ્યૂ આપી રહ્યો હોય. હું ફરી એકવાર કહેવા માગુ છું કે આ ફિલ્મના અધિકારો મારી પાસે છે.

'સનમ તેરી કસમ 2'ની સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે વાતચીત દરમિયાન, દીપક મુકુટે જણાવ્યું કે 'સનમ તેરી કસમ 2' હાલમાં લેખનના તબક્કામાં છે. આ ફિલ્મનો લીડ એક્ટર ફરી એકવાર હર્ષવર્ધન રાણે જ હશે, જ્યારે એક્ટ્રેસ હજુ સુધી નક્કી કરવામાં આવી નથી. 'સનમ તેરી કસમ' રી-રિલીઝમાં હિટ સાબિત થઈ 2016માં રિલીઝ થયેલી ફિલ્મ 'સનમ તેરી કસમ' 7 ફેબ્રુઆરીના રોજ ફરીથી રિલીઝ થઈ છે.


# આદિત્ય ચોપરાનું 'કમ ફોલ ઇન લવ- ધ ડીડીએલજે મ્યુઝિકલ' શો: જેના પંડ્યા અને એશલી ડે મુખ્ય ભૂમિકામાં

મુંબઈ: ભારતીય સિનેમાની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મો પૈકીની એક દિલવાલે દુલ્હનિયા લે જશે (ડીડીએલજે) પર આધારિત નવા મ્યુઝિકલ કોમેડી 'કમ ફોલ ઈન લવ- ધ ડીડીએલજે મ્યુઝિકલ' માં પ્રખ્યાત થિયેટર કલાકારો જેના પંડ્યા અને એશલી ડે મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. જેના પંડ્યા સિમરન અને એશલી ડે રૉગ (રોજર) ના પાત્ર ભજવશે. ડીડીએલજે ભારતીય સિનેમાની સૌથી લાંબી ચાલનારી ફિલ્મ છે, જે 1995થી સતત મુંબઈના થિયેટરોમાં પ્રદર્શન થઈ રહી છે. આ જ દંતકથાસમાન પ્રેમકથાને આદિત્ય ચોપરા 'કમ ફોલ ઈન લવ- ધ ડીડીએલજે મ્યુઝિકલ' તરીકે દિગ્દર્શિત કરી રહ્યા છે. આ ભવ્ય શોનો યૂ.કે. પ્રીમિયર 29 મે, 2025 ના રોજ મેનચેસ્ટર ઓપેરા હાઉસ માં થશે અને 21 જૂન, 2025 સુધી તેનો પ્રદર્શન થશે. જેના પંડ્યા (ભાંગડા નેશન, મમ્મા મિયા) તેમના પાત્ર વિશે બોલતા કહે છે, 'આ એક એવી કહાની છે, જે લાખો લોકોના દિલ સાથે જોડાયેલી છે. મૂળ ફિલ્મ ભારતીય સંસ્કૃતિનો અમૂલ્ય હિસ્સો બની ગઈ છે, અને આ વાર્તાને મંચ પર જીવંત કરવું મારા માટે ગૌરવની વાત છે.' એશલી ડે (એન અમેરિકન ઈન પેરિસ, ડાયનેસ્ટી) કહે છે, 'આ શો એક શૂદ્ધ રોમેન્ટિક કોમેડી છે. તેની સ્ક્રિપ્ટ ખૂબ જ મજેદાર અને હૃદયસ્પર્શી છે. આ વાર્તાની સૌથી ખાસ બાબત એ છે કે બે સંસ્કૃતિઓ એકબીજાની મૂલ્યવ્યુસ્થાને જાળવી રાખીને એકદૂસરા સાથે એકરૂપ થાય છે.




# ધનુષે દિલ્હીમાં તેરે ઈશ્ક મેં માટે શૂટિંગ શરુ કર્યું






મુંબઈ: ધનુષે પોતાની આગામી ફિલ્મ 'તેરે ઈશ્કમેં' નું શૂટિંગ દિલ્હીની કોલજના કેમ્પસથી શરૂ કર્યું છે. ફિલ્મ શૂટિંગના દ્રશ્યો ઓનલાઈન વાયરલ થયાં હતાં. ફિલ્મ શૂટિંગ જોવા માટે કોલેજના વિદ્યાર્થીઓ ઉમટયા હતા.
આનંદ એલ રાય દ્વારા બનાવાઈ રહેલી ફિલ્મમાં ધનુષની હિરોઈન ક્રિતી સેનન છે. ફિલ્મ આગામી નવેમ્બરમાં રીલિઝ થવાની છે. ફિલ્મ માટે એ. આર. રહેમાન મ્યુઝિક આપી રહ્યા છે. આ ફિલ્મ દ્વારા ધનુષ ત્રીજીવાર આનંદ એલ રાયની ફિલ્મ કરી રહ્યો છે. છે. આ પહેલા તેણે આનંદ એલ રાયની 'રાંઝણા' અને 'અતરંગી રે 'ફિલ્મમાં કામ કર્યું હતું.

# 'પિતાના હસ્તકલા બિઝનેસે પરિવારને બચાવ્યો'

## કરણ જોહરે કહ્યું- ફિલ્મો સતત ફ્લોપ થઇ રહી હતી, બેઘર થવાનો વારો આવ્યો હતો

(એજન્સી) મુંબઈ | તા.18

કરણ જોહરે તાજેતરમાં જ તેમના પિતા યશ જોહર વિશે વાત કરી. તેણે કહ્યું કે ફિલ્મ 'અગ્નિપથ' (1990) ની નિષ્ફળતા પછી, તેમને ભારે આર્થિક નુકસાન વેઠવું પડ્યું હતું, જેના કારણે મારા પિતા દુઃખી થઈ ગયા હતા. જોકે, પિતાના હસ્તકલા બિઝનેસે કોઈક રીતે પરિવારની પરિસ્થિતિ સંભાળી.
એક ઈન્ટરવ્યૂમાં વાતચીત કરતા, કરણ જોહરે તેના પિતાના હસ્તકલા બિઝનેસ વિશે વાત કરી. તેણે કહ્યું કે જ્યારે ધર્મા પ્રોડક્શન્સ મુશ્કેલીમાં હતું. ફિલ્મો સતત નિષ્ફળ રહી હતી, જેના કારણે અમે ગમે ત્યારે બેઘર થઈ શક્યા હોત. પરંતુ તે જ સમયે મારા પિતાના હસ્તકલા બિઝનેસે પરિવારની પરિસ્થિતિને ટેકો આપ્યો. ભલે ધંધો બહુ નફાકારક ન હતો, પણ તે અમારી ઢાલ બન્યો.
કરણ જોહરે કહ્યું, દુનિયા (1984), મુકદ્દર કા ફૈસલા (1987) અને અગ્નિપથ (1990) મોટા બજેટની ફિલ્મો હતી. આ ફિલ્મોમાં હીરો અને ડિરેક્ટર બંને ફેમસ નામ ધરાવતી હસતીઓ હતા. પણ જ્યારે 'અગ્નિપથ' ફ્લોપ ગઈ, ત્યારે મારા પિતા ખરેખર દુઃખી થઈ ગયા. તેમને વિશ્વાસ હતો કે આ ફિલ્મ તેમને તે સ્તરે લઈ જશે જે સુધી પહોંચવાની તેમની ઈચ્છા હતી.
કરણ જોહરના મતે, ફિલ્મ 'ગુમરાહ' 1993માં રિલીઝ થઈ હતી, જે બિલકુલ ઠીક હતી. પરંતુ 1998ની ફિલ્મ 'ડુપ્લિકેટ' ફ્લોપ ગઈ. જોકે, તે જ વર્ષે રિલીઝ થયેલી ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ' સુપરહિટ સાબિત થઈ. આ ફિલ્મે માત્ર બધા સ્ટાર્સની કારકિર્દીને વેગ મળ્યો એટલું જ નથી પરંતુ ત્યારના સમયની સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મોમાંની એક પણ બની.



ડિરેક્ટરની દુનિયામાં નામ કમાયું કરણે 1998માં રિલીઝ થયેલી ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ'થી ડિરેક્ટરની દુનિયામાં પ્રવેશ કર્યો. શાહરુખ ખાન, કાજોલ અને રાની મુખર્જી અભિનીત આ ફિલ્મે તેમને સફળતાનો સ્વાદ ચાખ્યો. આ ફિલ્મ માટે તેમને બેસ્ટ ડિરેક્ટર અને બેસ્ટ પટકથા માટે ફિલ્મફેર એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
આ પછી,2001માં તેમને ડિરેક્શનમાં બનેલી 'કભી ખુશી કભી ગમ' અને 2006 માં 'કભી અલવિદા ના કહેના' રિલીઝ થઈ. આ ફિલ્મો બોક્સ ઓફિસ પર પણ સફળ રહી હતી. 2010માં, તેમને તેમની ફિલ્મ 'માય નેમ ઈઝ ખાન' માટે બીજી વખત બેસ્ટ ડિરેક્ટરનો ફિલ્મફેર એવોર્ડ મળ્યો. આ બધી ફિલ્મો તેમના બેનર 'ધર્મ પ્રોડક્શન્સ' હેઠળ બનાવવામાં આવી હતી.
પ્રોડ્યુસર તરીકે પણ કરણ છવાયો 2004માં તેના પિતા યશ જોહરના અવસાન પછી, કરણે ધર્મા પ્રોડક્શન્સની બાગડોર સંભાળી. પ્રોડ્યુસર તરીકે, તેની ઘણી ફિલ્મો રિલીઝ થઈ છે, જેમાં ખાસ કરીને 'કલ હો ના હો', 'દોસ્તાના', 'આઈ હેટ લવ સ્ટોરી', 'અગ્નિપથ' અને 'યે જવાની હૈ દીવાની'નો સમાવેશ થાય છે

# સતામણી કેસમાં સિદ્દીકી વિરુદ્ધ પુરાવા મળ્યા

## SIT એ મલયાલમ એક્ટરને દોષિત માન્યો; હોટલમાં દુષ્કર્મ કર્યું હોવાનો એક્ટ્રેસનો આરોપ

(એજન્સી) મુંબઈ | તા.18

મલયાલમ એક્ટર સિદ્દીકી વિરુદ્ધ જાતીય સતામણીનો કેસ ચાલી રહ્યો છે. જેની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) બનાવવામાં આવી હતી. હાલ આ ટીમને મોટી સફળતા હાથ લાગી છે. મલયાલમ એક્ટર સિદ્દીકી વિરુદ્ધ SITને પુરાવા હાથ લાગ્યા છે. આ પુરાવાઓના આધારે, SIT એ સ્વીકાર્યું છે કે સિદ્દીકી ગુનેગાર છે.
SITને તપાસમાં જાણવા મળ્યું કે હેમા સમિતિનો રિપોર્ટ બહાર આવે તે પહેલાં એક્ટ્રેસ રેવતી સંપથે શારીરિક શોષણ વિશે વાત કરી હતી. જોકે, સિદ્દીકીએ તેણે ધમકી આપી હતી કે કોઈ તેના પર વિશ્વાસ નહીં કરે કારણ કે તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એટલી ફેમસ નથી. SIT તપાસનો આ રિપોર્ટ ટૂંક સમયમાં કોર્ટમાં રજૂ કરવા માટે તૈયાર છે. પરંતુ આ પહેલા ટીમ ક્રાઈમ બ્રાન્ચ તરફથી ગ્રીન સિગ્નલની રાહ જોઈ રહી છે. અહેવાલો અનુસાર, 2016માં બનેલી ઘટના પછી, એક્ટ્રેસે કોચીમાં તબીબી સહાય માગી. તેમની સારવાર કરનાર ડૉક્ટરે હવે જુબાની આપી છે.
ગયા વર્ષે આ કેસમાં સિદ્દીકીને જામીન મળ્યા હતા ગયા વર્ષે નવેમ્બરમાં, સિદ્દીકીને આ કેસમાં કોર્ટમાંથી આગોતરા જામીન મળ્યા હતા. કોર્ટે આ કેસમાં ફરિયાદ કરનાર એક્ટ્રેસને ખોટી ઠેરવી હતી. કોર્ટે કહ્યું કે તમે સોશિયલ મીડિયા પર 8 વર્ષ જૂના કેસ વિશે વાત કરી, પણ તમે પોલીસ પાસે કેમ ન ગયા? કોર્ટે કહ્યું કે ફરિયાદીએ 2018માં ફેસબુક પર પોસ્ટ કરી હતી, જેમાં 14 લોકો પર જાતીય શોષણનો આરોપ લગાવવામાં આવ્યો હતો. છતાં, તેણે પોતાની ફરિયાદ સાથે કેરળ સરકાર દ્વારા રચાયેલી હેમા સમિતિનો સંપર્ક કર્યો નહીં. આ કેસમાં, સિદ્દીકીની કાનૂની ટીમે કહ્યું કે એક્ટ્રેસની પોસ્ટમાં ક્યાંય પણ એક્ટરનું નામ ઉલ્લેખ્યું નથી જેના આધારે સિદ્દીકીને આરોપી બનાવવામાં આવી રહ્યા છે.





'8 વર્ષ પહેલા હોટલમાં બોલાવીને દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું' મલયાલમ એક્ટ્રેસ રેવતી સંપતે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો કે લગભગ 8 વર્ષ પહેલા 2016માં, એક્ટર સિદ્દીકીએ તેને એક ફિલ્મના સંદર્ભમાં મસ્કત હોટેલમાં બોલાવી હતી. તે એક મીટિંગ માટે આવી હતી જ્યાં તેની સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું.
બીજી તરફ, સિદ્દીકી અને તેમના વકીલ સતત કહી રહ્યા છે કે એક્ટ્રેસ ફક્ત એક્ટરની છબી ખરાબ કરવા માટે તેમના પર આરોપો લગાવી રહી છે. રેવતી દ્વારા આરોપો લગાવ્યા પછી, સિદ્દીકીએ પોલીસ મહાનિર્દેશકને ફરિયાદ નોંધાવી હતી, જેમાં કહ્યું હતું કે તેમની છબી ખરાબ કરવા માટે તેમના પર ગંભીર આરોપો લગાવવામાં આવી રહ્યા છે. તે 2016માં રેવતી સંપતને તેના માતાપિતાની હાજરીમાં મળ્યો હતો.

# શું ચેમ્પિયન્સ ટ્રોફીનું ભવિષ્ય ખતરામાં છે?



## વન-ડેની જગ્યાએ T20 ફોર્મેટમાં કરાવવાનું દબાણ; ICC આ ટુર્નામેન્ટને બંધ કરવાનું હતું

(એજન્સી) દુબઈ તા 18

ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી પાકિસ્તાન અને UAEમાં રમાશે. દર 4 વર્ષે યોજાતી આ ICC ટુર્નામેન્ટ 8 વર્ષ પછી ફરી એકવાર રમાઈ રહી છે. 2029માં, આ ટુર્નામેન્ટ ભારતમાં જ રમાશે. જોકે, તે સ્પષ્ટ નથી કે આ 50 ઓવરની ટુર્નામેન્ટ રમાશે કે નહીં. છેલ્લા 10 વર્ષોમાં, T20 ટીમ અને તેમની લોકપ્રિયતાને કારણે વન-ડેના દર્શકો અને લોકપ્રિયતામાં ઘટાડો થયો છે. આ 10 વર્ષોમાં, 420 ટેસ્ટ અને 1250 ODI મેચ રમાઈ, પરંતુ 2668 T20 મેચ રમાઈ. જ્યારે 2005 થી 2014 સુધીના 10 વર્ષમાં ફક્ત 412 T20 મેચ રમાઈ હતી, જ્યારે આ દાયકામાં 119 વધુ ODI મેચ રમાઈ હતી. ટેસ્ટની સંખ્યામાં બહુ ફેરફાર થયો ન હતો. T20ના આગમન સાથે, ઘણી નાની ટીમે પણ ક્રિકેટ રમવાનું શરૂ કર્યું. 2014 સુધી, ફક્ત 20 ટીમ આ ફોર્મેટ રમતી હતી, પરંતુ છેલ્લા 10 વર્ષમાં, 105 ટીમ તેનો ભાગ બની છે. બીજી તરફ, છેલ્લા 20 વર્ષથી ODI રમનારી ટીમની સંખ્યા 23 રહી છે. એનો અર્થ એ કે આ ફોર્મેટનો વિકાસ અટકી ગયો છે. ચેમ્પિયન્સ ટ્રોફી ફક્ત 50 ઓવરના ફોર્મેટમાં રમાય છે, તેથી તેના બંધ થવાની શક્યતા વધારે છે. જેમાં ઘણા મોટા આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ રમે છે.10થી 12 દેશોમાં ફ્રેન્ચાઇઝ ક્રિકેટના પૂરને કારણે ક્રિકેટનું શિડ્યૂલ વ્યસ્ત બની ગયું છે. આ કારણે ICC ટુર્નામેન્ટ માટે સમય કાઢવો મુશ્કેલ બની રહ્યો છે. બીઝી શિડ્યૂલના કારણે, 2021માં ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન થઈ શક્યું નહીં. હવે સતત વધી રહેલું T-20 ક્રિકેટ ચેમ્પિયન્સ ટ્રોફીના અંતનું એક મોટું કારણ બની શકે છે.

### ચેમ્પિયન્સ ટ્રોફી બંધ કરવાનું હતું ICC

2017માં ચેમ્પિયન્સ ટ્રોફી પછી, ICC એ ODI ટુર્નામેન્ટને બદલે T20 ચેમ્પિયન્સ કપ શરૂ કરવાની યોજના બનાવી હતી. ટોચની 8 ટીમ વચ્ચે T-20 વર્લ્ડ કપ જેવી ટુર્નામેન્ટ રમાશે. 2021માં, નવા ફોર્મેટ પર સંમતિ સધાઈ શકી ન હતી, તેથી તેનું આયોજન કરવામાં આવ્યું ન હતું. જોકે, ત્યારબાદ ICC એ 2025 અને 2029 માટે 50 ઓવરના ફોર્મેટમાં ચેમ્પિયન્સ ટ્રોફીનું શેડ્યૂલ બનાવ્યું. T20 વર્લ્ડ કપમાં હવે ટીમની સંખ્યા 12 થી વધીને 20 થઈ ગઈ છે, જેમાં ઘણી નાની ટીમ આ ફોર્મેટમાં સારો દેખાવ કરી રહી છે. ઉપરાંત, 2028 થી ઓલિમ્પિકમાં T-20 ક્રિકેટનો પણ સમાવેશ કરવામાં આવશે. જેમાં ફક્ત 8 ટીમ રમશે. આવી સ્થિતિમાં, ICC ટોચની 8 ટીમ માટે અલગ T20 ચેમ્પિયન્સ કપ લઈને આવ્યું નથી અને તેના આવવાની આશા ઓછી છે.

**T-20ના કારણે વિન્ડો મેળવવી મુશ્કેલ :** ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2008માં શરૂ થઈ હતી, જે વિશ્વની પ્રથમ ICC-અધિકૃત ફ્રેન્ચાઇઝ ટુર્નામેન્ટ હતી. 2011માં, ઓસ્ટ્રેલિયાએ પોતાની ફ્રેન્ચાઇઝ ટુર્નામેન્ટ, બિગ બેશ લીગ (BBL) શરૂ કરી. 2012માં બાંગ્લાદેશ, 2013માં વેસ્ટ ઈન્ડિઝ અને 2016માં પાકિસ્તાને પણ પોતાની ફ્રેન્ચાઈઝી ટુર્નામેન્ટ શરૂ કરી હતી. 2016 સુધી, ફક્ત 4-5 દેશો ફ્રેન્ચાઈઝી ટુર્નામેન્ટનું આયોજન કરતા હતા, પરંતુ 2025 સુધીમાં લગભગ દરેક મોટા ક્રિકેટ બોર્ડે તે શરૂ કરી દીધું છે. છેલ્લા 5 વર્ષમાં, સાઉથ આફ્રિકા, યુએઈ, ઈંગ્લેન્ડ, શ્રીલંકા, કેનેડા, નેપાળ અને અમેરિકામાં તેમની ફ્રેન્ચાઇઝ ટુર્નામેન્ટ લાવ્યા છે.

### બ્રોડકાસ્ટર્સ તરફથી દબાણ

સ્પોર્ટ્સ ટુર્નામેન્ટનું આયોજન કરતા બોર્ડ માટે, ટીવી અને ઓનલાઈન દર્શકો હવે સ્ટેડિયમમાં આવતા દર્શકો કરતાં વધુ મહત્વપૂર્ણ બની ગયા છે કારણ કે તેમના કારણે જ આવકમાં વધારો થાય છે. બ્રોડકાસ્ટર્સ અને સ્પોન્સર્સ મોટી રકમ ચૂકવવા તૈયાર છે. બ્રોડકાસ્ટર્સ એ પણ શોધી કાઢ્યું છે કે એક T20 મેચ આખી ODI અને ટેસ્ટ સિરીઝ કરતાં વધુ દર્શકોને આકર્ષે છે. આ કારણોસર, T-20 ક્રિકેટને પણ વધુ જાહેરાતો મળે છે. એટલા માટે બ્રોડકાસ્ટર્સ ICC અને અન્ય ક્રિકેટ બોર્ડ પર વધુને વધુ T20 મેચનું આયોજન કરવા દબાણ કરી રહ્યા છે.

**8 વર્ષ પછી ફરી શરૂ કરવાનું કારણ :** 2021 અને 2023માં, ચેમ્પિયન્સ ટ્રોફીની જગ્યાએ રજૂ કરાયેલ WTCની બે ફાઈનલ રમાઈ હતી, પરંતુ ICCને ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી પહેલા જેટલી કમાણી થતી નહોતી. ICC તે રમે છે તે દરેક ટુર્નામેન્ટમાંથી કમાણી કરે છે. ખાસ કરીને એવી ટુર્નામેન્ટમાં જેમાં ભારત પાકિસ્તાન સામે એક મેચ રમે છે. પછી કમાણી અને દર્શકોના બધા રેકોર્ડ તૂટી જાય છે.

# પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના ચીફે VIP બોક્સ ટિકિટ વેચી

(એજન્સી) કરાંચી તા 18



ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં 23 ફેબ્રુઆરીએ યોજાનારી હાઈ-વોલ્ટેજ ભારત-પાકિસ્તાન મેચ માટે દુબઈ સ્ટેડિયમમાં માત્ર ચાહકો જ નહીં પરંતુ બંને દેશોની ઘણી અગ્રણી હસ્તીઓ પણ જોવા મળશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના વડા મોહસીન નકવી પણ આ મેચમાં હાજરી આપવાના છે. દરમિયાન, મોટા સમાચાર એ છે કે મોહસીન નકવીને આ મેચ માટે 30 સીટર VIP હોસ્પિટાલિટી બોક્સ ઓફર કરવામાં આવ્યું હતું જેથી તે તેના નજીકના લોકો અને પરિવાર સાથે મેચ જોઈ શકે, પરંતુ નકવીએ ચાહકો સાથે સ્ટેન્ડમાં બેસીને મેચ જોવાનું નક્કી કર્યું છે. જ્યારે નકવીએ PCBની આવક વધારવા માટે વીઆઈપી બોક્સ ટિકિટો વેચી દીધી. VIP બોક્સ ટિકિટ વેચીને કમાણી

સમા ટીવીના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મોહસીન નકવીએ VIP બોક્સની ઓફરને નકારી કાઢી છે અને ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ સ્ટેન્ડમાંથી જોવાનું નક્કી કર્યું છે. દુબઈ સ્ટેડિયમમાં VIP બોક્સની કિંમત 4 લાખ યુએસ ડોલર (રૂ. 3.47 કરોડ) છે. પ્રશ્ન એ છે કે નકવીએ પૈસા માટે આવો નિર્ણય કેમ લીધો? શું પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પાસે એટલા પૈસા પણ બચ્યા નથી કે PCBના વડા પાસે VIP બોક્સ ટિકિટ વેચાવી દીધી?

ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત-પાકિસ્તાન છઠ્ઠી વખત ટકરાશે ચેમ્પિયન્સ ટ્રોફીની શરૂઆત 1998માં થઈ હતી. વર્ષ 2017 સુધી તેની આઠ સિઝન યોજાઈ હતી, હવે આઠ વર્ષ પછી નવમી સિઝન યોજાવા જઈ રહી છે. ચેમ્પિયન્સ ટ્રોફીના ઈતિહાસમાં અત્યાર સુધી ભારત અને પાકિસ્તાન કુલ પાંચ વખત આમને-સામને ટકરાયા છે. જેમાં ટીમ ઈન્ડિયા પાકિસ્તાનથી પાછળ છે. કારણ કે ભારતે ફક્ત બે મેચ જીતી છે જ્યારે પાકિસ્તાને ત્રણ મેચ જીતી છે. 2017માં ભારતે ગ્રુપ સ્ટેજમાં પાકિસ્તાનને હરાવ્યું હતું, પરંતુ પાકિસ્તાને ફાઈનલમાં ભારતને હરાવ્યું હતું. હવે બંને છઠ્ઠી વખત દુબઈ સ્ટેડિયમમાં એકબીજાનો સામનો કરવા જઈ રહ્યા છે.

# ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા ભારતીય ટીમે પ્રેક્ટિસ શરૂ



(એજન્સી) નવી દિલ્હી તા 18

ભારતીય ટીમે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પહેલા પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. રવિવારે દુબઈમાં ICC એકેડેમીમાં ટીમે સખત મહેનત કરી. ટુર્નામેન્ટમાં ટીમની પહેલી મેચ 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે રમાશે. BCCIએ ટીમના પ્રેક્ટિસના વીડિયો અને ફોટોઝ શેર કર્યા છે. PTIના અહેવાલ મુજબ, પ્રેક્ટિસ દરમિયાન વિકેટકીપર-બેટર રિષભ પંતને હાર્દિક પંડ્યાનો બોલ વાગ્યો હતો. રવિવારે પ્રેક્ટિસ દરમિયાન વરુણ ચક્રવર્તી. યશસ્વી જયસ્વાલના સ્થાને વરુણને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. પ્રેક્ટિસ સેશન દરમિયાન પંતને ઘૂંટણમાં ઈજા થઈ હતી. હાર્દિકનો એક શોટ પંતના ડાબા ઘૂંટણમાં વાગ્યો. તે પીડાથી કણસતો હતો, પરંતુ ફિઝિયો કમલેશ જૈને તરત જ તેની સારવાર કરી. આ પછી, હાર્દિક તેની હાલત જાણવા માટે નેટની બહાર આવ્યો. પંત શરૂઆતમાં પીડામાં હતો અને લંગડાતો જોવા મળ્યો. જોકે, ઈજા ગંભીર ન હતી અને ફિઝિયોએ સારવાર આપ્યા બાદ, પંતે તરત જ પોતાના પેડ્સ પહેર્યા અને બેટિંગ કરવા માટે નેટમાં આવ્યો. ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે. ભારત સહિત ભાગ લેશે, પરંતુ તેમાંથી સૌથી મજબૂત ટીમ કઈ છે? આ સવાલનો જવાબ આપણે ચેમ્પિયન્સ ટ્રોફી સિરીઝ પાર્ટ-1માં જાણીશું.

**ભારતનો પહેલો મુકાબલો 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે :** ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાની પહેલી મેચ બાંગ્લાદેશ સામે રમશે. આ મેચ 20 ફેબ્રુઆરીએ દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. ટીમનો બીજી મેચ 23 ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે અને ત્રીજી મેચ 2 માર્ચે ન્યૂઝીલેન્ડ સામે હશે. ભારતને પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ન્યૂઝીલેન્ડ સાથે ગ્રૂપ-A માં રાખવામાં આવ્યું છે. ટુર્નામેન્ટની બે સેમિફાઈનલ 4 અને 5 માર્ચના રોજ રમાશે. ફાઈનલ 9 માર્ચે રમાશે.

**ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયા :** રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગિલ, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા, મોહમ્મદ શમી, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવ.

# કાર્તિકે કહ્યું- ધોની T20 રનમાં આગળ જતો રહેશે



(એજન્સી) નવી દિલ્હી તા 18

દિનેશ કાર્તિકે તાજેતરમાં T20માં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં એમએસ ધોનીને પાછળ છોડી દીધો છે. ભૂતપૂર્વ ભારતીય વિકેટકીપર-બેટર એ જાણીને આશ્ચર્યચકિત થઈ ગયો કે તેણે તાજેતરમાં સાઉથ આફ્રિકાની T20 લીગ SA20 દરમિયાન આ સિદ્ધિ હાંસલ કરી.

કાર્તિકે રવિવારે મીડિયા સાથે વાતચીત કરતા ભાસ્કરના સવાલના જવાબમાં કહ્યું, 'એ જાણીને ખૂબ આનંદ થાય છે કે મેં ધોની (માહી)ને પાછળ છોડી દીધો છે, પરંતુ ખૂબ જ ટૂંક સમયમાં તે મને પાછળ છોડી દેશે.' કાર્તિક SA20માં રમનાર પ્રથમ ભારતીય છે. તાજેતરમાં સમાપ્ત થયેલી લીગની ત્રીજી સીઝનમાં પાર્લ રોયલ્સ તરફથી રમતી વખતે તેણે 11 મેચમાં 144 રન બનાવ્યા હતા. આ સમયગાળા દરમિયાન, તેણે T20 ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનારા ખેલાડીઓની યાદીમાં તેના ભૂતપૂર્વ સાથી ધોનીને પાછળ છોડી દીધો. કાર્તિકે કહ્યું, મેં ભારત માટે રમવાની ઈચ્છા સાથે ઘણું ક્રિકેટ રમ્યું. દેશ માટે રમવાનો અને સારું પ્રદર્શન કરવાનો પ્રયાસ કરવો, મને લાગે છે કે તે મારા માટે સૌથી મહત્વપૂર્ણ બાબત હતી. મને ક્યારેય રેકોર્ડ્સ પ્રત્યે આકર્ષણ નથી, કદાચ એટલા માટે કે મારી પાસે કોઈ સારા રેકોર્ડ નથી.તેણે આગળ કહ્યું, મને ખૂબ આનંદ થાય છે કે મેં ધોનીને પાછળ છોડી દીધો છે, પરંતુ ખૂબ જ ટૂંક સમયમાં તે મને પાછળ છોડી દેશે. જો તેઓ એવું કરે તો મને ખરેખર કોઈ વાંધો નહીં હોય. મને ખુશી છે કે આ રેકોર્ડ (વિકેટકીપર તરીકે સૌથી વધુ રન) તેની પાસે જ રહ્યો છે. મને ખબર પણ નથી કે આ કયો રેકોર્ડ છે જેના વિશે વાત થઈ રહી છે. પણ, તેના વિશે જાણીને આનંદ થયો. પણ એ એવી વસ્તુ નથી જે હું ઈચ્છું છું કે ખરેખર ઈચ્છું છું. MI કેપ ટાઉને સાઉથ આફ્રિકા T20 લીગની ત્રીજી સીઝનનો ખિતાબ જીત્યો. રાશિદ ખાનના નેતૃત્વ હેઠળના MI કેપ ટાઉને SA20 ની ત્રીજી સીઝનની ફાઈનલમાં બે વખત સતત ચેમ્પિયન રહેલા સનરાઈઝર્સ ઈસ્ટર્ન કેપને 76 રનથી હરાવ્યું.

# ઈન્ડિયાના ખેલાડીની અંગ્રેજીની મજાક ઉડાવવામાં આવી

## BCCIએ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો વીડિયો: ખેલાડીઓએ પ્રેક્ટિસ સેશનમાં કરી મહેનત

(એજન્સી) દુબઈ તા 18



ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે ટીમ ઈન્ડિયા દુબઈ પહોંચી ગઈ છે. ભારતીય ટીમનો પહેલો પ્રેક્ટિસ સત્ર 16 ફેબ્રુઆરીએ દુબઈમાં ICC એકેડેમીમાં યોજાયો હતો. આ દરમિયાન ભારતીય ટીમના ખેલાડીની અંગ્રેજીની મજાક ઉડાવવામાં આવી હતી, જેનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. ભારતીય ટીમે ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ટીમ ઈન્ડિયા તાજેતરમાં દુબઈ પહોંચી છે, જ્યાં તે તેની બધી મેચ રમશે. આ દરમિયાન, ભારતીય ખેલાડીઓએ 16 ફેબ્રુઆરીએ દુબઈમાં ICC એકેડેમીમાં પ્રેક્ટિસ સેશન કર્યો હતો. જ્યાં ખેલાડીઓએ ખૂબ પરસેવો પાડ્યો હતો. પહેલા પ્રેક્ટિસ સેશનમાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ પણ મસ્તી કરતા જોવા મળ્યા હતા, જે દરમિયાન ટીમ ઈન્ડિયાના ખેલાડીઓની અંગ્રેજીની પણ મજાક ઉડાવવામાં આવી હતી, જેનો વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે.

BCCIએ ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો વીડિયો વાસ્તવમાં, ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ભારતીય ક્રિકેટ ટીમના પહેલા પ્રેક્ટિસ સત્રનો એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયો ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. તેણે પોતાની શૈલીમાં વીડિયોનો પરિચય આપ્યો. આ દરમિયાન યુવા ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ અંગ્રેજીમાં કહ્યું, 'અમે ICC એકેડેમીમાં છીએ, ચેમ્પિયન્સ ટ્રોફી માટે પ્રેક્ટિસ કરી રહ્યા છીએ.' પછી અર્શદીપ સિંહે હર્ષિત રાણાના અંગ્રેજી પર એક રમુજી ટિપ્પણી કરી. અર્શદીપે કહ્યું, 'એક મહિનાનું અંગ્રેજી પૂરું થયું.' આ પછી રિષભ પંત પણ હસ્યો. અર્શદીપનો આ વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

# ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત-પાકિસ્તાન મેચની ટિકિટની બ્લેક માર્કેટમાં કિંમત જાણી ચોંકી જશો

(એજન્સી) કરાંચી તા 18



ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ 23 ફેબ્રુઆરીએ દુબઈમાં રમાશે. આ મેચની તમામ ટિકિટો વેચાઈ ગઈ છે, પરંતુ આ મેચની ટિકિટોની કાળાબજારી હજી ચાલી રહી છે. મેચની ટિકિટની કિંમત એટલી ઊંચી છે કે તે સાંભળીને કોઈ પણ વ્યક્તિ આશ્ચર્યચકિત થઈ જશે.

ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે પરંતુ આ ટુર્નામેન્ટની સૌથી મોટી મેચ 23 ફેબ્રુઆરીએ રમાશે. અમે વાત કરી રહ્યા છીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ વિશે, જે દુબઈમાં રમાશે. જોકે આ મેચની બધી ટિકિટો એક જ ક્ષણમાં વેચાઈ ગઈ હતી, પરંતુ અહેવાલો અનુસાર આ મેચની ટિકિટોની કાળાબજારી થઈ રહી છે. ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થઈ રહી છે પરંતુ આ ટુર્નામેન્ટની સૌથી મોટી મેચ 23 ફેબ્રુઆરીએ રમાશે. અમે વાત કરી રહ્યા છીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ વિશે, જે દુબઈમાં રમાશે. જોકે આ મેચની બધી ટિકિટો એક જ ક્ષણમાં વેચાઈ ગઈ હતી, પરંતુ અહેવાલો અનુસાર આ મેચની ટિકિટોની કાળાબજારી થઈ રહી છે. ભારત-પાકિસ્તાન મેચ જોવાની એટલી બધી માંગ છે કે બ્લેક માર્કેટમાં ટિકિટ વેચતા મોટાભાગના લોકોએ ભારત-પાકિસ્તાન મેચની કિંમત આસમાને પહોંચાડી દીધી છે. એક મીડિયા રિપોર્ટ અનુસાર, ભારત-પાકિસ્તાન મેચની ટિકિટ 4 થી 5 લાખ રૂપિયામાં વેચાઈ રહી છે.ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચની ટિકિટ લાખોમાં વેચાઈ રહી છે. એક વેબસાઈટ પર દુબઈના ગ્રાન્ડ લાઉન્જની ટિકિટની કિંમત 4 લાખ 29 હજાર રૂપિયા છે. જ્યારે ગ્રાન્ડ લાઉન્જમાં સીટની કિંમત લગભગ 5 લાખ રૂપિયા સુધી પહોંચી રહી છે.ગ્રાન્ડ લાઉન્જ દુબઈ સ્ટેડિયમનું મેચ જોવાનું શ્રેષ્ઠ સ્થળ છે.ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચના ભાવમાં કાળાબજારી કોઈ નવી વાત નથી. 2024ના T20 વર્લ્ડ કપ દરમિયાન ભારત-પાકિસ્તાન મેચની ટિકિટની કિંમત 16 લાખ સુધી પહોંચી ગઈ હતી. એટલું જ નહીં ઘણા અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો હતો.

# 10 ચોગ્ગા-3 છગ્ગા, સ્મૃતિ મંધાનાએ તોફાની ઈનિંગ રમી



(એજન્સી) વડોદરા તા 18

મહિલા પ્રીમિયર લીગ 2025ની ચોથી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ દિલ્હી કેપિટલ્સ સામે એકતરફી જીત મેળવી હતી. આ મેચમાં RCB કેપ્ટન સ્મૃતિ મંધાના તેની ટીમ માટે સૌથી મોટી મેચ વિનર સાબિત થઈ, તેણીએ તોફાની અડધી સદી ફટકારી હતી. મહિલા પ્રીમિયર લીગ 2025ની ચોથી મેચ દિલ્હી કેપિટલ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે રમાઈ હતી. આ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ કેપ્ટન સ્મૃતિ મંધાનાની મજબૂત ઈનિંગ્સને કારણે એકતરફી વિજય મેળવ્યો. બંને ટીમો વચ્ચેની આ મેચ વડોદરાના કોટંબી સ્ટેડિયમમાં રમાઈ હતી. આ સાથે, દિલ્હીને સિઝનની પહેલી હારનો સામનો કરવો પડ્યો. દિલ્હીએ પોતાની છેલ્લી મેચ જીતી હતી.

દરમિયાન, ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ સતત બીજી જીત નોંધાવી હતી.રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો, સ્મૃતિ મંધાનાનો આ નિર્ણય સાચો સાબિત થયો. રેણુકા ઠાકુરે મેચની પહેલી જ ઓવરમાં શેફાલી વર્માને પેવેલિયન મોકલી દીધી. આ પછી દિલ્હીએ સાતમી ઓવરમાં બીજી વિકેટ ગુમાવી દીધી અને પછી કોઈ પણ બેટ્સમેન ઈનિંગ સંભાળી શક્યો નહીં. દિલ્હીની ટીમ 19.3 ઓવરમાં 141 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. જેમીમા રોડ્રિગ્સે સૌથી વધુ 34 રન બનાવ્યા. બેંગલુરુ માટે રેણુકા ઠાકુર અને જ્યોર્જિયા વેરહામ સૌથી સફળ બોલર રહ્યા. બંને બોલરોએ 3-3 વિકેટ લીધી. જ્યારે કિમ ગાર્થ અને એકતા બિષ્ટે બે-બે વિકેટ લીધી.

# ટોટનહામે માન્ચેસ્ટર યૂનાઈટેડને 1-0થી હરાવ્યું

(એજન્સી) લંડન તા 18

ટોટનહામ હોટ્સપુરે ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલની મેચમાં માન્ચેસ્ટર યૂનાઈટેડને 1-0થી હરાવીને પોઈન્ટ ટેબલમાં 12મું સ્થાન હાંસલ કર્યું હતું. રમતની 13મી મિનિટે જેમ્સ મેડિસને મેચનો એકમાત્ર ગોલ નોંધાવ્યો હતો અને તેની ટીમે ત્રણ મહત્ત્વપૂર્ણ પોઈન્ટ હાંસલ કર્યા હતા. ટોટનહામે સિઝનમાં અત્યાર સુધી 25 મેચમાં 30 પોઈન્ટ હાંસલ કર્યા છે. યૂનાઈટેડના 29 પોઈન્ટ છે જેના કારણે તે રેલિગેશન ઝોનના આરે આવી ગઈ છે. લીગની અન્ય મેચમાં લિવરપુલે વુલ્વસને 2-1થી પરાજય આપ્યો હતો. લિવરપુલ માટે લુઈસ ડિયાઝે 15મી તથા મોહમ્મદ સાલાહે 37મી મિનિટે મળેલા પેનલ્ટીને ગોલમાં ફેરવી હતી. માથિયુસ ચુન્હાએ વુલ્વસ માટે 67મી મિનિટે ગોલ કરીને પરાજયનું અંતર ઓછું કર્યું હતું. ક્રિસ્ટલ પેલેસનો એવરટન સામે 2-1થી પરાજય થયો હતો. વિજેતા ટીમ માટે બેટોએ 42મી કર્યા હતા. ક્રિસ્ટલ પેલેસ માટે જિન ફિલિપ્સ માતેતાએ 47મી મિનિટે ટીમ માટે એક માત્ર ગોલ નોંધાવ્યો હતો.

# ચેમ્પિયન્સ ટ્રોફી ગ્રુપમાં સમાન પોઈન્ટ હશે તો કોણ સેમિફાઈનલમાં પહોંચશે

(એજન્સી) દુબઈ તા 18

ગ્રુપ A માં ભારત, પાકિસ્તાન, ન્યુઝીલેન્ડ અને બાંગ્લાદેશ છે. જ્યારે ગ્રુપ Bમાં ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે. તેમના ગ્રુપમાં ટોપની 2 ટીમો સેમિફાઈનલ માટે ક્વોલિફાય થશે. પરંતુ સવાલ એ છે કે, જો ટોપ-2 માં રહેલી બંને ટીમોના પોઈન્ટ સમાન હોય, તો કઈ ટીમ નંબર 1 હશે અને જો ત્રણ ટીમોના પોઈન્ટ સમાન હોય તો શું થશે? જો સેમિફાઈનલ મેચ રદ્દ થાય અથવા ટાઈમાં સમાપ્ત થાય તો આગળનો રસ્તો કેવી રીતે શોધાશે? જો સમાન પોઈન્ટ હશે તો સેમિફાઈનલમાં કોણ પહોંચશે? બંને ગ્રુપની બધી ટીમો ગ્રુપ સ્ટેજમાં પોતપોતાના ગ્રુપની ટીમો સાથે એક-એક મેચ રમશે. ગ્રુપ સ્ટેજમાં એક મેચ જીતવા બદલ બધી ટીમોને બે પોઈન્ટ મળશે. જો મેચ ટાઈ થાય છે, તો બંને ટીમોને એક-એક પોઈન્ટ મળશે. જે ટીમ સૌથી વધુ જીતશે તે તેના ગ્રુપમાં ટોપ પર રહેશે.

### DeepSeek-ChatGPT સાથે ટક્કર

# ઈલોન મસ્કનું AI Grok 3 લોન્ચ:ધરતીનું સૌથી સ્માર્ટ AI હોવાનો દાવો

(એજન્સી) અમેરિકા તા 18

ઈલોન મસ્કે OpenAI ખરીદવા માટે ઓફર આપી હતી અને પછી OpenAIના સીઈઓ સેમ ઓલ્ટમેને આ ઓફર નકારી કાઢી, ત્યારબાદ બંને વચ્ચે ઓનલાઈન પ્લેટફોર્મ પર સંઘર્ષ શરૂ થયો હતો. હવે ઈલોન મસ્કે તેમનું લેટેસ્ટ AI વર્ઝન Grok 3 રજૂ કર્યું છે. આ પ્લેટફોર્મ DeepSeek અને ChatGPT સાથે સ્પર્ધા કરશે. ઈલોન મસ્ક દ્વારા આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે અન્ય AI પ્લેયર્સ સાથે તેમનો સંઘર્ષ ચાલી રહ્યો છે. તાજેતરમાં ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્કે OpenAI ખરીદવાની ઓફર કરી હતી અને ત્યારબાદ ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને તે ઓફરને નકારી કાઢી હતી. આ પછી બંને વચ્ચે ટકરાવ શરૂ થયો હતો.

આજે, ભારત સહિત વિશ્વના ઘણા લોકોને 'સૌથી સ્માર્ટ AI' જોવા મળશે, જેનો દાવો બીજા કોઈએ નહીં પણ વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કે કર્યો છે. તેમણે X પ્લેટફોર્મ પર દાવો કર્યો હતો કે તેઓ આજે વિશ્વની સૌથી ઝડપી Grok 3 AI લોન્ચ કરવા જઈ રહ્યા છે. ઈલોન મસ્કની X પોસ્ટ મુજબ Grok 3 સોમવારે રાત્રે 8 વાગ્યે યુએસ સમય અનુસાર ડેમો સાથે રિલીઝ થશે. ભારતીય સમય મુજબ આ લોન્ચ મંગળવારે સવારે 9થી 9:30 વાગ્યાની વચ્ચે થશે. ઈલોન મસ્કના મતે તેને સિન્થેટિક ડેટાથી તાલીમ આપવામાં આવી છે. આ AI તાર્કિક સુસંગતતા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. જ્યારે તે કોઈ ખોટો ડેટા શોધે છે.



**OpenAIની ફાઉન્ડર ટીમનો ભાગ રહી ચૂક્યા છે :** ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્ક પણ OpenAIની ફાઉન્ડર ટીમનો ભાગ રહી ચૂક્યા છે. OpenAIની શરૂઆત વર્ષ 2015માં થઈ હતી. આ પછી ઈલોન મસ્ક આ ટીમથી અલગ થઈ ગયા અને બાદમાં Grok નામનું પોતાનું AI પ્લેટફોર્મ વિકસાવવાની યોજના બનાવી. તેનો ઉપયોગ X પ્લેટફોર્મ (જૂનું નામ ટ્વિટર) પર સરળતાથી થઈ શકે છે.ઈલોન મસ્ક દ્વારા આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે અન્ય AI પ્લેયર્સ સાથે તેમનો સંઘર્ષ ચાલી રહ્યો છે. તાજેતરમાં ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્કે OpenAI ખરીદવાની ઓફર કરી હતી અને ત્યારબાદ ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને તે ઓફરને નકારી કાઢી હતી. આ પછી બંને વચ્ચે ટકરાવ શરૂ થયો હતો. ઈલોન મસ્ક દ્વારા આ જાહેરાત એવા સમયે કરવામાં આવી છે જ્યારે અન્ય AI પ્લેયર્સ સાથે તેમનો સંઘર્ષ ચાલી રહ્યો છે.

**DeepSeek અને ChatGPT સાથે સ્પર્ધા કરશે :** Grok 3ના લોન્ચ પછી AI ક્ષેત્રમાં સ્પર્ધા વધશે. Grok 3 લોકપ્રિયતાના રેકોર્ડ તોડવા માંગશે. તાજેતરમાં, ચીની સ્ટાર્ટઅપ DeepSeekએ તેની ઓછી કિંમતને કારણે લોકપ્રિયતા મેળવી છે. DeepSeek R1ની ChatGPT સાથે સ્પર્ધા હતી. હવે Grok 3 પણ આ રેસમાં જોડાશે.એક કાર્યક્રમમાં Grok 3 વિશે વાત કરતી વખતે ઈલોન મસ્કે કહ્યું કે તેમાં જબરદસ્ત તર્ક ક્ષમતાઓ છે. અત્યાર સુધી કરવામાં આવેલા પરીક્ષણોમાં કોઈ મોડેલ તેની સામે ટકી શક્યું નથી. તેમણે કહ્યું કે ક્યારેક તેમને એવું પણ લાગે છે કે તેમની AI ખૂબ જ સ્માર્ટ છે. મસ્કે દાવો કર્યો હતો કે આ મોડેલ એવા ઉકેલો લઈને આવી રહ્યું છે જેના વિશે કોઈએ ક્યારેય વિચાર્યું નથી કે કલ્પના પણ નથી કરી.અને કાઢી નાખે છે. તેનો મૂળ તર્ક ઘણો સારો હોવાનું કહેવાય છે.

### PM સ્ટાર્મરે કહ્યું : શાંતિ સ્થાપિત કરવો અમારો ધ્યેય, આજે યુદ્ધ પર રશિયા-અમેરિકામાં વાતચીત શક્ય

# બ્રિટન યુક્રેનમાં સૈનિકો મોકલવા તૈયાર

(એજન્સી) પેરિસ/રિયાધ તા 18

યુદ્ધ વચ્ચે બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમર યુક્રેનમાં સૈનિકો મોકલવા માટે તૈયાર છે. સ્ટાર્મરે સોમવારે કહ્યું હતું કે તેઓ શાંતિ કરારના ભાગ રૂપે સુરક્ષાની ખાતરી આપવા માટે યુક્રેનમાં સૈનિકો મોકલવા તૈયાર છે. હું આ હળવાશથી નથી કહી રહ્યો. હું આ વાતને ઊંડાણપૂર્વક સમજું છું, કારણ કે તે બ્રિટિશ સૈનિકો માટે પણ ખતરો છે. સોમવારે પેરિસમાં યુરોપિયન નેતાઓના શિખર સંમેલન પહેલા સ્ટાર્મરનું નિવેદન આવ્યું છે. સ્ટારમર કોન્ફરન્સમાં હાજરી આપવા માટે ફ્રાન્સ પહોંચ્યા.

સ્ટારમર કોન્ફરન્સમાં હાજરી આપવા માટે ફ્રાન્સ પહોંચ્યા. યુક્રેન યુદ્ધના ઉકેલ માટે આજે સાઉદી અરેબિયામાં રશિયા અને અમેરિકા વચ્ચે ઉચ્ચ સ્તરીય બેઠક થઈ શકે છે. આ માટે સોમવારે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયો અને રશિયન વિદેશ મંત્રી સેરગેઈ લવરોવ સાઉદી પહોંચ્યા. ગઈકાલે, રશિયન રાષ્ટ્રપતિ કાર્યાલય, ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે બંને દેશોના નેતાઓ વચ્ચેની મુલાકાતની પુષ્ટિ કરી. લાવરોવ ઉપરાંત, પુતિનના વિદેશ નીતિ સલાહકાર યુરી ઉષાકોવ પણ રશિયન તરફથી આ બેઠકમાં ભાગ લેશે. બીજી તરફ, રુબિયો ઉપરાંત યુએસ પ્રતિનિધિમંડળમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) માઈકલ વોલ્ટ્ઝ અને યુક્રેન અને રશિયા માટે વોશિંગ્ટનના ખાસ દૂત વિટ કૌફનો સમાવેશ થશે. મેકોને કહ્યું કે યુરોપિયન દેશો, બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે મળીને કામ કરવું એ પ્રાથમિકતા છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને યુક્રેન યુદ્ધ પર શાંતિ વાટાઘાટો માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. બીબીસી ન્યૂઝે યુક્રેનિયન સરકારી અધિકારીને ટાંકીને આ વાતની પુષ્ટિ કરી છે. અગાઉ, યુએસના ખાસ દૂત કીથ કેલોગે યુક્રેનની સંડોવણી વિશે વાત કરી હતી. બીબીસીના જણાવ્યા અનુસાર, યુક્રેનને હજુ સુધી વાટાઘાટો માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. યુરોપિયન દેશોના નેતાઓને પણ આ વાટાઘાટોમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. યુરોપ વાટાઘાટોમાંથી બાકાત રહી શકે છે તેવી આશંકા વચ્ચે ફ્રાન્સના રાષ્ટ્રપતિએ સોમવારે એક સમિટનું આયોજન કર્યું હતું. યુરોપિયન દેશોના નેતાઓએ તેમાં ભાગ લીધો હતો



**યુરોપિયન નેતાઓને એકસાથે લાવ્યા પછી,** મેં રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પછી રાષ્ટ્રપતિ ઝેલેન્સકી સાથે વાત કરી. અમે યુક્રેનમાં કાયમી શાંતિ ઈચ્છીએ છીએ. આ હાંસલ કરવા માટે, રશિયાએ તેની આક્રમકતાનો અંત લાવવો પડશે, અને તે જ સમયે યુક્રેન માટે વિશ્વસનીય સુરક્ષા ગેરંટી પણ સુનિશ્ચિત કરવી પડશે. નહિંતર, મિન્સ્ક કરારોની જેમ યુદ્ધવિરામ નિષ્ફળ જઈ શકે છે.બીજી તરફ, રુબિયો ઉપરાંત યુએસ પ્રતિનિધિમંડળમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) માઈકલ વોલ્ટ્ઝ અને યુક્રેન અને રશિયા માટે વોશિંગ્ટનના ખાસ દૂત વિટ કૌફનો સમાવેશ થશે. મેકોને કહ્યું કે યુરોપિયન દેશો, બ્રિટન અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે મળીને કામ કરવું એ પ્રાથમિકતા છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીને યુક્રેન યુદ્ધ પર શાંતિ વાટાઘાટો માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. બીબીસી ન્યૂઝે યુક્રેનિયન સરકારી અધિકારીને ટાંકીને આ વાતની પુષ્ટિ કરી છે. અગાઉ, યુએસના ખાસ દૂત કીથ કેલોગે યુક્રેનની સંડોવણી વિશે વાત કરી હતી. બીબીસીના જણાવ્યા અનુસાર, યુક્રેનને હજુ સુધી વાટાઘાટો માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. યુરોપિયન દેશોના નેતાઓને પણ આ વાટાઘાટોમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું નથી. યુરોપ વાટાઘાટોમાંથી બાકાત રહી શકે છે તેવી આશંકા વચ્ચે ફ્રાન્સના રાષ્ટ્રપતિએ સોમવારે એક સમિટનું આયોજન કર્યું હતું. યુરોપિયન દેશોના નેતાઓએ તેમાં ભાગ લીધો હતો.યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને રશિયન વિદેશ મંત્રી સેરગેઈ લવરોવ. મેક્રોને ટ્રમ્પ અને ઝેલેન્સકી સાથે યુદ્ધ પર વાત કરીબીજી તરફ, રુબિયો ઉપરાંત યુએસ પ્રતિનિધિમંડળમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) માઈકલ વોલ્ટ્ઝ અને યુક્રેન અને રશિયા માટે વોશિંગ્ટનના ખાસ દૂત વિટ કૌફનો સમાવેશ થશે.

# કેનેડાના ટોરોન્ટો એરપોર્ટ પર ડેલ્ટા એરલાઇન્સનું વિમાન ક્રેશ

## 18 ઘાયલ, લેન્ડિંગ દરમિયાન પલટ્યું; ટેકનિકલ ખામીને કારણે દુર્ઘટના

(એજન્સી) ટોરોન્ટો તા 18

ડેલ્ટા એર લાઈન્સની ફ્લાઈટ (4819) અમેરિકાના મિનિયાપોલિસથી ટોરોન્ટો આવી રહી હતી. કેનેડાના ટોરોન્ટોમાં પિયર્સન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન ડેલ્ટા એર લાઈન્સનું વિમાન ક્રેશ થયું. આમાં 18 લોકો ઘાયલ થયા હતા, જેમાંથી 2 ની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. વિમાનમાં 80 લોકો સવાર હતા. વિમાનમાં 76 મુસાફરો અને 4 ક્રૂ સભ્યો સવાર હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિમાન અમેરિકાના મિનિયાપોલિસથી ટોરોન્ટો આવી રહ્યું હતું. ફ્લૅપ એક્ટ્યુએટર ફેલ્યોર (FAF) ના કારણે વિમાન અચાનક પલટી ગયું. તેનો અર્થ એ કે લેન્ડિંગ દરમિયાન વિમાનની વિંગ્સ પરના ફ્લૅપ્સ યોગ્ય રીતે કામ કરતા ન હતા.



### 2 અઠવાડિયામાં 3 વિમાન ક્રેશ...

વિમાન દુર્ઘટના કારના ડેશકેમમાં રેકોર્ડ થઈ હતી. વિમાન ક્રેશ થયા પછી, એક મોટો ધડાકો થયો અને આગ લાગી ગઈ. 1 ફેબ્રુઆરીના રોજ અમેરિકાના પેન્સિલવેનિયાના ફિલાડેલ્ફિયામાં એક નાનું મેડિકલ વિમાન ક્રેશ થયું. આ અકસ્માતમાં 6 લોકોના મોત થયા હતા. વિમાનમાં સવાર બધા લોકો મેક્સિકોના હતા. ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) અનુસાર, લિયરજેટ 55 નામનું આ વિમાન નોર્થઈસ્ટ ફિલાડેલ્ફિયા એરપોર્ટથી સાંજે 6:30 વાગ્યે (સ્થાનિક સમય) ઉડાન ભરી હતી. માત્ર 30 સેકન્ડ પછી, તે 6.4 કિલોમીટર (4 માઈલ) દૂર ક્રેશ થયું.અકસ્માત બાદ ટોરોન્ટો એરપોર્ટ પર 200થી વધુ ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે રોકી દેવામાં આવી હતી, પરંતુ થોડા કલાકોમાં ફ્લાઈટ્સ ફરી શરૂ થઈ ગઈ હતી. હતું કે ફિલાડેલ્ફિયામાં સારવાર બાદ બાળકને ઘરે લઈ જવામાં આવી રહ્યું હતું. અકસ્માતનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.

### એરલાઇન કંપની જેટ રેસ્ક્યુના પ્રવક્તા શાઈ ગોલ્ડે જણાવ્યું

તે જ સમયે, કેટલાક લોકો કહે છે કે અકસ્માત સમયે ટોરોન્ટોમાં ભારે બરફનું તોફાન હતું. હવામાન વિભાગ કેનેડા અનુસાર, 65 કિમી/કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો. આ કારણે વિમાન પલટી ગયું. જોકે, અકસ્માતનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી.

# UAEએ ભારતીયો માટે મુસાફરી બનાવી સરળ, વિઝાના નિયમોમાં કર્યો મોટો ફેરફાર

(એજન્સી) દુબઈ તા 18

વિઝા ઓન અરાઈવલ એક એવી સુવિધા છે જેમાં પ્રવાસીઓ કોઈ દેશમાં પ્રવેશી શકે છે, પછી ભલે તેમની પાસે વિઝા ન હોય. આ સુવિધા વિદેશ પ્રવાસને સરળ બનાવે છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) એ ભારતીય નાગરિકો માટે વિઝા ઓન અરાઈવલ પ્રોગ્રામ લંબાવ્યો છે. હવે વધુ 6 દેશોના માન્ય વિઝા, રેઝિડેન્સ પરમિટ અને ગ્રીન કાર્ડ ધરાવતા ભારતીયોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ મહિનાથી તેનો અમલ કરવામાં આવ્યો છે. 13 ફેબ્રુઆરી, 2025 થી, સિંગાપોર, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને કેનેડાના માન્ય દસ્તાવેજો સાથેના ભારતીય પાસપોર્ટ ધારકો પણ UAEમાં આગમન પર વિઝા માટે પાત્ર બનશે. વિઝા ઓન અરાઈવલ એક એવી સુવિધા છે જેમાં પ્રવાસીઓ કોઈ દેશમાં પ્રવેશી શકે છે, પછી ભલે તેમની પાસે વિઝા ન હોય. આ સુવિધા વિદેશ પ્રવાસને સરળ બનાવે છે. મીડિયા રિપોર્ટ મુજબ UAEના આ પગલાથી ભારતીયો માટે દુબઈ અને અબુ ધાબી જેવા શહેરોમાં રહેઠાણ અને રોજગારીની



તકો વધશે. તે YEE ને વૈશ્વિક કેન્દ્ર તરીકે મજબૂત કરવામાં પણ મદદરૂપ સાબિત થશે. અગાઉ UAE માં, આ નીતિ ફક્ત યુએસ, EU સભ્ય દેશો અને યુકેના માન્ય દસ્તાવેજો ધરાવતા ભારતીય નાગરિકોને જ લાગુ પડતી હતી. હવે UAE એ આ પ્રોગ્રામને વિસ્તારીને 6 દેશો - સિંગાપોર, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને કેનેડાનો સમાવેશ કર્યો છે. આનાથી આ દેશોમાં રહેતા અથવા કામ કરતા ભારતીયો માટે UAEની મુસાફરી સરળ બનશે.

### 80 વર્ષમાં પહેલીવાર કટ્ટરપંથી પક્ષને લીડ મળી; ચૂંટણી પ્રચારમાં ટ્રમ્પનું મોડેલ અપનાવાયું

# જર્મનીમાં સરકાર બનાવવાની રેસમાં AFD પાર્ટી સૌથી આગળ

(એજન્સી) જર્મની તા 18


જર્મનીમાં 23 ફેબ્રુઆરીએ સામાન્ય ચૂંટણીઓ યોજાવાની છે. આ વખતે ચૂંટણી પરિણામો ખૂબ જ રસપ્રદ રહેવાના છે. ચાન્સેલર ઓલાફ શુલ્ઝનું શાસક SDP ગઠબંધન પૂર્વ-મતદાન સર્વેક્ષણોમાં ખરાબ રીતે પાછળ છે. બીજા વિશ્વયુદ્ધ પછી 80 વર્ષમાં પહેલીવાર, કટ્ટરપંથી અલ્ટરનેટિવ ફોર જર્મની પાર્ટી (AfD) ઝડપથી વિકસ્યું છે.

હાલમાં AFD સરકાર બનાવવાની રેસમાં બીજા સ્થાને છે. જ્યારે ગત ચૂંટણીમાં આ પાર્ટી 7મા સ્થાને હતી. AFD યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ચૂંટવાના મોડેલ પર પ્રચાર કરી રહ્યું છે. પાર્ટીનો એજન્ડા પણ ટ્રમ્પના એજન્ડા જેવો જ છે. આ પાર્ટીએ જર્મની ફર્સ્ટનો નારા આપ્યો છે.

AFDની વધતી જતી લોકપ્રિયતાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે તાજેતરની પ્રાંતીય ચૂંટણીઓમાં પાર્ટીએ પાંચમાંથી બે પ્રાંતોમાં બહુમતી મેળવી છે. આ વખતે પણ AFD ને ફેડરલ ચૂંટણીમાં રેકોર્ડ મત મળવાની અપેક્ષા છે. ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (CDU) હાલમાં પ્રથમ સ્થાને આગળ છે. જો કોઈને પણ સંપૂર્ણ બહુમતી ન મળે તો ગ્રીન પાર્ટી મહત્ત્વપૂર્ણ બનશે.

ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (CDU) હાલમાં પ્રથમ સ્થાને આગળ છે. જો કોઈને પણ સંપૂર્ણ બહુમતી ન મળે તો ગ્રીન પાર્ટી મહત્ત્વપૂર્ણ બનશે.

યુવાનોમાં AFD લોકપ્રિય, સ્થળાંતર કરનારાઓ પર કડક AFD યુવાનોમાં ખૂબ જ લોકપ્રિય છે. 50 વર્ષથી ઓછી ઉંમરના લગભગ 70% મતદારો કહી રહ્યા છે કે તેઓ AFDને મત આપશે. જર્મનીમાં આશરે 6 કરોડ મતદારો છે. AFD નેતા એલિસ વેઈડલ સ્થળાંતરના મુદ્દા પર તેમના કડક વલણ માટે જાણીતા છે.તેમના કાર્યસૂચિમાં સ્થળાંતર કરનારાઓ માટે વિઝા ઘટાડવાનો અને યુરોપિયન યુનિયન સાથેના સંબંધો પર પુનર્વિચાર કરવાનો સમાવેશ થાય છે. તેનો અર્થ એ કે જો AFD સરકાર બનાવવામાં સફળ થાય ફ્રેડરિક મેર્ઝ અને SDPના ઓલાફ શુલ્ઝ હવે સ્થળાંતર કરનારાઓ માટે વિઝા ઘટાડવાનો મુદ્દો પણ ઉઠાવી રહ્યા છે.




# હમાસનો સફાયો કરવો પડશે: અમેરિકાના વિદેશ મંત્રી

(એજન્સી) અમેરિકા તા 18

અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ કહ્યું કે જ્યાં સુધી હમાસ, શાસનના રૂપમાં એક શક્તિ રહેશે ત્યાં સુધી શાંતિ અશક્ય છે. આનો નાશ થવો જોઈએ. આ પ્રકારનું વલણ હમાસ સાથે વાતચીત ચાલુ રાખવાના પ્રયાસોને જટિલ બનાવી શકે છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ગાઝા પટ્ટીમાં ઈઝરાયલના યુદ્ધ ઉદ્દેશ્યોને સંપૂર્ણ સમર્થન આપતા કહ્યું કે હમાસનો નાશ થવો જોઈએ કારણ કે તેનાથી અસ્થિર યુદ્ધવિરામના ભવિષ્ય પર શંકા ઉભી થઈ છે. રૂબિયોએ પ્રાદેશિક પ્રવાસની શરૂઆતમાં જેરુસલેમમાં ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂને મળ્યા હતા.અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ ગાઝા પટ્ટીમાં ઈઝરાયલના યુદ્ધ ઉદ્દેશ્યોને સંપૂર્ણ સમર્થન આપતા કહ્યું કે હમાસનો નાશ થવો જોઈએ કારણ કે તેનાથી અસ્થિર યુદ્ધવિરામના ભવિષ્ય પર શંકા ઉભી થઈ છે. રૂબિયોએ પ્રાદેશિક પ્રવાસની શરૂઆતમાં જેરુસલેમમાં ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂને મળ્યા હતા, જ્યાં તેમને ગાઝા પટ્ટીમાંથી પેલેસ્ટિનિયન વસ્તીને ખસેડવા અને યુએસ માલિકી હેઠળ તેનો પુનઃવિકાસ કરવાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રસ્તાવ સામે આરબ નેતાઓના વિરોધનો સામનો કરવો પડે તેવી અપેક્ષા છે. પીએમ નેતન્યાહૂએ આ પ્રસ્તાવનું સ્વાગત કર્યું અને કહ્યું કે ગાઝાના ભવિષ્ય માટે તેમની અને ટ્રમ્પની એક સામાન્ય વ્યૂહરચના છે. નેતન્યાહૂએ ટ્રમ્પના શબ્દોનો પડઘો પાડતા કહ્યું કે જો હમાસ 7 ઓક્ટોબર, 2023 ના રોજ થયેલા હુમલામાં અપહરણ કરાયેલા ડઝનબંધ બંધકોને મુક્ત નહીં કરે તો નર્કના દરવાજા ખુલી જશે. હમાસને નિશાન બનાવવું ઈઝરાયલી વડા પ્રધાનની આ ટિપ્પણી યુદ્ધવિરામના પ્રથમ તબક્કાના અંતના બે અઠવાડિયા પહેલા આવી છે. બીજા તબક્કામાં, જેમાં હમાસ વધુ પેલેસ્ટિનિયન કેદીઓના બદલામાં બાકીના ડઝનબંધ બંધકોને મુક્ત કરશે, તે હજુ સુધી વાટાઘાટોમાં આવ્યું નથી. રુબિયોએ કહ્યું કે હમાસ લશ્કરી કે સરકારી દળ તરીકે અસ્તિત્વમાં ન રહી શકે. રુબિયોએ કહ્યું કે જ્યાં સુધી હમાસ શાસનના રૂપમાં એક શક્તિ રહેશે ત્યાં સુધી શાંતિ અશક્ય છે. આનો નાશ થવો જોઈએ. આવી ભાષા હમાસ સાથે વાતચીત ચાલુ રાખવાના પ્રયાસોને જટિલ બનાવી શકે છે, જેણે યુદ્ધમાં ભારે નુકસાન સહન કર્યું છે અને ગાઝા પર નિયંત્રણ જાળવી રાખ્યું છે. ઈઝરાયલી સેનાએ જણાવ્યું હતું કે તેણે રવિવારે વહેલી સવારે દક્ષિણ ગાઝામાં તેના દળો તરફ જઈ રહેલા લોકો પર હવાઈ હુમલો કર્યો હતો. હમાસ સંચાલિત ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું.

# ઓસ્ટ્રેલિયામાં હાઉસિંગ ક્રાઈસિસ વધતા લાગૂ કરાયા નવા નિયમ, ભારતીયોને થશે અસર?

(એજન્સી) ઓસ્ટ્રેલિયા તા 18

અમેરિકા બાદ હવે ઓસ્ટ્રેલિયામાં પણ ભારતીયો પર સંકટના વાદળો ઘેરાઈ રહ્યા છે. ઓસ્ટ્રેલિયા એક એવો નવો નિયમ લાગૂ કરનાર છે. જેની અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પડી શકે છે. પ્રધાનમંત્રી એંથની અલ્બનીસની સરકાર ફ્લેટ ખરીદી મામલે નવા નિયમ બજારમાં લાવશે. આ નિયમનું અમલીકરણ થયા બાદ ભારતીયોને સૌથી વધુ મુશ્કેલી થઈ શકે છે. ઓસ્ટ્રેલિયામાં ભારતીયોની સંખ્યા વધુ ઓસ્ટ્રેલિયામાં ઉચ્ચ શિક્ષણ મેળવીને અને ત્યાં જ વસવાટ કરતા ભારતના લોકો માટે ફ્લેટ ખરીદીના નવા નિયમો સૌથી વધુ અસર કરશે. હાઉસિંગ ક્રાઈસિસ વધતા નવા નિયમ લાગૂ કરવાનો નિર્ણય એંથની અલ્બનીસની સરકારે લીધો છે. આગામી બે વર્ષ સુધી કોઈપણ વિદેશી ઓસ્ટ્રેલિયામાં પ્રોપર્ટી ખરીદી શકશે નહીં. વાસ્તવમાં, સમગ્ર મામલો એ છે કે ઓસ્ટ્રેલિયા આગામી બે વર્ષ માટે વિદેશીઓને સ્થાપિત મકાનો ખરીદવા પર પ્રતિબંધ મૂકવાની યોજના બનાવી રહ્યું છે. ઓસ્ટ્રેલિયાના આ પગલાની સૌથી વધુ અસર તે ભારતીયો પર પડી શકે છે. જેઓ ઉચ્ચ શિક્ષણ માટે ઓસ્ટ્રેલિયા જાય છે અને પછી ત્યાં સ્થાયી થાય છે. પ્રધાનમંત્રી અલ્બેનીઝ ત્યાં મકાનોના વધતા ભાવોને પહોંચી વળવા માટે આ યોજના લાગૂ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, ઓસ્ટ્રેલિયામાં ભારતીયોની વસ્તી સૌથી ઝડપી દરે વધી રહી છે. હાલમાં ઓસ્ટ્રેલિયામાં 7 લાખથી વધુ ભારતીયો રહે છે. ઓસ્ટ્રેલિયાના ગૃહમંત્રી ક્લેર ઓ'નીલે જાહેરાત કરી છે કે 1 એપ્રિલ, 2025 થી 31 માર્ચ, 2027 સુધી કોઈપણ વિદેશી રોકાણકાર અહીં સ્થાપિત મિલકત ખરીદી શકશે નહીં. આના પર પ્રતિબંધ મૂકવામાં આવશે. ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે નિર્ધારિત સમય મર્યાદા પછી તેની સમીક્ષા કરવામાં આવશે. આ પછી નક્કી કરવામાં આવશે કે તેને આગળ વધારવું જોઈએ કે નહીં. તેમણે કહ્યું કે પ્રતિબંધ લાગુ કરવામાં મદદ કરવા માટે ટેક્સ ઓફિસને વધારાના પૈસા આપવામાં આવશે. ઓસ્ટ્રેલિયામાં આ બધું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે ત્યાં રહેઠાણની કટોકટી નોંધપાત્ર રીતે વધી ગઈ છે. ઓસ્ટ્રેલિયામાં આ વર્ષના અંતમાં ચૂંટણી યોજાવાની છે. ઓસ્ટ્રેલિયામાં ઘર ખરીદવું ખૂબ મોંઘુ આવી સ્થિતિમાં, મિલકત અને ફ્લેટની વધતી કિંમતોનો મુદ્દો ગરમ થઈ શકે છે. ખાસ કરીને યુવા મતદારોમાં, જેમને ડર છે કે તેઓ ક્યારેય ઘર ખરીદી શકશે નહીં. તાજેતરના વર્ષોમાં દેશમાં ભાડામાં પણ વધારો થઈ રહ્યો છે. ગમે તે હોય, ઓસ્ટ્રેલિયામાં ઘર ખરીદવું ખૂબ મોંઘું છે. ચીનીઓ ઓસ્ટ્રેલિયામાં ઘણી મિલકતો ખરીદી રહ્યા છે.

મોટાભાગનાની ઉંમર 18 થી 30 વર્ષની વચ્ચે, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સે ડંકી રૂટનો વીડિયો શેર કર્યો

# ડંકી રુટનો વીડિયો સામે આવ્યો, ભારતીયો ગેરકાયદે અમેરિકામાં ઘૂસ્યા હતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

અમેરિકાથી દેશનિકાલ કરાયેલા 112 ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સને લઈને ત્રીજું વિમાન 16 ફેબ્રુઆરીએ અમૃતસર ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યું હતું. અગાઉ, 5 અને 15 ફેબ્રુઆરીએ, દેશનિકાલ કરાયેલા ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સના બે બેચ, અનુક્રમે 104 અને 116, અમેરિકન લશ્કરી વિમાન દ્વારા અમૃતસરમાં ઉતર્યા હતા. આમાના કેટલાક લોકોએ લાખો રૂપિયા ખર્ચીને એજન્ટની મદદથી ગેરકાયદેસર માર્ગે અમેરિકામાં પ્રવેશ કર્યો હોય. ભારતીય અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુએસમાંથી દેશનિકાલ કરાયેલા ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સમાં પંજાબ, હરિયાણા, ગુજરાત, ઉત્તર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરના રહેવાસીઓનો સમાવેશ થાય છે. તેમાંથી મોટાભાગનાની ઉંમર 18 થી 30 વર્ષની વચ્ચે છે. અમેરિકાથી ભારત પાછા મોકલવામાં આવેલા કેટલાક ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સે ડંકી રૂટનો વીડિયો શેર કર્યો છે જેના દ્વારા એજન્ટ દ્વારા તેમને અમેરિકા લઈ જવામાં આવ્યા હતા. આ વીડિયોમાં ભારતીયોનું એક ગ્રુપ એમેઝોનના જંગલમાં ચાલીને, નદી પાર કરતા અને તંબુઓમાં રહેતા, અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ કરવા માટે જંગલમાં ચાલીને જતા જોવા મળે છે. એક યુવકે પોતાનો અનુભવ શેર કરતા કહ્યું કે, 'હું અમેરિકા પહોંચ્યો, પરંતુ મારી બધી કમાણી ગુમાવી દીધી. મેક્સિકો બોર્ડરથી અમેરિકામાં પ્રવેશ કરતી વખતે હું પકડાયો હતો. ત્યારબાદ મને ડીટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યો હતો. ડંકી રૂટે અમેરિકા જવાનો મારો નિર્ણય ખોટો હતો. આ મૃત્યુનો માર્ગ છે.'

### આ દરમિયાન ઘણા દિવસો સુધી ભૂખ્યા અને તરસ્યા રહેવું પડ્યું

યુવકે વધુમાં કહ્યું કે, 'ડંકી રૂટે અમેરિકા પહોંચવા માટે પહેલા ઉડાન ભરવી પડે છે, પછી વાહનો દ્વારા લાંબા અંતરની મુસાફરી કરવી પડે છે અને ઘણા દેશો પાર કરવા પડે છે. હું પનામા થઈને 13 દિવસ ચાલીને અમેરિકન બોર્ડર પહોંચ્યો હતો. આ સમય દરમિયાન ગાઢ જંગલો, નદીઓ, કીચડ અને પર્વતો પાર કરવા પડ્યા. ઘણા દિવસો સુધી ભૂખ્યા અને તરસ્યા રહેવું પડ્યું. રાતના અંધારામાં જંગલોમાં ચાલવું, નદીઓ અને પહાડોને પાર કરવો એ એવો ડરામણો અનુભવ છે, જેને શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી.'એજન્ટે મને અમેરિકા મોકલવા માટે મારી પાસેથી 40 લાખ રૂપિયા લીધા હતા. હવે મારી પાસે કંઈ બચ્યું નથી. હું રાજ્ય અને કેન્દ્ર સરકાર પાસે એવા એજન્ટો સામે પગલાં લેવાની માંગ કરું છું, જે લોકોને અમેરિકામાં સ્થાયી થવાના સપના બતાવીને ડંકી રૂટ અપનાવે છે અને મોટી રકમની ઉચાપત કરે છે.



મનપ્રીતને કાયદેસર એન્ટ્રીનું વચન આપી એજન્ટે ડંકી રૂટ પર ધકેલ્યો , છ મહિના સુધી ડંકી રૂટ પર જીવના જોખમે અનેક દેશોમાં ફરી અમેરિકામાં ઘૂસ્યા પણ ત્યાં જ પોલીસે પકડયા

# રણવીર અલ્હાબાદિયાની ધરપકડ અને નવી FIR પર રોક

## SCએ કહ્યું- મગજમાં ગંદકી ભરેલી છે, કોર્ટે રણવીરની ઝાટકણી કાઢી

### ક્ષોભજનક સ્થિતિમાં...

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

પોતાના મા-બાપ, બહેનોને શરમજનક સ્થિતિમાં મૂક્યા છે.... ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટમાં અભદ્ર ભાષાનો ઉપયોગ કરવા બદલ વિવાદોમાં મૂકાયેલા રણવીર અલ્હાબાદિયાને સુપ્રીમ કોર્ટે ભારે ફટકાર લગાવી છે. જો કે, સુપ્રીમ કોર્ટે તેની ધરપકડ પર વચગાળાનો સ્ટે મૂક્યો છે. તેમજ આ મામલે નવી કોઈ એફઆઈઆર નોંધવા પર પણ રોક મૂકી છે.જસ્ટિસ સૂર્યકાંતે જણાવ્યું કે, તમે જે શબ્દો પસંદ કર્યા, તેનાથી તમારા માતા-પિતા ક્ષોભજનક સ્થિતિમાં મૂકાયા હશે, બહેનો પણ શરમમાં મૂકાઈ હશે. આખો સમાજ શર્મિંદગી અનુભવી રહ્યો છે. આ વિકૃત માનસિકતા છે. તમે લોકો સમક્ષ તમારી વિકૃતિ રજૂ કરી. રણવીર અલ્હાબાદિયાના વકીલની એફઆઈઆર રદ કરવાની માગ પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ અશ્લીલતા નથી તો શું છે? અમે તમારી વિરૂદ્ધ નોંધાયેલી એફઆઈઆર કેમ રદ કરીએ, જો કે, તમામ બાબતોને ધ્યાનમાં લેતાં કોર્ટે આ મામલે નવી એફઆઈઆર ન નોંધવાનો આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે રણવીરની ધરપકડ પર વચગાળાની રોક લગાવી રાહત તો આપી પરંતુ આકરી ઝાટકણી પણ કાઢી હતી. તેનો પાસપોર્ટ સરેન્ડર કરવા કહ્યું છે. તેમજ આ પ્રકારના શો રજૂ ન કરવાનો આદેશ પણ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ મગજની ગંદકી અને વિકૃત વિચારસરણી છે. તમારી આ હરકતોના કારણે તમારા માતા-પિતા અને બહેનો ક્ષોભજનક સ્થિતિમાં મુકાયા છે.



### ધમકીઓથી ડરવાની જરૂર નથી: સુપ્રીમ કોર્ટ

અલ્હાબાદિયાને મળી રહેલી ધમકીઓ પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જો તમે ચીપ પબ્લિસિટી માટે આ પ્રકારની ભાષાનો ઉપયોગ કરશો, તો અન્ય લોકો પણ આ પ્રકારની ભાષાનો ઉપયોગ કરશે અને જીભ કાપવાની ધમકીઓ આપશે. જસ્ટિસ એમ કોટિશ્વર સિંહે જણાવ્યું કે, મને વિશ્વાસ છે કે, જો પોલીસ તમને પૂછપરછ માટે બોલાવે છે તો તે તમને સુરક્ષા પણ આપશે. જેથી તમારે ધમકીઓથી ડરવાની જરૂર નથી.

### રણવીર અલ્હાબાદિયાએ માફી માંગી

રણવીરે યુટ્યુબ પર બીયર બાઈસેપ્સ નામની યુટ્યુબ ચેનલ પર આ વિવાદ બદલ માફી માગી હતી. પોડકાસ્ટર રણવીર અલ્હાબાદિયાના યુટ્યુબ પર એક કરોડથી વધુ સબ્સ્ક્રાઈબર્સ છે, કોમેડી શોના નામે તેણે કરેલી અભદ્ર વાતોનો વિડિયો વાઈરલ થતાં જ અલ્હાબાદિયા ચારે બાજુથી ઘેરાઈ ગયો હતો. જેના લીધે તેની પાસે બિનશરતી માફી માંગવા સિવાય કોઈ વિકલ્પ નહોતો.

# પરીક્ષા પે ચર્ચાએ તેના નવા અવતારમાં ડિજિટલ માધ્યમ પર મોટી સંખ્યામાં લોકોને આકર્ષ્યા

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

(ભાષા) આઠ એપિસોડમાં પ્રસારિત થયેલ 'પરીક્ષા પે ચર્ચા (PCC)' ના નવીનતમ સંસ્કરણે ડિજિટલ માધ્યમ પર મોટી સંખ્યામાં લોકોને આકર્ષ્યા છે, જે 2018 માં શરૂ થયેલા આ કાર્યક્રમની સફરમાં એક સીમાચિહ્નરૂપ છે. આ શ્રેણીમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉપરાંત, વિવિધ ક્ષેત્રોની પ્રખ્યાત હસ્તીઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. 'પરીક્ષા પે ચર્ચા (PPC)' ના આઠમા વાર્ષિક સંસ્કરણની સામગ્રીને ફક્ત ઈન્સ્ટાગ્રામ પર 30 કરોડથી વધુ વખત જોવામાં આવી હતી અને 1.5 કરોડ લોકોએ તેના પર પ્રતિક્રિયા આપી હતી, જ્યારે 'X' પર ત્રણ લાખથી વધુ પોસ્ટ કરવામાં આવી હતી, એમ સરકારી સૂત્રોએ મંગળવારે જણાવ્યું હતું. આજે આ કાર્યક્રમનો છેલ્લો એપિસોડ ટેલિકાસ્ટ થયો. સૂત્રોએ જણાવ્યું હતું કે વાર્ષિક કાર્યક્રમને મોટા ટાઉનહોલથી વધુ સ્પષ્ટ અને ઈન્ટરેક્ટિવ વાતાવરણમાં રૂપાંતરિત કરવામાં આવ્યો હતો જેમાં ઘણા ઓછા વિદ્યાર્થીઓ હતા, તેથી ખૂબ જ ઉત્સાહ હતો. તેમણે કહ્યું કે આ પરિવર્તન 'એક પરિવર્તનકારી સફળતા' હતી. આ વર્ષે 'પરીક્ષા પે ચર્ચા' 10 ફેબ્રુઆરીએ શરૂ થઈ હતી, જ્યારે મોદીએ સુંદર નર્સરીમાં દેશભરના 35 વિદ્યાર્થીઓ સાથે પરીક્ષાના વિવિધ પાસાઓ જેમ કે તૈયારી, દબાણનો સામનો કરવો અને નેતૃત્વ પર વાતચીત કરી હતી. ત્યારબાદ, સાત એપિસોડ પ્રસારિત થયા જેમાં અભિનેત્રી દીપિકા પાદુકોણ, બોક્સર એમ સી મેરી કોમ અને આધ્યાત્મિક ગુરુ સદગુરુ જેવી હસ્તીઓએ વિદ્યાર્થીઓ સાથે વિવિધ મુદ્દાઓ પર વાત કરી. અધિકારીઓએ જણાવ્યું હતું કે વડા પ્રધાનના એપિસોડથી દેશભરના વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો પર ઊંડી અસર પડી હતી. તેમણે કહ્યું કે તેનો સ્પષ્ટ અને વાતચીતનો અભિગમ યોગ્ય તારોને સ્પર્શી ગયો. એક સૂત્રએ જણાવ્યું હતું કે, 'વડાપ્રધાનની ખુલ્લી અને સમજદાર ચર્ચા માટે મળેલો જબરદસ્ત પ્રતિસાદ અને હૃદયપૂર્વકની પ્રશંસા પુષ્ટિ કરે છે કે 'પરીક્ષા પે ચર્ચા' એક વખતના કાર્યક્રમથી કેવી રીતે એક સાચી સંસ્થા બની છે - એક એવી પહેલ જેની વિદ્યાર્થીઓ અને વાલીઓ દર વર્ષે આતુરતાથી રાહ જુએ છે.' તેમણે કહ્યું કે પ્રધાનમંત્રીના સેલિબ્રિટીઓ સાથેના વાર્તાલાપ અને ચર્ચાઓના વીડિયો વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ પ્રશંસા પામ્યા હતા, જેનાથી કાર્યક્રમની પહોંચ અને અસરમાં વધારો થયો હતો.

# દિલ્હીના CMની રેસમાં સરપ્રાઇઝ નેતાની એન્ટ્રી! પરવેશ વર્મા, વિજેન્દ્ર ગુપ્તા પાછળ છૂટ્યા

## રવિન્દ્ર ઈન્દ્રરાજ અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય કાર્યકારિણી સભ્ય

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

26 વર્ષ બાદ દિલ્હીમાં સત્તામાં આવનાર ભારતીય જનતા પાર્ટી (BJP)ના મુખ્યમંત્રી કોણ હશે તે અંગે 8 ફેબ્રુઆરીથી અટકળો ચાલી રહી છે. આ માટે પરવેશ વર્મા, અભય વર્મા, વિજેન્દ્ર ગુપ્તા, રેખા ગુપ્તા સહિત અનેક નામોની ચર્ચા થઈ રહી છે. દરમિયાન, એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ભાજપ દિલ્હીમાં દલિત નેતાને તાજ પહેરાવી શકે છે. જો આમ થશે તો રવિન્દ્ર ઈન્દ્રરાજ સિંહને આ તક મળી શકે છે. બવાના વિધાનસભા બેઠક પરથી રવિન્દ્ર ઈન્દ્રરાજ સિંહ બવાના વિધાનસભા બેઠક પરથી જીત્યા છે. તેમણે આમાં આદમી પાર્ટીના ધારાસભ્ય જય ભગવાન ઉપકરને 31475 મતોથી હરાવ્યા છે. રવિન્દ્ર ઈન્દ્રરાજ અનુસૂચિત જાતિ મોરચાના રાષ્ટ્રીય કાર્યકારિણી સભ્ય પણ છે. તેઓ લાંબા સમયથી દલિત સમાજ માટે કામ કરી રહ્યા છે. 50 વર્ષીય ઈન્દ્રરાજ વ્યવસાયે બિઝનેસમેન છે અને દિલ્હી યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ છે. તેમણે ચૂંટણીમાં આપેલા



**ભાજપનો સીએમ ચહેરો ચૂંટણીનો મુદ્દો હતો |** ભાજપે 26 વર્ષ બાદ દિલ્હીમાં ફરી સત્તા મેળવી છે. પાર્ટીએ ત્રણ વખત સરકાર બનાવનાર આમ આદમી પાર્ટીને હરાવીને 48 બેઠકો જીતી છે. જ્યારે છેલ્લી બે ચૂંટણીઓમાં ભાજપ માત્ર 3 અને 8 બેઠકો સુધી જ સીમિત રહી હતી. છેલ્લી ચૂંટણીમાં 62 બેઠકો જીતનાર AAP આ વખતે માત્ર 22 બેઠકો જ જીતી શકી છે. આમ આદમી પાર્ટીએ ચૂંટણી પહેલા ભાજપને સીએમ ચહેરો ન આપવાને મોટો મુદ્દો બનાવવાનો પ્રયાસ કર્યો હતો. વારંવાર પૂછવામાં આવ્યું કે કેજરીવાલની સામે ભાજપનો ચહેરો કોણ છે.

### દલિતો અને ગ્રામ્ય વિસ્તારોને ખુશ કરી શકાશે

રવીન્દ્ર ઈન્દ્રરાજ સિંહને મુખ્યમંત્રી બનાવીને ભાજપ એક કાંકરે અનેક નિશાન સાધી શકે છે. એક તરફ દેશભરના દલિતોને સંદેશો આપી શકાય છે, તો બીજી તરફ દલિતો અને બંધારણ જેવા મુદ્દાઓ પર આક્રમક વિપક્ષના હુમલાઓ લોકસભાની ચૂંટણીના સમયથી જ ઠપ્પ થઈ શકે છે. બીજી તરફ ભાજપ દિલ્હીનાં ગ્રામ્ય વિસ્તારને પણ ખુશ કરી શકે છે. બવાના ઉપરાંત નરેલા, મુંડકા, રીથાના, બદલી, બિજવાસન, નજફગઢ, મટિયાલા, પાલમ અને છતરપુરના મતદારોએ ભાજપની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

# મૈસુરમાં એક પરિવારના ચાર સભ્યો મૃત હાલતમાં મળી આવતા ચકચાર

મૈસુર : કર્ણાટકના મૈસુરના વિશ્વેશ્વરાય નગરમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક એપાર્ટમેન્ટમાં એક પરિવારના ચાર સભ્યો મૃત હાલતમાં મળી આવ્યા હતા. અહેવાલો અનુસાર, આ આપઘાતનો મામલો છે. 45 વર્ષીય ચેતન ઘરની અંદર લટકતી હાલતમાં મળી આવ્યો હતો. તેમની 43 વર્ષીય પત્ની રૂપાલી અને પુત્ર 15 વર્ષીય કુશલ અને 62 વર્ષીય માતા પ્રિયંવદા મૃત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસને આશંકા છે કે ચેતને આપઘાત કરતા પહેલા તેના પરિવારના સભ્યોને ઝેર આપ્યું હતું. જોકે, આ ઘટના પાછળનું સાચું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. અહેવાલ અનુસાર, ચેતન એક મિકેનિકલ એન્જિનિયર હતો.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**વિવિધ એન્જિનિયરિંગ કામો**

ઇ-ટેન્ડર સૂચના નંબર 32 વર્ષ 2024-2025 તારીખ: 17.02.2025

| ક્રમ નં | ઇ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત એનઆઈટી ખર્ચ | ઇએમડી રૂ |
|---|---|---|---|
| 1 | DRM-ADI-208-2024-25<br>સિનિયર DEN (NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળ પાલનપુર-સામખીયાળી વિભાગમાં આડેસર-કિડિયાનગર સ્ટેશનો વચ્ચે રોડ અંડરબ્રિજ બનાવીને 04 લેવલ ક્રોસિંગ દૂર કરવામાં આવશે. | 39,87,93,626.32 | 21,44,000.00 |
| 2 | DRM-ADI-209-2024-25<br>સિનિયર DEN (NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળ પાલનપુર-સામખીયાલી વિભાગમાં કિડિયાનગર-ચિત્રોડ સ્ટેશનો વચ્ચે રોડ અંડરબ્રિજ બનાવીને 04 લેવલ ક્રોસિંગ દૂર કરવામાં આવશે. | 38,07,18,803.57 | 20,53,600.00 |
| 3 | DRM-ADI-210-2024-25<br>સિનિયર DEN (NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળ પાલનપુર-સામખીયાળી વિભાગમાં ચિત્રોડ-સામખીયાળી સ્ટેશનો વચ્ચે રોડ અંડરબ્રિજ બનાવીને 04 લેવલ ક્રોસિંગ દૂર કરવામાં આવશે. | 36,09,58,187.46 | 19,54,800.00 |
| 4 | DRM-ADI-211-2024-25<br>પાલનપુર - સામખિયાળી વિભાગ - ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર) - અમદાવાદ હેઠળ રોડ હેઠળ અંડર બ્રિજ બનાવીને લેવલ ક્રોસિંગ નાબૂદ કરવું. (એલસી નં. ૪,૧૯,૩૮,૪૫) | 36,25,85,997.38 | 19,62,900.00 |
| 5 | DRM-ADI-212-2024-25<br>મહેસાણા વિરમગામ વિભાગ, ડિવિઝનલ ઇજનેર (ઉત્તર) - અમદાવાદ હેઠળ રોડ નીચે પુલ બનાવીને લેવલ ક્રોસિંગ દૂર કરવું. (એલસી નં. ૧૩,૧૫,૨૧,૨૨) | 36,10,80,255.28 | 19,55,400.00 |
| 6 | DRM-ADI-213-2024-25<br>DEN (NW)-ADI ના અધિકારક્ષેત્ર હેઠળ ગ્લૂડ જોઈંટના ફેબ્રિકેશનનું કાર્ય. (KRCL ને ચાર્જેબલ) | 1,19,11,286.21 | 2,09,600.00 |
| 7 | DRM-ADI-214-2024-25<br>ચાંદલોડિયા ખાતે વધારાની લૂપ લાઇનની જોગવાઈ અને ડિવિઝનલ એન્જિનિયર (બાંધકામ) અમદાવાદ (સમગ્ર કાર્ય) ના અધિકારક્ષેત્ર હેઠળના અન્ય આનુષંગિક કાર્યોના સંદર્ભમાં EL બિલ્ડિંગ અને સિવિલ વર્ક્સનું બાંધકામ. | 17,33,46,804.41 | 10,16,700.00 |
| 8 | DRM-ADI-215-2024-25<br>ડિવિઝનલ એન્જિનિયર (બાંધકામ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ROBS અને RUBs અને અન્ય આનુષંગિક કાર્યોમાં માળખાકીય સુધારો | 2,33,57,425.06 | 2,66,800.00 |
| 9 | DRM-ADI-216-2024-25<br>અમદાવાદ વિસ્તારમાં JE/SSE (કામ) અને S&T ઓફિસ માટે ટાઇપ-III અને ટાઇપ-IV ક્વાર્ટર્સનું બાંધકામ અને ડિવિઝનલ ઇજનેર (કામ) - અમદાવાદ (સમગ્ર કાર્ય) ના અધિકારક્ષેત્ર હેઠળના અન્ય આનુષંગિક કાર્યો. | 2,05,29,947.71 | 2,52,700.00 |
| 10 | DRM-ADI-217-2024-25<br>ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ RDSO દ્વારા મંજૂર કરાયેલ ટ્રાન્સલેમેટિક રોબોટિક વેલ્ડીંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને CMS ક્રોસિંગનું ઇન-સીટુ પુનર્નિર્માણ. | 91,13,714.47 | 1,82,300.00 |
| 11 | DRM-ADI-218-2024-25<br>વિરમગામ - સામખિયાળી વિભાગ, અમદાવાદના સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (પશ્ચિમ) ના અધિકારક્ષેત્ર હેઠળના લેવલ ક્રોસિંગ નંબર 57, 70, 71, 105 પર રોડ અંડરબ્રિજ બનાવીને લેવલ ક્રોસિંગ દૂર કરવા. | 35,96,90,687.87 | 19,48,500.00 |
| 12 | DRM-ADI-219-2024-25<br>અમદાવાદ: સિનિયર સેક્શન એન્જિનિયર (પી.વે) અમદાવાદના અધિકારક્ષેત્રમાં કચરો ઉપાડવા અને ટ્રેકની સફાઇ | 1,16,37,287.04 | 2,08,200.00 |
| 13 | DRM-ADI-220-2024-25<br>અમદાવાદ-મહેસાણા વિભાગમાં સિનિયર DEN (દક્ષિણ) અમદાવાદના અધિકારક્ષેત્રમાં ટિમ્બલ ગેડો વોર્સિસ ટ્રોલી સિસ્ટમનો ઉપયોગ કરીને ટેમ્પિંગ પહેલા અને પછી માપન સર્વેક્ષણ | 49,22,052.67 | 98,500.00 |
| 14 | DRM-ADI-221-2024-25<br>ચાંદલોડિયા (B) કેબિનના સંદર્ભમાં સિવિલ કામો: લાઇન નં. 05 (15.01.16.24. 3.50.008) અને સાબરમતી D કેબિનને અડીને લૂપ લાઇન (CSR 720M) ની જોગવાઈ, જે ICD (D કેબિન એન્ડ) ના શન્ટિંગ નેકને BTD મુખ્ય લાઇન સાથે જોડે છે, તેમજ કોચિંગ ટર્મિનલનું વીજળીકરણ(15.01.16.24.3.50.006) | 7,47,74,892.91 | 5,23,900.00 |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય :** તારીખ 11/03/2025 સમય 15:00 કલાકે **ઓફિસ સરનામું :** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.) અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 **ઇ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઇટ :** www.ireps.gov.in

326

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ભારત-જીસીસી સંબંધોની સંક્ષિપ્ત માહિતી

વિહંગાવલોકન: અખાત ભારતનો 'વિસ્તૃત' પડોશ છે જે ફક્ત અરબી સમુદ્રથી અલગ પડે છે. અખાતી દેશો (એટલે કે બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને યુએઈ) ભારત માટે વેપાર અને રોકાણના મુખ્ય ભાગીદારો તરીકે ઉભરી આવ્યા છે. જીસીસી દેશો સામૂહિક રીતે આશરે 9 મિલિયન ભારતીય નાગરિકોની યજમાની કરે છે તથા ભારત અને ખાડીનાં દેશો વચ્ચેનાં દેશો વચ્ચે સાંસ્કૃતિક અને લોકો વચ્ચેનાં સંબંધો ઐતિહાસિક રીતે દ્વિપક્ષીય સંબંધોનો પાયો છે.

રાજકીય સંબંધો: જીસીસીના તમામ દેશો સાથે ભારતના ઉત્કૃષ્ટ સંબંધો ભારત અને ખાડીના દેશો વચ્ચે ઉચ્ચ-સ્તરીય મુલાકાતોના નિયમિત આદાન-પ્રદાનમાં, નેતૃત્વના સ્તરે તેમજ મંત્રીમંડળીય સ્તરે પ્રતિબિંબિત થાય છે. પ્રધાનમંત્રીએ મે, 2014થી અત્યાર સુધીમાં ખાડીનાં દેશોની 14 મુલાકાતો પૂર્ણ કરી છે. જેમાં યુએઈની 7 મુલાકાતો, સાઉદી અરેબિયા અને કતારની 2 મુલાકાતો અને ઓમાન, બહેરીન અને કુવૈતની એક-એક મુલાકાતનો સમાવેશ થાય છે.

કતારના આમીર 17-18 ફેબ્રુઆરી 2025 દરમિયાન ભારતની બીજી સત્તાવાર મુલાકાતે છે. પ્રધાનમંત્રીએ ડિસેમ્બર, 2024માં કુવૈતની મુલાકાત લીધી હતી, જે છેલ્લાં 43 વર્ષમાં કોઈ પણ ભારતીય પ્રધાનમંત્રીની કુવૈતની પ્રથમ મુલાકાત હતી. ભારતે તાજેતરમાં જાન્યુઆરી 2024 માં યુએઈના રાષ્ટ્રપતિ હિઝ હાઈનેસ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન, ડિસેમ્બર 2023માં ઓમાનના સુલતાન હિઝ મેજેસ્ટી હૈતામ બિન તારિક અને સપ્ટેમ્બર 2023માં ક્રાઉન પ્રિન્સ અને સાઉદી અરેબિયાના વડા પ્રધાન હિઝ રોયલ હાઈનેસ મોહમ્મદ બિન સલમાનની મુલાકાતોનું પણ આયોજન કર્યું હતું.

ભારત હવે યુએઈ, સાઉદી અરેબિયા, ઓમાન, કુવૈત અને કતાર સાથે વ્યૂહાત્મક ભાગીદારી ધરાવે છે. ભારત અને જીસીસી દેશો પણ જીસીસી ફ્રેમવર્ક હેઠળ સહકાર આપે છે.

વ્યૂહાત્મક સંવાદ માટે પ્રથમ ભારત-જીસીસી મંત્રીસ્તરીય બેઠક સપ્ટેમ્બર, 2024માં રિયાધમાં વિદેશ મંત્રી સ્તરે યોજાઈ હતી, જેમાં ઈએએમએ હાજરી આપી હતી (અખબારી યાદી સાથે સંબંધિત). ભારત-જીસીસી સંયુક્ત કાર્યયોજના અપનાવવામાં આવી હતી, જેમાં વેપાર અને રોકાણ, સુરક્ષા, ઊર્જા, સ્વાસ્થ્ય, કૃષિ અને ખાદ્ય સુરક્ષા, પરિવહન, સંસ્કૃતિ સહિત વિવિધ ક્ષેત્રોમાં સહકારને આવરી લેવામાં આવ્યો હતો.

વેપાર અને રોકાણ: નાણાકીય વર્ષ 2023-24માં જીસીસી દેશો સાથે અમારો દ્વિપક્ષીય વેપાર આશરે 162 અબજ અમેરિકન ડોલર હતો, જે અમારા સૌથી મોટા પ્રાદેશિક વેપારી ભાગીદારોમાંનો એક બની ગયો છે. જ્યારે આયાતનું મૂલ્ય 105.9 અબજ અમેરિકન ડોલર હતું, જ્યારે નિકાસનું મૂલ્ય 56.3 અબજ અમેરિકન ડોલર હતું. પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનો એ ભારતમાં જીસીસી દેશો માટે મુખ્ય નિકાસ વસ્તુઓ છે. ભારતમાંથી નિકાસની મુખ્ય ચીજવસ્તુઓમાં અનાજ અને ખાદ્ય ચીજો, ઝવેરાત, કૃત્રિમ ફાઈબર અને યાર્ન, કાપડ વગેરેનો સમાવેશ થાય છે. અમારા વેપારી સંબંધો વેપાર બાસ્કેટના વૈવિધ્યકરણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને વિસ્તૃત થઈ રહ્યા છે. ભારત-યુએઈ વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (સીઈપીએ) પર બંને દેશો વચ્ચે 18 ફેબ્રુઆરી 2022 ના રોજ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા અને 1 મે 2022થી સત્તાવાર રીતે અમલમાં મૂકવામાં આવ્યા હતા.

જીસીસી દેશોએ પણ ખાસ કરીને તેમના સાર્વભૌમ સંપત્તિ ભંડોળ દ્વારા ભારતમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે.

યુએઈ અને સાઉદી અરેબિયાએ 9-10 સપ્ટેમ્બર, 2023ના રોજ નવી દિલ્હીમાં આયોજિત જી -20 લીડર્સ સમિટની સાથે સાથે નવા ભારત-મધ્ય પૂર્વ આર્થિક કોરિડોર (આઈએમઈઈસી) ને વિકસાવવા માટેના એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. તેમાં બે અલગ કોરિડોર હશે, જેમાં ભારતને ખાડી સાથે જોડતો ઈસ્ટ કોરિડોર અને ગલ્ફને યુરોપ સાથે જોડતો ઉત્તર કોરિડોર સામેલ હશે. તેમાં એક એવી રેલવે પણ સામેલ હશે, જે વર્તમાન દરિયાઈ અને માર્ગ પરિવહન માર્ગોને પૂરક બનાવવા માટે એક વિશ્વસનીય અને વાજબી ખર્ચે સરહદ પારનાં જહાજથી રેલવે પરિવહન નેટવર્ક પ્રદાન કરશે, જે આ દેશો વચ્ચે આવવા-જવા માટે ચીજવસ્તુઓ અને સેવાઓને સક્ષમ બનાવશે.

ભારત અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ) વચ્ચે ભારત-મધ્ય પૂર્વ-યુરોપ આર્થિક કોરિડોર (આઈએમઈઈસી)ની કામગીરી માટે સહકાર સાથે સંબંધિત આંતરસરકારી માળખાગત સમજૂતી (આઈજીએફએ) પર 13 ફેબ્રુઆરી, 2024ના રોજ હસ્તાક્ષર થયા હતા. માળખાગત કાર્યનાં મુખ્ય તત્ત્વોમાં ડિજિટલ ઈકોસિસ્ટમ સહિત લોજિસ્ટિક્સ પ્લેટફોર્મનાં વિકાસ અને વ્યવસ્થાપન તથા આઈએમઈઈસીને સક્ષમ બનાવવા તમામ પ્રકારનાં સામાન્ય કાર્ગો, જથ્થાબંધ, કન્ટેનર અને લિક્વિડ બલ્કનું સંચાલન કરવા માટે સપ્લાય ચેઈન સેવાઓની જોગવાઈ સામેલ છે. આઈએમઈઈસી પહેલ હેઠળનો આ પહેલો કરાર છે.

ઊર્જા : ભારત ખાડીનાં દેશો સાથે મજબૂત ઊર્જા ભાગીદારી ધરાવે છે. નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન જીસીસી દેશો સાથે કુલ હાઈડ્રોકાર્બનનો વેપાર 71 અબજ ડોલર હતો. ભારત અને ખાડીનાં દેશો વચ્ચે ઊર્જા ભાગીદારીને ખરીદનાર અને વેચાણકર્તામાંથી વધારે વિસ્તૃત સંબંધમાં પરિવર્તિત કરવા પણ કામ કરી રહ્યું છે. અમે ખાડીના દેશો સાથે સૌર અને ગ્રીન હાઈડ્રોજન સહિત પુનઃપ્રાપ્ય ઊર્જા પર પણ સાથે મળીને કામ કરી રહ્યા છીએ.

સંરક્ષણ અને સુરક્ષા : ઉચ્ચ સ્તરીય મુલાકાતો, દ્વિપક્ષીય કવાયતો, જહાજની મુલાકાતો, તાલીમ અને પ્રદર્શનોમાં ભાગીદારી સાથે ખાડીના દેશોની સાથે ભારતના સંરક્ષણ અને સુરક્ષા સંબંધો સતત વિસ્તરી રહ્યા છે.

આતંકવાદનો સામનો, ગુપ્ત માહિતીની વહેંચણી, સાયબર સુરક્ષા અને દરિયાઈ સુરક્ષા જેવા ક્ષેત્રોમાં સહકારનું વિસ્તરણ થઈ રહ્યું છે. તાજેતરના વર્ષોમાં ભારત અને ખાડીના દેશો વચ્ચે અનેક ઉચ્ચ-સ્તરીય સંરક્ષણ મુલાકાતો થઈ છે.

ભારતીય સમુદાય: અખાતી દેશોમાં આશરે 90 લાખ ભારતીયો વસે છે. જીસીસી દેશોમાં વસતા ભારતીય સમુદાયને આ ક્ષેત્રના વિકાસમાં તેના યોગદાન માટે માન્યતા આપવામાં આવી છે અને તેમની સખત મહેનત, કાયદાનું પાલન કરનાર અને શાંતિપૂર્ણ સ્વભાવ માટે પણ તેની પ્રશંસા કરવામાં આવે છે.

## શૌચાલયના મેન્ટેનન્સમાં કરોડોનો ખર્ચ છતાં વ્યાપક ગેરરીતિ

ગાંધીનગર | ગાંધીનગરમાં વિવિધ જાહેર સ્થળોએ નાગરિકોની સુવિધા માટે બનાવવામાં આવેલા જાહેર શૌચાલયોના મેઈન્ટેનન્સ પાછળ એજન્સી રોકીને મહાનગરપાલિકા દ્વારા દર વર્ષે એજન્સીને કરોડો રૂપિયા ચૂકવતી હોવા છતાં શહેરના મોટાભાગના જાહેર શૌચાલયોની સ્થિતિ બિસ્માર છે. આ મેઈન્ટેનન્સની કામગીરીમાં વ્યાપક ગેરરીતીઓ હોવાનું બહાર આવ્યું છે. મહાનગરપાલિકાની સેનિટેશન કમિટીના સભ્યોની આકસ્મિક મુલાકાત દરમિયાન આ ગેરરીતીઓ જણાતા આ મામલે પગલાં લેવા મ્યુનિસિપલ કમિશનરને જાણ કરવામાં આવી છે.

## સાંતેજ પંપ પાસે અકસ્માતમાં બાવલુ ગામના યુવાનનું મોત

ગાંધીનગર | બનાવ અંગે મૃતક યુવાનના પિતા ધનાભાઇ જીવાભાઇ રાવળે સાંતેજ પોલીસ મથકમાં અકસ્માત સર્જનાર પિકપ ડાલા (જીજે-18-એઝેડ-0448)ના ચાલક સામે સાંતેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તેમાં જણાવ્યા મુજબ તેમનો મોટો પુત્ર પ્રકાશ (ઉં-23) ગઇ કાલે રવિવારે સવારે 9 વાગ્યાના અરસામાં બાઇક લઇને સાંતેજ રોડ પરથી જઇ રહ્યો હતો ત્યારે સામેથી તેજ ઝડપે આવતા પિકપ ડાલાના ચાલકે તેના વાહન ઉપરનો કાબુ ગુમાવી દીધો હતો અને બાઇકને અડફેટે લઇ ટક્કર મારતા અકસ્માત થયો હતો.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામમાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થતા

# કમલમ ખાતે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ સી.આર. પાટીલ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના પરિણામ આજ રોજ જાહેર થયા છે જેમા ભારતીય જનતા પાર્ટીનો ભવ્યતી ભવ્ય વિજય થયો છે જે સંદર્ભે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ કેન્દ્રિયજળશક્તિમંત્રી સી.આર. પાટીલ તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઇ હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલે સંબોધનમાં હળવી શૈલીમાં આજે કોઇ પ્રશ્ન રહ્યો નથી તેમ જણાવતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો કાર્યમંત્ર છે કે સૌનો સાથ,સૌનો વિકાસ,સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ સાથે કાર્યકર્તાઓ એક થઇ સંગઠન અને ચૂંટાયેલ પાખ જે રીતે કામ કરે છે તેના પરિણામે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભવ્ય જીત મળી છે. આવનાર દિવસમાં પ્રજાના દરેક પ્રશ્નોનું નિવારણ લાવી જનતાનો વિશ્વાસ વધુ મજબૂત થાય તે દિશામાં કાર્ય કરીશું. સી.આર. પાટીલએ સંબોધન કરતા જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભવ્ય જીત મળી છે.



આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની લોકપ્રિયતા અને લોકોમાં તેમનો વિશ્વાસ આજે સમગ્ર દેશમાં જોવા મળે છે. મોદીનો અશ્વમેઘ યજ્ઞના ઘોડાને પકડવાની કે રોકવાની કોઇ પણ પાર્ટી કે પાર્ટીના નેતાની ક્ષમતા નથી. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પાસે જનતાનું અદભૂતપુર્વ જનસમર્થન છે જેમાં અન્ય રાજકીય પાર્ટીના આગેવાનો અંજાઇ જાય છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પણ વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી પ્રત્યેનો વિશ્વાસ તેમજ દેશના ગૃહમંત્રી અમિતભાઇ શાહનું માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલમના નેતૃત્વમાં થયેલા વિકાસના કાર્યો અને જનસંપર્ક સહિત ભાજપના તમામ કાર્યકર્તાઓએ કરેલી અથાગ મહેનતનું પરિણામ છે. ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકર્તાઓએ એક ટીમ તરીકે કાર્ય કર્યુ છે જેના પરિણામે ભવ્ય જીત પ્રાપ્ત થઇ છે જે બદલ ભાજપના પાયાના કાર્યકર્તાઓને અભિનંદન. ભવ્ય જીત બદલ આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને દેશના ગૃહમંત્રી અમિતભાઇ શાહ સાહેબ તેમજ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલનો પણ આભાર વ્યકત કરુ છું.પાટીલએ વધુમાં જણાવ્યું કે, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપાએ જે પરિણામની કલ્પના કરી હતી તેમા થોડી કચાસ રહી ગઇ છે અમે 68 માથી 68 પર વિજય મેળવવા માંગતા હતા પરંતુ 2 બેઠક એસ.પીને મળી, એક બેઠક કોંગ્રેસને મળી. ગત વખતે કોંગ્રેસ પાસે જે 13 બેઠકો હતી તેમાથી ફકત એક બેઠક જીતી શક્યા છે. ગત વખત કરતા આ વખતે ભાજપની 14 બેઠકો વધી છે. 60 બેઠકો પર ભાજપ સ્પષ્ટ જંગી મતો સાથે જીત્યુ છે. આ વખતની ચૂંટણીમાં 7 જેટલી નગરપાલિકામાં કોંગ્રેસનું ખાતુ ખુલ્યુ નથી અને બાકીની બેઠકોમાં પણ ઓછી બેઠક મળી છે આ પરિણામ જોતા ખ્યાલ આવે છે કે કોંગ્રેસ મુકત ગુજરાત થઇ રહ્યુ છે. નેતા કહેતા આંકલાવના ધારાસભ્યે તો તેમના પક્ષના ઉમેદવારને મેન્ડેટ આપવાની હિમંત જ દાખવી નહી તે જ બતાવે છે કે કોંગ્રેસના આગેવાનો પ્રત્યે કાર્યકર્તાઓની નારાજગી સાથે હિમંત ગુમાવી દીધી છે તે દેખાઇ રહ્યુ છે.

# મુખ્યમંત્રીએ નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત નશામુક્તિ અભિયાન વાનનું પ્રસ્થાન કરાવ્યું



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય અને ભારત સરકાર ના સામાજિક ન્યાય તથા અધિકારીતા મંત્રાલય આયોજિત નશામુક્ત ભારત અભિયાનની સેવા યોજના વાનનું ગાંધીનગરથી પ્રસ્થાન કરાવ્યું હતું.

તેમણે આ વાનને પ્રસ્થાન કરાવીને નશામુક્ત ભારત અભિયાનનો રાજ્ય વ્યાપી શુભારંભ પણ કરાવ્યો હતો. આ અભિયાન ગુજરાતમાં ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ અંબાજીથી શરૂ થવાનું છે. સમગ્ર વર્ષ દરમિયાન ચાલનારા આ નશામુક્ત ભારત અભિયાન અન્વયે નશામુક્તિ અભિયાન વાન રાજ્યના બધા જ જિલ્લાઓને આવરી લઈને રોજના પાંચ ગામોની મુલાકાત લેશે. એટલું જ નહીં, આ ગામોમાં લોકોને નશામુક્તિની સમજણ આપીને નશો છોડાવવાની પ્રતિજ્ઞા કરાવશે સાથોસાથ નશામુક્તિ માટે જનજાગૃતિ જગાવતા સેમિનાર, વર્કશોપ અને રેલીનું પણ આયોજન કરવામાં આવશે. ખાસ ટ્રેનર દ્વારા લોકોને નશામુક્તિની ટ્રેનિંગ આપીને તેઓ પણ બીજાને વ્યસનો છોડાવી શકે તેવા સક્ષમ બનાવવાની દિશામાં આ અભિયાન અંતર્ગત સેવા પ્રવૃત્તિ હાથ ધરાવાની છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ નશામુક્ત અભિયાન વાનને પ્રસ્થાન કરાવ્યું તે વેળાએ બ્રહ્માકુમારી નંદીની બહેન, કૈલાશ દીદી, રાજયોગ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનની મેડિકલ વિંગના નેશનલ કો-ઓર્ડીનેટર ડૉ. બનારસીભાઈ, ડૉ. નીતાબેન અને બ્રહ્મા કુમારીઝના સેવાકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અમદાવાદમાં 'ધી બિરયાની લાઇફ' રેસ્ટોરન્ટે નોનવેજ બિરયાની મોકલી, ગ્રાહકે કહ્યું- બે ચમચી ખાતાં જ ઊલટી થવા લાગી

# ઓનલાઇન મગાવેલી વેજ બિરયાની નોનવેજ નીકળી



અમદાવાદ | અમદાવાદ શહેરના ખાણીપીણી રેસ્ટોરન્ટમાંથી અવારનવાર અખાદ્ય પદાર્થો અને ચીજવસ્તુઓ નીકળવાના કિસ્સાઓ સામે આવતા હતા. પરંતુ હવે વેજિટેરિયનની જગ્યાએ નોનવેજિટેરિયન ખાવાનું પણ લોકોને મોકલી આપવામાં આવતું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. શહેરના સાઉથ બોપલ વિસ્તારમાં આવેલી ધી બિરયાની લાઈફ નામની રેસ્ટોરન્ટમાંથી ગ્રાહકે ઓનલાઈન ફૂડ એપ મારફતે વેજિટેરિયન બિરયાની મગાવી હતી, પરંતુ રેસ્ટોરન્ટ દ્વારા તેઓને નોનવેજ બિરયાની આપવામાં આવી હતી. ગ્રાહકે ઘરે મગાવેલી બિરયાની બે ચમચી ખાધાની સાથે જ તેમને ખબર પડી હતી કે, આ બિરયાની નોનવેજ છે અને તેઓને ઉલટી થવા લાગી હતી અને તબિયત ખરાબ થઈ ગઈ હતી. આ મામલે AMC ફૂડ વિભાગમાં ફરિયાદ કરતા ટીમ દ્વારા તપાસ કરી અને રેસ્ટોરન્ટને બંધ કરવાની નોટિસ આપવામાં આવી હતી.

#### ફૂડ વિભાગની એકમ સીલ કરવાની કાર્યવાહી

જ્યાં જમવાનું બનતું હતું ત્યાં વેજિટેરિયલ અને નોન વેજિટેરિયન બંને એક જ જગ્યાએ બનતું હતું તેવું ધ્યાને આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગની ટીમ દ્વારા ફરિયાદ મળતાંની સાથે તાત્કાલિક તપાસ કરવામાં આવી હતી અને જ્યાં આ જમવાનું બનતું હતું તે એકમને સીલ કરવાની કાર્યવાહી ફૂડ વિભાગની ટીમ દ્વારા કરવામાં આવી છે.

# અમદાવાદ એરપોર્ટ પર સેલ્ફ-બેગેજ ડ્રોપ સુવિધા

### પ્રતિ મિનિટ ત્રણ મુસાફરોને પ્રોસેસ કરવા માટે SBD સુવિધા સુસજ્જ

(એજન્સી) અમદાવાદ | તા 18

વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોના ફ્લેગશિપ ઈન્ક્યુબેટર અદાણી એન્ટરપ્રાઈઝ લિ.ની પેટાકંપની અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિ.દ્વારા સંચાલિત સરદાર વલ્લભભાઇ પટેલ ઈન્ટરનેશનલ (SVPIA) એરપોર્ટ ઉપર મુસાફરોનો સેલ્ફ-બેગેજ ડ્રોપ (SBD) સુવિધાને વ્યાપક આવકાર મળી રહ્યો છે. SBD સેવાના ઉપયોગમાં ઉત્તરોત્તર નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. નવેમ્બર 2023માં આ સુવિધા ખુલ્લી મૂકાયા બાદ તેનો વપરાશ સતત વધી રહ્યો છે. સીમલેસ ટેકનોલોજી સાથેની સેલ્ફ બેગેજ ડ્રોપ સુવિધા મારફત દર 20 બેગે એકના ચેક ઈન



થવાના કારણે પ્રવાસીઓના એરપોર્ટ ખાતે કાઉન્ટર્સ પર ઉભા રહેવાના સમયમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ અત્યાધુનિક SBD સુવિધા મુસાફરો માટે સમય બચાવતી ટેકનોલોજી ઈન્ટરફેસ અનુભવ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. કારણ કે તે પ્રતિ મિનિટ ત્રણ મુસાફરોની ચેક ઈન પ્રક્રિયા કરી શકે છે. SBD મશીનોની સંખ્યા તેની શરૂઆતથી 7 મહિનામાં બેથી બમણી થઈને ચાર થઈ ગઈ છે, જેમાં વધુ એરલાઈન્સ સેવામાં જોડાવાનું વિચારી રહી છે. ડોમેસ્ટિક ટર્મિનલ T-1ના કાઉન્ટર નંબર 11 અને 12 અને 39 અને 40 પર ડિપાર્ચર ચેક-ઈન હોલમાં સ્થિત આ સુવિધા હાલમાં ઈન્ડિગો અને એર ઈન્ડિયાના મુસાફરો માટે ઉપલબ્ધ છે. ઓછો રાહ જોવાનો સમય અને સરળ અનુભવ આપીને આ એક પસંદગીની ચેક-ઈન પ્રક્રિયા બની ગઈ છે. ચાલુ નાણાકીય વર્ષના 31 જાન્યુઆરી 2025 સુધીમાં સેલ્ફ બેગેજ ડ્રોપ સુવિધા દ્વારા 1.7 લાખથી વધુ બેગોની પ્રક્રિયા કરવામાં આવી છે. આ સેવા અડચણ કે અવરોધ વિના ચેક-ઈનની પ્રક્રિયા ઝડપથી આટોપતી હોવાથી વિમાની પ્રવાસીઓમાં ટુંકા ગાળામાં લોકપ્રિય સાબિત થઈ છે.

# હોર્ન વગાડવા મુદ્દે બાઇકચાલકે મહિલા PSI સાથે મારામારી કરી

(એજન્સી) અમદાવાદ | તા 18

કારંજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા મહિલા પીએસઆઈ બંદોબસ્તની ડ્યુટી પૂરી કરીને ઘરે જઈ રહ્યાં હતાં ત્યારે જુહાપુરા સરખેજ રોડ પર હોર્ન વગાડવા બાબતે ટુવ્હીલરચાલક, તેની પત્ની અને પિતરાઈ તથા સાગરિતોએ મહિલા પીએસઆઈને માર માર્યો હતો. એટલું જ નહીં વચ્ચે પડેલા વેજલપુરના પીએસઆઈને પણ માર માર્યો હતો. આ મામલે વેજલપુર પોલીસે ટુવ્હીલરચાલક, તેની પત્ની અને પિતરાઈ, તેના સાગરિતો સામે ગુનો નોંધીને ત્રણની ધરપકડ કરી છે. સરખેજમાં રહેતાં કૌસર જલવાણી કારંજ પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ છે. રવિવારે બંદોબસ્ત બાદ ગાડી લઈ ઘરે જતા હતા. જુહાપુરા સરખેજ રોડ પર આવેલા પેટ્રોલ પંપ પાસે ટ્રાફિક જામ હતો. મહિલા પીએસઆઈની ગાડીની આગળ ઊભેલો ટુવ્હીલર ચાલક સાઈડ ન આપતા તેમણે હોર્ન માર્યો હતો. આથી ટુવ્હીલર ચાલકે આવેશમાં આવીને મહિલા પીએસઆઈ કૌસરની ગાડી બંધ કરીને 'ક્યોં હોર્ન બજાતી હો' કહીને ઊંચા અવાજે વાત કરવા લાગ્યો હતો. પીએસઆઈ કૌસરે પોતાની પોલીસ તરીકેની ઓળખ આપી હોવા છતાં તેણે વાહન ન હટાવીને માથાકૂટ કરી હતી. ટુવ્હીલરચાલકે ગાળો બોલી મહિલા પીએસઆઈનો હાથ મરડી લાતો મારી હતી. આવામાં ટુવ્હીલરચાલકની પત્નીએ આવીને ગાળાગાળી કરીને ધક્કામુક્કી કરી હતી. ટુવ્હીલરચાલકે ત્રણ-ચાર માણસો બોલાવી પીએસઆઈને ધક્કે ચડાવ્યાં હતાં.

# જમાલપુરમાં સના સેવન- દાણીલીમડામાં અંકુર ટાવર નામની રહેણાંક બિલ્ડિંગોને ખાલી કરવાની નોટિસ

(એજન્સી) અમદાવાદ | તા 18

શહેરમાં અનેક વિસ્તારમાં ગેરકાયદેસર બિલ્ડિંગો ઊભી કરી દેવામાં આવે છે. એસ્ટેટ વિભાગના અધિકારીઓ અધિકારીની એદરકારીના કારણે બિલ્ડિંગો બનીને તૈયાર થઈ જાય છે અને વપરાશ પણ થઈ જાય છે. આવા ગેરકાયદે બાંધકામોમાં કોર્ટમાં કેસ દાખલ થાય છે, પણ કોઈ કાર્યવાહી થતી નથી. શહેરના જમાલપુર વિસ્તારમાં અને દાણીલીમડા વિસ્તારમાં બની ગયેલી ગેરકાયદેસર રહેણાંક બિલ્ડિંગોને લઈને કોર્ટમાં કેસ દાખલ થયા છે. જમાલપુર વિસ્તારમાં સના સેવન નામની બિલ્ડિંગનો કોર્ટમાં કેસ પેન્ડિંગ છે, ત્યારે તેને ખાલી કરવા માટે સાત દિવસની નોટિસ આપવામાં આવી છે. દાણીલીમડા વિસ્તારમાં પણ ગેરકાયદેસર બિલ્ડિંગને તોડી પાડવાનો આદેશ અપાયો તો ત્યારે તેની સ્થળ સ્થિતિનો રિપોર્ટ કમિટીમાં માંગવામાં આવ્યો છે. લીગલ કમિટીના ચેરમેન પ્રકાશ ગુર્જરે જણાવ્યું હતું કે, શહેરના જમાલપુર વિસ્તારમાં આસ્ટોડીયા દરવાજા નજીક રંગવાળી ચાલી પાસે વર્ષ 2019માં સના સેવન નામની 9 માળની ગેરકાયદેસર બિલ્ડિંગ બાંધવાની શરૂઆત થઈ હતી. જે બિલ્ડિંગ ત્રણ વર્ષમાં બનીને તૈયાર થઈ ગઈ હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા અવારનવાર નોટિસ આપી સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી હતી, છતાં પણ બાંધકામ કરી બિલ્ડિંગ બનાવી દેવામાં આવ્યું છે. આ મામલે કોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ કોઈ પણ પ્રકારનો સ્ટે આપવામાં આવ્યો નથી અને માત્ર કે પેન્ડિંગ છે. આજે મળેલી લીગલ કમિટીમાં આ બિલ્ડિંગને સાત દિવસની નોટિસ આપવા અંગેની સૂચના આપવામાં આવી છે.

# વિધાર્થીઓએ નામ, વિષય, સહી સહિતની વિગતની ખરાઇ કરવી, 27 ફેબ્રુઆરીથી પરીક્ષાનો પ્રારંભ થશે

(એજન્સી) અમદાવાદ | તા 18

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 અને 12 ની પરીક્ષા આગામી 27 ફેબ્રુઆરીથી શરૂ થવાની છે.ત્યારે હવે વિદ્યાર્થીઓ બોર્ડની હોલ ટિકિટ મેળવી શકશે.વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પરથી હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે અથવા તો સ્કૂલમાંથી પણ વિદ્યાર્થીઓને હોલ ટિકિટ મળી શકશે.વિદ્યાર્થીઓએ હોલ ટિકિટ મેળવીને તેમના વિષય,નામ,સહી સહિતની વિગત ચકાસવાની રહેશે.



ગુજરાત બોર્ડ દ્વારા હોલ ટિકિટ અંગે જાહેરાત કરવામાં આવી છે.વિધાર્થીઓ બોર્ડની વેબસાઈટ gseb.org પરથી પરીક્ષાની હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. વિધાર્થીઓ પોતાની જાતે જ હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે. આ ઉપરાંત દર વર્ષે સ્કૂલમાંથી પણ હોલ ટિકિટ આપવામાં આવે છે જે વિધાર્થી મેળવી શકે છે. હોલ ટિકિટ ડાઉનલોડ કરી સ્કૂલના આચાર્યના સહી સિક્કા કરાવવા જરૂરી છે.

અત્યારે તમામ સ્કૂલો દ્વારા હોલ ટિકિટ ડાઉનલોડ કરવાની શરૂ કરવામાં આવી છે. હોલ ટિકિટ ડાઉનલોડ કર્યા બાદ સ્કૂલ દ્વારા આચાર્ય સહી સિક્કા કરવામાં આવશે. તમામ હોલ ટિકિટ પર સહી સિક્કા કર્યા બાદ વિધાર્થીઓને હોલ ટિકિટ આપવામાં આવશે. આ હોલ ટિકિટના આધારે જ વિધાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવશે.

# પોલીસ પર પથ્થરમારાના કેસમાં જવાહર ચાવડાને રાહત નહીં:ફરિયાદ રદ કરવાનો હાઈકોર્ટ ઈન્કાર કર્યો

(એજન્સી) અમદાવાદ | તા 18

ભાજપ નેતા અને પૂર્વ મંત્રી જવાહર ચાવડા સામેની ફરિયાદ રદ કરવાનો હાઇકોર્ટે ઇનકાર કર્યો છે. હાઇકોર્ટે ચુકાદામાં પોલીસ અને ભાજપ નેતાની મીલીભગત બાબતની ગંભીર નોંધ લીધી છે. હાઇકોર્ટે નોંધ્યું છે કે પોલીસ અધિકારીઓ અને અરજદાર જવાહર ચાવડા વચ્ચે સમગ્ર ઘટનામાં દેખીતી રીતે મીલીભગત સામે આવી છે, જે એક કડવી અને દુર્ભાગ્યપૂર્ણ બાબત છે. પોલીસે ચાવડાને ઘટના સ્થળેથી પકડ્યા નહોતા અને ઊલટાનું તેમની ઔપચારિક ધરપકડ કરવાના બદલે તેમને જવા દીધા હતા.

અરજદાર સ્થાનિક વિસ્તારો અને કેબિનેટ મંત્રીની રૂએ રાજ્યના સચિવાલયમાં પણ ઉપસ્થિત રહેતાં હોવા છતાંય પોલીસે તેમની ધરપકડના પ્રયત્ન કર્યા નહોતા અને માત્ર સગવડીયા ધર્મ ખાતર તેમનું નામ ચાર્જશીટની કોલમમાં ભાગેડૂ તરીકે દર્શાવી દીધું હતું. કોર્ટ આવી સગવડીયા ડિઝાઈનનો ભાગ બનીને અરજદારને કોઇ રાહત આપી શકે નહીં. વર્ષ 2018માં વંથલી ખાતે બનેલી એક પથ્થરમારાની ઘટનામાં પોલીસે ચાવડા ઉપર લટકતી તલવાર રાખી હોવાની રજૂઆત સાથે તેમને પોતાની સામેની ફરિયાદ રદ્દ કરવા હાઇકોર્ટમાં અરજી કરી હતી. તેમની રજૂઆત હતી કે તેમને આરોપી બનાવવાના હોય તો આરોપી બનાવાય, જેથી તેઓ ટ્રાયલ લડી શકે અથવા તેમને છોડી મૂકવા માટેનો રિપોર્ટ ભરે. આ રીતે છ વર્ષથી મામલો લટકાવી રાખી શકાય નહીં.

આ અરજી ઉપર હાઇકોર્ટે ચુકાદો આપતા નોંધ્યું છે કે ઘટના 2018ની છે અને ચાર્જશીટ 2020માં દાખલ થઇ હતી. જેમાં અરજદારને ભાગેડૂ દર્શાવ્યા હતા. જો કે અરજદારે વર્ષ 2024માં હાઇકોર્ટમાં અરજી કરી હતી. ઘટનાના 06 વર્ષ સુધી તેમણે બચાવની કાર્યવાહી કરી નહોતી અને 06 વર્ષ બાદ હાઇકોર્ટમાં અરજી કરી હતી. કોર્ટને મજબૂત આશંકા છે કે અરજદાર પણ કોર્ટ સમક્ષ સંપૂર્ણ સાફ હાથ સાથે આવ્યા નથી. તેથી તેમને આ અરજીમાં કોઇ વિશિષ્ટ રાહત આપી શકાય નહીં. આ કેસના અન્ય 39 આરોપીઓ કરતાં અરજદારને વિશિષ્ટ ટ્રીટમેન્ટ આપવાની પરવાનગી કોર્ટની અંતરઆત્મા આપતી નથી. જો તેમને કોઇ રાહત અપાશે તો સમાજમાં ખોટો સંદેશો જશે. તેથી તેમની અરજી રદ કરવામાં આવે છે. હાઇકોર્ટ સમક્ષ અરજદાર ચાવડા તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે વંથલી વિસ્તારમાં ઓઝત નદી છે અને એમાં માથાભારે તત્ત્વો ગેરકાયદે રીતે રેતીનું ખનન કરે છે. રેતીના ખનન માટે એક ઓપરેટરને લીઝ પણ આપવામાં આવી હતી. તેથી તેની સામે વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું હતું અને મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા. ત્યારે તેઓ હાઇવે બ્લોક કરી રહ્યાનો પોલીસ તરફથી અમને ફોન આવ્યો હતો. અમે ભીડને કાબૂમાં લેવાના પ્રયત્ન કર્યા હતા. આ ઘટનામાં પથ્થરમારો થયો હતો અને સુરક્ષાના કારણોસર પોલીસે અમને પોલીસ વાહનમાં બેસાડ્યા હતા. તેથી ભીડને એવું લાગ્યું કે અમારી ધરપકડ થઇ હતી અને તેથી મુશ્કેલી વધી હતી અને પથ્થરમારો વધ્યો હતો.

# છોટાઉદેપુરમાં ચૂંટણી પરિણામ બાદ બબાલ, બસપા અને ભાજપ કાર્યકરો આવ્યા સામ-સામે

(એજન્સી) અમદાવાદ | તા 18

આજે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામ જાહેર થયા છે અને મોટાભાગની સીટ પર ભારતીય જનતા પાર્ટીએ ભગવો લહેરાવ્યો છે. આ દરમિયાન છોટાઉદેપુરમાં ચૂંટણી પરિણામ બાદ બબાલ થઈ છે. છોટાઉદેપુરના નગરના પુરોહિત ફળિયામાં બસપા અને ભાજપના કાર્યકરો આમને સામને આવી ગયા છે

તમને જણાવી દઈએ કે છોટાઉદેપુર નગરપાલિકાના ચૂંટણીના પરિણામ આવ્યા અને જેમાં અપક્ષ ઉમેદવારે ચૂંટણી જીત્યા બાદ માહોલ ગરમાયો હતો. બસપા અને ભાજપના ઉમેદવારો આમને સામને રહેતા હોવાથી પુરોહિત ફળિયામાં કાર્યકરો સામ સામે આવી જતા આખરે પોલીસે વચ્ચે પડીને મામલો થાળે પાડ્યો છે. પોલીસે ઉકળતા ચરૂ જેવી સ્થિતીને કાબુમાં લીધી છે અને હાલમાં સમગ્ર વિસ્તારમાં



પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ વિસ્તારોમા પોલીસે કોઈ ઘટના ન બને તે માટે બંને પક્ષોને સમજાવવાનો પ્રયાસ કર્યો અને હાલ તો ટોળાને વિખેરવાના પોલીસના પ્રયાસો સફળ રહ્યા છે અને મામલો થાળે પડી ગયો છે. બીજી તરફ જૂનાગઢ મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી માટે 16 ફેબ્રુઆરીના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મતદાન પહેલા જ 3 અને 14 વોર્ડના ભાજપના તમામ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. જુનાગઢ મનપાના પરિણામ બાદ ચીત્તાખાના ચોક પાસે ભારે પથ્થરમારો થયાના સમાચાર સામે આવ્યા છે. વોર્ડ નં.8ના વિજેતા ઉમેદવારની રેલી પર પથ્થરમારો કરવામાં આવ્યો છે. ચીત્તાખાના ચોક પાસે વોર્ડ નં.8ના વિજેતા ઉમેદવારની રેલી નીકાળી હતી તે દરમિયાન પથ્થરમારો થયો હતો. પથ્થારમારામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઉલ્લેખનીય છે કે જૂનાગઢ મહાનગરપાલિકામાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. ભાજપના નેતા ગિરીશ કોટેચાના પુત્રની હાર થઈ છે. વોર્ડ નંબર-૯માં ગિરીશ કોટેચાના પુત્રની હાર થઇ છે. જૂનાગઢ મહાનગરપાલિકાની એક બેઠક અપક્ષના ખાતામાં જતી રહી છે. ગિરિશ કોટેચા જૂનાગઢ મનપાના પૂર્વ ડેપ્યુટી મેયર રહી ચૂક્યા છે.